RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 22-10-2026 I VOL : 12 I Issue : 217 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

સુવિચાર

જે વ્યક્તિ પોતાને જીતી લે છે, તે દુનિયાને જીતી શકે છે.

3  પાઈપલાઈનના સમારકામ માટે ખોદાયેલો મોટો ખાડો એક મહિનાથી 'જેમનો તેમ...

4  ખાખીનો ખોફ, ડેશિંગ અંદાજ અને લોકસેવા: અમદાવાદ ઝોન-6...

6  કિમ કાર્દાશિયન @46, ક્લોથિંગ સ્ટોર વર્કરથી બની ગ્લોબલ સ્ટાર

7  ઇન્ટરવ્યૂ દરમિયાન ઇમોશનલ થઈ હરમનપ્રીત કૌર

## એક નજર...

### રેડ લહેંગામાં પ્રકૃતિ પાવનીનો દેશી અને બોલ્ડ અવતાર



પ્રકૃતિ પાવની એક ભારતીય અભિનેત્રી મોડેલ અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર છે, જે મુખ્યત્વે હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં કાર્ય કરે છે. જાણીતી અભિનેત્રી પ્રકૃતિ પાવની આ તસવીરમાં ઘાટ્ટા લાલ રંગના એમ્બ્રોઇડરી વાળા ટ્રેડિશનલ લહેંગા અને મેચિંગ બ્લાઉઝમાં ખૂબ જ આકર્ષક અને ગ્લેમરસ પોઝ આપતી જોવા મળી રહી છે.

## NEWS TRACK

### ઇટાલી- સગીર તોડફોડ કરશે તો માતા-પિતાએ વળતર ચૂકવવું પડશે: હિંસક પ્રદર્શન પર ₹21 લાખનો દંડ

ઈટાલીમાં હિંસક પ્રદર્શન કરનારાઓને હવે 5 વર્ષ સુધીની જેલ અને લગભગ 21 લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. PM જ્યોર્જિયા મેલોનીની સરકારે મંગળવારે મિલાનમાં દુકાનોમાં લૂંટફાટ અને આગજની બાદ સુરક્ષાના નવા નિયમોને મંજૂરી આપી છે. નવા નિયમો હેઠળ સગીરોએ કરેલા નુકસાનની ભરપાઈ તેમના માતા-પિતાએ કરવી પડશે. સાથે જ, 14 વર્ષથી વધુ ઉંમરના બાળકો સામે કેસ ચલાવવો સરળ બનશે. સરકારે મિલાનમાં સુરક્ષા વધારવા માટે વર્ષના અંત સુધીમાં 500 વધારાના સૈનિકો તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. વડાપ્રધાન મેલોનીએ સોશિયલ મીડિયા પર જાહેર કરાયેલા વીડિયોમાં જણાવ્યું કે હિંસામાં આટલી મોટી સંખ્યામાં યુવાનોનું સામેલ થવું દુ:ખદ અને ભયજનક છે. તેમણે કહ્યું, 17 ઑક્ટોબરે યોજાયેલા પ્રદર્શનમાં ઘણા યુવાનો વસ્તુઓ તોડવા, ચોરી કરવા અને આવું કરતાં પોતાનો વીડિયો બનાવવા આવ્યા હતા. મેલોનીના જણાવ્યા અનુસાર, આ સમસ્યાનો ગંભીરતાથી સામનો કરવો જરૂરી છે.

### સ્વર્ગનું સપનું બતાવીને 190 બાળકોને ભૂખે માર્યા: કેન્યામાં ધર્મગુરુ દોષિત જાહેર

કેન્યામાં ધર્મના નામે બાળકોને ભૂખ્યાં રાખીને મારી નાખવાના મામલામાં ધર્મગુરુ પૉલ મેકેન્ઝી અને તેના લગભગ 30 સાથીઓને દોષિત ઠેરવ્યા છે. રૉયટર્સના જણાવ્યા અનુસાર, મેકેન્ઝીએ લોકોને કહ્યું હતું કે દુનિયા ખતમ થાય તે પહેલાં ભૂખ્યા રહેવાથી તેઓ સ્વર્ગમાં પહોંચી જશે. આ મામલામાં 190 બાળકો અને એક પુખ્ત વયના વ્યક્તિનું મૃત્યુ થયું હતું. હવે 6 નવેમ્બરે સજા સંભળાવવામાં આવશે. મેકેન્ઝી જે શાકાહોલા જંગલમાં રહેતો હતો, ત્યાં પોલીસને સામૂહિક કબરોની માહિતી મળી હતી. ત્યાર બાદ મૃતદેહો બહાર કાઢવાનું કામ શરૂ થયું. અત્યાર સુધીમાં અહીં 400થી વધુ મૃતદેહો મળી આવ્યા છે. સોમવારે અદાલતે 191 મોતના મામલામાં ચુકાદો સંભળાવ્યો, જ્યારે બાકીનાં મોતની તપાસ હજુ ચાલુ છે. સરકારી વકીલો મુજબ, મેકેન્ઝી ગુડ ન્યૂઝ ઈન્ટરનેશનલ ચર્ચ દ્વારા ઈસાઈ ધર્મના નામે એક એવું જૂથ ચલાવતો હતો, જે દુનિયાના અંતની વાત કરતું હતું. રોયટર્સ મુજબ, તેણે લોકોને ભૂખ્યા રાખીને મારવાની યોજના ત્રણ તબક્કામાં બનાવી હતી.

## રિજિજુ મારફતે PM વિપક્ષને જવાબ આપે છે, જ્ઞાનેશ કુમારની જેમ તેમનો ઉપયોગ કરી રહ્યા છે

# મહિલા અનામત લાગુ કરો, સીમાંકનની કેમ રાહ જુઓ છો: ખડગે

નવી દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ બુધવારે કર્ણાટકના કલબુર્ગીમાં મહિલા અનામત, સીમાંકન અને ચૂંટણી સુધારા અંગે સરકારના વલણ પર સવાલ ઉઠાવ્યા. ખડગેએ કહ્યું કે કોંગ્રેસની લડાઈ સત્તા માટે નહીં, પરંતુ લોકશાહી અને બંધારણને બચાવવા માટે છે.

તેમણે કહ્યું- સરકાર લોકસભાની હાલની બેઠકોના આધારે મહિલાઓને 33% અનામત હમણાં જ લાગુ કરી શકે છે. તેના માટે સીમાંકનની રાહ જોવાની શું જરૂર છે? તેમણે પીએમ નરેન્દ્ર મોદી પર વિપક્ષને બદનામ કરવાનો આરોપ લગાવ્યો.

ખડગેએ કેન્દ્રીય સંસદીય કાર્યમંત્રી કિરણ રિજિજુ પર ટિપ્પણી કરતાં કહ્યું- વડાપ્રધાન વિપક્ષના નેતાઓના પત્રોનો પોતે જવાબ આપતા નથી, પરંતુ અન્ય લોકો મારફતે જવાબ મોકલાવે છે. પીએમએ રિજિજુને વાસ્તવિક અધિકારો આપ્યા નથી. જ્ઞાનેશ કુમારની જેમ તેમનો ઉપયોગ મધ્યસ્થી તરીકે કરી રહ્યા છે. 1. EVM હટાવીને બેલેટ પેપરથી ચૂંટણી કરાવવાની માગ: ખડગેએ EVMની જગ્યાએ બેલેટ પેપરથી ચૂંટણી કરાવવા અને મતદાર યાદીમાં ગડબડી રોકવા માટે દેખરેખ વધારવાની માગ કરી. તેમણે કહ્યું કે નિષ્પક્ષ ચૂંટણી થવી જરૂરી છે. બંધારણ એ નક્કી કરતું નથી કે કોંગ્રેસ અથવા કોઈ અન્ય પાર્ટીએ જ જીતવું જોઈએ. કોંગ્રેસ લોકશાહી અને બંધારણને બચાવવા



માટે લડી રહી છે.

2. સીમાંકન ખરડા પર વિપક્ષની સહમતિ ન લેવાનો આરોપ: ખડગેએ કહ્યું કે સરકારે એપ્રિલ 2026માં સીમાંકન સાથે સંબંધિત બંધારણીય સુધારા ખરડો ઓછા સમયમાં અને વિપક્ષની સહમતિ વિના લાવવાનો પ્રયાસ કર્યો. તેમણે મોટા બંધારણીય ફેરફારો પહેલાં તમામ પક્ષો સાથે ચર્ચા કરવા અને સર્વપક્ષીય બેઠક બોલાવવાની માગ કરી.

3. ચૂંટણી કમિશનરોને કાનૂની રક્ષણ આપતો કાયદો હટાવવાની માગ: ખડગેએ મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર અધિનિયમ, 2023ની કલમ 16 હટાવવાની માગ કરી. આ કલમ હેઠળ ચૂંટણી કમિશનરોને તેમની સત્તાવાર કામગીરી સાથે જોડાયેલા કેટલાક મામલાઓમાં કાનૂની રક્ષણ મળે છે.

ખડગેએ આરોપ લગાવ્યો કે તેનાથી તેમની જવાબદારી ઓછી થાય છે. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવા, જૂની વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા અને મતદાર યાદીમાં થતા ફેરફારોની દેખરેખ વધારવાની માગ કરી.

રિજિજુએ કહ્યું હતું- વિપક્ષનો ઘણી વખત સંપર્ક કર્યો લોકસભાની બેઠકો વધારવા સાથે જોડાયેલા 3 વિધેયકો 17 એપ્રિલે જરૂરી બે-તૃતીયાંશ બહુમતી ન મળવાને કારણે પસાર થઈ શક્યા નહોતા. આ મુદ્દે ખડગેએ પ્રધાનમંત્રીને 11 એપ્રિલ, 16 જુલાઈ, 27 ઓગસ્ટ અને 16 ઓક્ટોબર 2026ના રોજ પત્રો લખ્યા હતા. કેન્દ્રીય સંસદીય કાર્યમંત્રી કિરણ રિજિજુએ 19 ઓક્ટોબરે ખડગેના પત્રનો જવાબ આપતાં કહ્યું હતું કે સરકારે દરખાસ્ત પર ચર્ચા કરવા માટે વિપક્ષનો અનેક વખત સંપર્ક કર્યો હતો.

## વિકાસના પોકળ દાવાઓ વચ્ચે શેરબજારમાં રોકાણકારોની કરોડોની મૂડી સ્વાહા

### ભાજપ સરકારની આર્થિક નીતિઓ સામે વિપક્ષનો હોબાળો: 100ના 90 રૂપિયા થઈ ગયા, મનમોહન સિંહના શાસનની યાદ અપાવી માફી માંગવા માંગ!

નવી દિલ્હી

ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા દેશના અર્થતંત્રને લઈને કરવામાં આવતા મોટા-મોટા દાવાઓ અને વાસ્તવિકતા વચ્ચેનો વિરોધાભાસ હવે સપાટી પર આવી ગયો છે. સત્તાધારી પક્ષ દ્વારા દેશનું અર્થતંત્ર ટ્રિલિયન ડોલરે પહોંચવાના અને 'વિકાસની હરણફાળ' ભરવાના દાવા કરવામાં આવી રહ્યા છે, પરંતુ બીજી તરફ શેરબજારમાં સામાન્ય અને મધ્યમ વર્ગના રોકાણકારોની કમાણીનું ધોવાણ થઈ રહ્યું હોવાના સણસણતા આક્ષેપો સાથે વિપક્ષે સરકાર સામે મોરચો મંડ્યો છે.

વૈશ્વિક બજારો કમાણી કરાવી રહ્યા છે અને ભારતમાં રોકાણકારો પાયમાલ! સરકારની અણઆવડત અને આર્થિક નીતિઓને આડેહાથ લેતા આંકડાકીય સરખામણી રજૂ કરવામાં આવી છે, જે ચોંકાવનારી છે. ૯ ઓક્ટોબર ૨૦૨૪ થી ૯ ઓક્ટોબર ૨૦૨૬ વચ્ચેના બે વર્ષના ગાળામાં વિશ્વના અન્ય દેશોના શેરબજારમાં રોકાણકારોની મૂડીમાં મજબૂત વધારો નોંધાયો છે, જ્યારે ભારતમાં રોકાણકારોના પૈસા ધોવાઈ ગયા છે: સાઉથ કોરિયા: ૧૦૦ ના રોકાણ સામે ૨૫૫.૪૦ થયા. તાઈવાન: ૧૦૦ ના રોકાણ સામે ૨૫૫.૧૦ થયા. જાપાન અને બ્રાઝિલ: ૧૦૦ ના થઈ ગયા ૧૭૫. સિંગાપુર: ૧૦૦ નું મૂડીરોકાણ વધીને ૧૫૦ એ પહોંચ્યું. ભારત (નિફ્ટી): ૧૦૦ ના ઘટીને સીધા ૯૦.૧૫ થઈ ગયા! ભારત (સેન્સેક્સ): ૧૦૦ ના ઘટીને ચોંકાવનારી રીતે ૮૮.૯૬ થઈ ગયા! આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે શેરબજારો નવી ઊંચાઈઓ સર કરી રહ્યા છે, ત્યારે ભારતમાં સ્થાનિક રોકાણકારો અને નાના નાગરિકોની કષ્ટોથી કમાયેલી મૂડી સતત ઘટી રહી છે.

## 'હિંમત હોય તો સાબરમતીથી લૉરેન્સ બિશ્નોઈને કાઢી બતાવો', ઉદ્ધવ ઠાકરેનો ફડણવીસને ખુલ્લો પડકાર!



મુંબઈ

શિવસેના(UBT)ના વડા અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ દશેરા રેલીમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સહિત ભાજપના નેતાઓ પર આકરા પ્રહાર કર્યા હતા. મુંબઈના દાદર સ્થિત ઐતિહાસિક શિવાજી પાર્કમાં યોજાયેલી રેલીમાં તેમણે લોરેન્સ બિશ્નોઈનો મુદ્દો ઉઠાવી ફડણવીસને પડકાર ફેંક્યો હતો. આ ઉપરાંત મહારાષ્ટ્રની કાયદો-વ્યવસ્થાની સ્થિતિ, અભિનેતા ટાઈગર શ્રોફ પર થયેલા હુમલા અને 'અર્બન નક્સલવાદ'ના દાવા અંગે પણ રાજ્ય સરકારને ઘેરીને ઝાટકણી કાઢી હતી. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે સાબરમતી જેલમાં બંધ લોરેન્સ બિશ્નોઈના સાગરીતો પાસે 70 હજાર શૂટર હોવાનો દાવો કરવામાં આવે છે. તેમણે ફડણવીસને પડકારતાં કહ્યું હતું કે જો તેમનામાં ખરેખર હિંમત હોય તો સાબરમતી જઈને દિલ્હીમાં બેઠેલા પોતાના બોસની સામે લોરેન્સ બિશ્નોઈને બહાર કાઢીને બતાવે. ત્યાર પછી જ મોટી-મોટી વાતો કરવી જોઈએ.

## જેફ્રી એપસ્ટિન ફાઈલ્સ અને કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીની તસવીરો પર દેશભરમાં રાજકીય ભૂકંપ

### વિપક્ષના ગંભીર આક્ષેપો સામે કેન્દ્ર સરકાર અને મંત્રીનો પક્ષ!

નવી દિલ્હી

અંતરાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં રહેલા અને કુખ્યાત સેક્સ ઓફેન્ડર જ્યોર્જ/જેફ્રી એપસ્ટિન (Jeffrey Epstein) ના પ્રકરણમાં યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ (US DOJ) દ્વારા જાહેર કરવામાં આવેલી નવી ફાઈલ્સ અને તસવીરોએ ભારતીય રાજકારણમાં મોટોડાખોડો મચાવી દીધો છે. આ મામલે ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીના નામ અને તસવીરો સામે આવતા વિપક્ષી પક્ષોએ કેન્દ્ર સરકાર સામે આક્રમક તેવર અપનાવ્યા છે.



#### વિપક્ષના પ્રહારો અને રાહુલ ગાંધીના ગંભીર આક્ષેપો

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિતના વિપક્ષી નેતાઓએ આ મુદ્દે કેન્દ્ર સરકાર અને ભાષણ પર આકરા પ્રહારો કર્યા છે. વિપક્ષનું કહેવું છે કે વૈશ્વિક સ્તરે બાળો અને મહિલાઓના શોષણ માટે કુખ્યાત એવા વ્યક્તિ સાથે ભારતીય મંત્રીની મુલાકાતો અને ઈમેલ વ્યવહારો દેશની છબીને ખલનાયક સમાન ડાઘ લગાડનારા છે. વિપક્ષ દ્વારા એવા પણ આક્ષેપો કરાઈ રહ્યા છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે દબાણો અને ગુપ્ત દસ્તાવેજોના કારણે વિદેશી નીતિઓમાં અસમંજસતા જોવા મળી રહી છે. કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીનો ખુલાસો: 'મુલાકાતો વ્યાવસાયિક અને સત્તાવાર પ્રતિનિધિ મંડળના ભાગ રૂપે હતી' આ વિવાદ વણસતા કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ પ્રેસ કોન્ફરન્સ યોજીને તમામ આક્ષેપોને ફગાવી દીધા હતા અને સ્પષ્ટતા કરી હતી કે આ મુલાકાતો સાથે કોઈ પણ ગેરકાયદેસર કે અપરાધિક પ્રવૃત્તિઓનો કોઈ સંબંધ નથી. તેઓ જ્યારે ઈન્ટરનેશનલ પીસ ઈન્સ્ટિટ્યૂટ (IPI) સાથે સંકળાયેલા હતા, ત્યારે સત્તાવાર પ્રતિનિધિ મંડળ (Delegation) ના ભાગરૂપે જ કેટલાક લોકો સાથે બેઠકો થઈ હતી.

# સરકારી દારૂબંધીના પોકળ દાવા વચ્ચે પાટણમાં દેશી દારૂનો મોટો પર્દાફાશ: ઊંટવાડા ગામમાં ધમધમતી ભઠ્ઠીઓનો દેશી દારૂ પીવાથી એક વ્યક્તિનું શંકાસ્પદ મોત!

## હપ્તાખોરી અને પોલીસની મહેરબાનીથી ખુલ્લેઆમ ચાલતા કાળા કારોબારે લીધો એક નિર્દોષનો જીવ? બનાવ બાદ તંત્રમાં દોડધામ, ગ્રામજનોમાં સત્તાધીશો અને બુટલેગરો સામે આક્રોશનો જ્વાળામુખી!

પાટણ / સરસ્વતી

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ અમલી હોય અને જમીની હકીકતમાં બુટલેગરો માટે ખુલ્લો દોર હોય તેવો વધુ એક અત્યંત ચિંતાજનક અને ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકામાં આવેલા ઊંટવાડા ગામમાં બેફામ અને બેરોકટોક ચાલી રહેલી દેશી દારૂની ભઠ્ઠીઓમાંથી ઝેરી દેશી દારૂ પીવાના કારણે એક સ્થાનિક વ્યક્તિનું શંકાસ્પદ સંજોગોમાં કરૂણ મોત નીપજ્યું હોવાની આશંકાથી સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે ચકચાર મચી જવા પામી છે.

### ગામમાં ધમધમતી લાલિયાવાડી અને ખાખીની શંકાસ્પદ ચૂપકીદી!

સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સરસ્વતી તાલુકાના ઊંટવાડા ગામ અને તેની આસપાસના સીમ વિસ્તારોમાં લાંબા સમયથી દેશી દારૂની ગેરકાયદેસર ભઠ્ઠીઓ ફાટી નીકળી છે. સ્થાનિક રહીશો દ્વારા અગાઉ પણ તંત્રને અને પોલીસને આ ગેરકાયદે પ્રવૃત્તિ અંગે વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ હપ્તાખોરી અને અગમ્ય કારણોસર સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા કોઈ જ આકરાં પગલાં લેવામાં આવ્યા નહોતા.

પોલીસના આ પીઠબળ અને ઢીલા વલણના કારણે પ્રોહિબિશનના નિયમોના ધજાગરા ઉડાવીને બુટલેગરો બેફામ બન્યા હતા અને ગામના અનેક યુવાનો તથા વડીલોને દારૂના દૂષણમાં ધકેલી રહ્યા હતા.

### દેશી દારૂ પીધા બાદ તબિયત બગડી અને ક્ષણવારમાં જીવ ગયો!

ગામમાં બનેલી આ સણસણતી ઘટનામાં મૃતક વ્યક્તિએ આ ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી પરથી દારૂ આરોગ્યો હતો. દારૂ પીધાના થોડા જ સમયમાં તેની તબિયત અચાનક લથડી હતી અને ગંભીર શારીરિક તકલીફો ઊભી થઈ હતી. પરિજનો દ્વારા તેને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરાઈ તે પહેલાં જ તેનું શંકાસ્પદ સંજોગોમાં કરૂણ મોત નીપજ્યું હતું.

આ બનાવની જાણ થતાં જ ગ્રામજનો એકઠા થઈ ગયા હતા અને આ મોત પાછળ ઝેરી કે રાસાયણિક મિશ્રણવાળો દેશી દારૂ જ જવાબદાર હોવાનો સીધો આક્ષેપ લગાવવામાં આવ્યો છે.

### પ્રજાના તીખા સવાલો: હવે તો જાગો હપ્તાખોર અધિકારીઓ!

આ કમકમાટીભર્યા બનાવ બાદ પાટણ જિલ્લાની જનતા અને સ્થાનિકોમાં પોલીસ તંત્ર સામે ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે:

૧. શું પાટણ પોલીસ અને સરસ્વતી પોલીસ સ્ટેશનના અધિકારીઓને ઊંટવાડા ગામમાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠીઓની જાણ નહોતી? ૨. નિર્દોષ નાગરિકનો જીવ ગયા પછી જ પોલીસ જાગશે? શું કોઈ મોટો 'લઠ્ઠાકાંડ' સર્જાય તેની રાહ જોવાઈ રહી હતી? ૩. આ ગેરકાયદેસર ભઠ્ઠીઓ



ચલાવનાર અસામાજિક બુટલેગરો અને તેમને છાવરતા જવાબદાર પોલીસકર્મીઓ સામે હત્યાનો ગુનો નોંધીને કડક કાર્યવાહી કરવામાં આવશે કે કેમ?

### પોલીસની દોડધામ: પદાર્થોના સેમ્પલ અને પીએમ રિપોર્ટ પર નજર

બનાવની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપીને મોતનું સાચું કારણ જાણવા માટે વિસેરા લેબમાં મોકલવાની તજવીજ હાથ ધરાઈ છે. બીજી તરફ, બનાવ બાદ ઊંટવાડા ગામ અને આસપાસના વિસ્તારોમાં દારૂના અડ્ડાઓ પર દરોડા પાડવાનું નાટક શરૂ કરી દેવામાં આવ્યું છે. પરંતુ જનતા હવે માત્ર આંકડાકીય કાગળિયાથી સંતોષ માનવાના મૂડમાં નથી; કાયમી ધોરણે ભઠ્ઠીઓ બંધ થાય અને દોષિતો જેલના સળિયા પાછળ જાય તેવી પ્રબળ માગ ઉઠી છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# વડોદરાના અટલ બ્રિજ પર બેફામ ડમ્પરનો તાંડવ: 21 વર્ષીય યુવતી હેતવી માંડગે ડમ્પરના પૈડાં નીચે કચડાઇ

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના રસ્તાઓ હવે વાહનચાલકો માટે રક્તરંજિત અને કાળમુખા સાબિત થઈ રહ્યા છે. શહેરના અતિ વ્યસ્ત અને પ્રતિષ્ઠિત ગણાતા અટલ બ્રિજ પર અકસ્માતની વધુ એક અત્યંત કરુણ અને કમકમાટીભરી ઘટના સામે આવી છે. વડીવાડી ફાયર સ્ટેશન પાસે બ્રિજ પરથી પોતાની ટુ-વ્હીલર લઈને પસાર થઈ રહેલી એક નિર્દોષ યુવતીને બેફામ સ્પીડે આવી રહેલા રેતી-માટીના કાળમુખા ડમ્પરે અડફેટે લેતા અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત ગંભીર વિગતો અનુસાર, આ ગોઝારા અકસ્માતમાં મૃતક યુવતીની ઓળખ ૨૧ વર્ષીય હેતવી જીતેન્દ્ર માંડગે તરીકે થઈ છે. હેતવી વડોદરાના દિવાળીપુરા વિસ્તારમાં આવેલા હાથીભાઈનગર, મારુતિધામ ખાતે રહેતી હતી.

જ્યારે તે અટલ બ્રિજ પરથી પસાર થઈ રહી હતી ત્યારે પુરઝડપે ધસી આવેલા ડમ્પર ચાલકે તેની ટુ-વ્હીલરને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો વિકરાળ હતો કે ટક્કર બાદ હેતવી નીચે પટકાઈ હતી અને ડમ્પરનું તોતિંગ પાછળનું પૈડું તેના શરીર પર ફરી વળ્યું હતું. ડમ્પર નીચે કચડાઈ જવાથી હેતવીનું ઘટનાસ્થળે જ તરફડિયા મારીને દર્દનાક અને કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ અકસ્માતને જોઈને બ્રિજ પરથી પસાર થતા અન્ય વાહનચાલકોના કાળજા કંપી ગયા હતા અને આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી.

# ડભોઇના કડોદરા ગામે હાહાકાર: 55 વર્ષીય આધેડ રહસ્યમય સંજોગોમાં ગુમ

ડભોઇ/કડોદરા

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાંથી એક અત્યંત ચિંતાજનક અને રહસ્યમય ઘટના સામે આવી છે. ડભોઈ તાલુકાના કડોદરા ગામે રહેતા ૫૫ વર્ષીય આધેડ અચાનક શંકાસ્પદ સંજોગોમાં ગુમ થઈ જતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. કડોદરા-ગોજાલી બ્રિજ નીચેથી ગુમ થયેલા આધેડના કપડાં મળી આવતાં તેઓ નદીના ઊંડા પાણીમાં ડૂબી ગયા હોવાની પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જેને પગલે સ્થાનિક પોલીસ અને ફાયર વિભાગની ટીમે મોટા પાયે શોધખોળ અભિયાન હાથ ધર્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ડભોઈ તાલુકાના કડોદરા ગામના બારીયા ફળિયામાં રહેતા ૫૫ વર્ષીય મકબુલભાઈ મહંમદભાઈ ગરાસીયા ગતરોજ અચાનક પોતાના ઘરેથી રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ ગયા હતા. પરિવારજનો દ્વારા તેમની આસપાસ અને સગા-સંબંધીઓમાં ભારે શોધખોળ કરવામાં આવી હતી, પરંતુ કલાકો વીતી જવા છતાં તેમનો કોઈ જ અત્તોપત્તો કે ભાળ મળી નહોતી. પરિવારની ચિંતા ત્યારે ચરમસીમાએ પહોંચી જ્યારે ગામના પાદરે આવેલા બ્રિજ પાસેથી ચોંકાવનારી વિગતો સામે આવી.

શોધખોળ દરમિયાન કડોદરા-ગોજાલી બ્રિજ નીચેથી પસાર થતી દેવ-ઢાઢર નદીના કિનારેથી મકબુલભાઈના કપડાં મળી આવ્યા હતા. નદીના પટમાંથી કપડાં મળી આવતા જ પરિજનો અને ગ્રામજનોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા.

# "અહીં કોઇ ચૈતર બૈતર ચાલે નહીં!" સંગ્રામસિંહ રાઠવાના વિવાદાસ્પદ નિવેદન પર AAP નેતા વિનુભાઇ રાઠવાના લાલઘૂમ પ્રહારો

છોટાઉદેપુર

ગુજરાતના રાજકારણમાં આદિવાસી પટ્ટા પર આધિપત્ય જમાવવાની લડાઈ હવે અત્યંત આક્રમક અને વ્યક્તિગત ટાકાટિપ્પણીઓ પર ઉતરી આવી છે. છોટાઉદેપુર પંથકમાં ભાજપ અને આમ આદમી પાર્ટી (AAP) ના દિગ્ગજ નેતાઓ વચ્ચે શાબ્દિક યુદ્ધ ચરમસીમાએ પહોંચ્યું છે. ભાજપના નેતા સંગ્રામસિંહ રાઠવા દ્વારા આપ નેતા ચૈતર વસાવા અને પાર્ટીને ઉદ્દેશીને આપવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદન 'અહીં કોઈ ચૈતર બૈતર ચાલે નહીં' સામે હવે આમ આદમી પાર્ટીના આક્રમક નેતા વિનુભાઈ રાઠવા મેદાને આવ્યા છે અને સંગ્રામસિંહ રાઠવા પર અત્યંત ઘાતક તથા જોરદાર પલટવાર કરતા તેમને સીધી માનસિક તપાસ કરાવવાની ચીમકી આપી દીધી છે.

થોડા દિવસો પહેલાં છોટાઉદેપુર વિસ્તારમાં એક જાહેર કાર્યક્રમ કે નિવેદન દરમિયાન ભાજપના નેતા સંગ્રામસિંહ રાઠવાએ આપના યુવા અને લોકપ્રિય આદિવાસી નેતા ચૈતર વસાવા તેમજ આમ આદમી પાર્ટીના વધતા પ્રભાવ પર કટાક્ષ કરતા આડેહાથ લીધા હતા. તેમણે દાવો કર્યો હતો કે આ પંથકમાં કે ગુજરાતમાં 'ચૈતર કે બૈતર' જેવું કોઈનું રાજ ચાલવાનું નથી અને અહીં માત્ર ભાજપનો જ દબદબો રહેશે. આ ઘમંડભર્યા નિવેદને આદિવાસી સમાજ અને આપ કાર્યકર્તાઓમાં ભારે રોષ ફેલાવ્યો હતો.

# સેક્ટર-5માં ઘર પાસે રમતા બાળકને પૂરઝડપે આવતી કારે અડફેટે લીધો...

ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર-5 મહાકાળી મંદિર પાસે ઘર આંગણે સાયકલ ચલાવી રહેલા પાંચ વર્ષના બાળકનું પૂરપાટ ઝડપે આવી રહેલી કારના ટાયર નીચે કચડાઈ જવાથી ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. આ દુર્ઘટનાના પગલે મૃતક બાળકના પરિવારજનો પર આભ ફાટી પડ્યું છે. આ અંગે સેક્ટર 7 પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગરના સેક્ટર-5 વિસ્તારમાં રહેતા રાકેશ કડવાકરનો પાંચ વર્ષીય પુત્ર દેવાંશ પોતાના ઘરની આસપાસ નાની સાયકલ લઈને ફરી રહ્યો હતો. દરમિયાન મહાકાળી મંદિરની નજીક પહોંચતા અચાનક દેવાંશનું પોતાની સાયકલ પરથી સંતુલન બગડી ગયું હતું. જેથી તે સાયકલ સમેત સીધો રોડ પર નીચે પટકાયો હતો. એજ ઘડીએ પૂરપાટ ઝડપે ધસી આવતી એક કારના ચાલકને રોડ પર પડેલા બાળકને સમયસર જોઈ શકવામાં નિષ્ફળતા સાંપડી હતી. કાળ બનીને આવેલી આ કાર એટલી ઝડપમાં હતી કે ડ્રાઈવર બ્રેક મારે કે વાહન પર કાબૂ મેળવે તે પહેલાં જ દેવાંશ કારની ચપેટમાં આવી ગયો હતો. કારના ટાયરો માસૂમના માથાના ભાગ ઉપરથી ફરી વળ્યા હતા.

## NPCIની નવી ગાઇડલાઇનથી વેપારીઓ અને આમ જનતામાં ચિંતા

# સાધુના વેશમાં હવસનો સોદાગર: જૈન સંત સાગરચંદ્ર સાગરના કથિત કાળા કારનામાથી જૈન સમાજમાં ભારે રોષ!




અમદાવાદ/મધ્યપ્રદેશ

ધર્મ અને આધ્યાત્મની પવિત્ર ભૂમિ પર જ્યારે કોઈ સફેદ વેશ કે સાધુના નામે કલંકરૂપ બને છે, ત્યારે આસ્થા ડહળી જાય છે. જૈન સમાજને અંદરથી હચમચાવી દેનારો એક અત્યંત સનસનીખેજ મામલો સામે આવ્યો છે, જ્યાં સાગરચંદ્ર સાગર નામના તથકથિત સાધુની આડમાં રચાતા કાળા કારનામાઓની પરતો એક પછી એક ખુલી રહી છે. જૈન સંતોની ગરિમાને કલંકિત કરતા આ પાત્રની પ્રવૃત્તિઓએ સમગ્ર પંથકમાં ચકચાર મચાવી દીધી છે.

### દીક્ષાની આડમાં કરોડોનું સામ્રાજ્ય અને દાનના ધૂમાડા!

જૈન પરંપરામાં દીક્ષાનો અર્થ મોહ-માયા અને સંસારનો ત્યાગ હોય છે, પરંતુ સાગરચંદ્ર સાગર માટે દીક્ષા એટલે કરોડો રૂપિયા કમાવવાનો ધંધો બની ગયો હોવાનો ગંભીર આક્ષેપ છે. આક્ષેપ છે કે મળતા બેહિસાબ દાન અને ચઢાવાના નાણાંનો ઉપયોગ ધર્મ કે સમાજ સેવાને બદલે અંગત એશો-આરામ અને રંગરેલિયા પાછળ પાણીની જેમ વહાવવામાં આવી રહ્યો છે. સમાજની પરસેવાની કમાણી અને શ્રદ્ધાના ધનના આવા દુરુપયોગથી લોકોમાં ઉકળાટ વ્યાપી ગયો છે.

### સાધ્વી બહેનોને ફસાવવાના ગંભીર અને ઘૃણાસ્પદ આક્ષેપો

હદ તો ત્યારે પાર થઈ જાય છે જ્યારે સંયમ માર્ગ પર ચાલતી માસૂમ સાધ્વીઓને આ પાત્ર પોતાની જાળમાં ફસાવતું હોવાના દાવા થાય છે. પોતાની હવસ સંતોષવા માટે વીડિયો કૉલ અને અયોગ્ય હરકતો કરવાના આક્ષેપોએ જૈન સમાજની બહુ-દીકરીઓની સુરક્ષા પર ગંભીર સવાલો ખડા કર્યા છે. સમાજની પવિત્ર સંસ્કૃતિને આ કૃત્યથી ડાઘ લાગ્યા હોવાની ચર્ચા જોરો પર છે.

### સત્ય છુપાવવા માટે 'સોશિયલ મીડિયા ટીમ' સક્રિય!

આ તમામ ભાંડો ફૂટે નહીં તે માટે એક ખાસ પેઇડ સોશિયલ મીડિયા ટીમ રાખવામાં આવી હોવાનું પણ સામે આવ્યું છે. જ્યારે પણ આ કથિત 'રાસલીલા' કે કાળા કારનામાઓ બહાર આવે છે, ત્યારે આ સેલેરી પર પલતી ટીમ તરત મેદાનમાં આવીને ખંડન જારી કરે છે અને સત્ય પર પડદો નાખવાનો પ્રયાસ કરે છે. જો કે, સામે આવેલા ડિજિટલ પુરાવાઓએ આ જૂઠાણાની પોલ ખોલી નાખી છે.

### હવે મધ્યપ્રદેશ તરફ પગલાં: શું ત્યાંની દીકરીઓ જોખમમાં છે?

ગુજરાત બાદ હવે આ કુસાધુએ પોતાના કાળા કારનામાઓનો વ્યાપ મધ્યપ્રદેશ તરફ વધાર્યો છે. આ ખબર સામે આવતા જ મધ્યપ્રદેશના જૈન પરિવારોમાં ભારે દહેશત અને સન્નાટો છવાઈ ગયો છે. લોકો ડરી રહ્યા છે કે આ બહુરૂપિયો ક્યાંક ત્યાંની ભોળી-ભાળી મહિલાઓને પોતાના જાળમાં ન ફસાવી લે.

**સમાજનો સખત અલ્ટીમેટમ:**
**'પાક્કો ગુજરાત'ના અહેવાલ મુજબ જૈન સમાજ અને જનતાની માંગ બિલકુલ સ્પષ્ટ છે:**

1. આવા પાખંડીએ તાત્કાલિક સાધુનો પવિત્ર વેશ છોડી દેવો જોઇએ જેથી સમાજ અને સાધ્વીઓની આબરૂ સુરક્ષિત રહે.
2. આના કાળા કારનામાના પુરાવા સામે આવી ચૂક્યા છે, તેથી તે જનતાના આક્રોશથી બચી નહીં શકે.
3. જો જરાય નૈતિકતા બચી હોય, તો દલાલો પાછળ છુપાઇને નિવેદનો આપવાને બદલે ખુદ સામે આવીને સવાલોના જવાબ આપવા જોઇએ.

જૈન સમાજ હવે મૂકબધ્ધ બેસવાનો નથી—કુસાધુઓનો સંપૂર્ણ બહિષ્કાર જ આ કલંકનો એકમાત્ર ઈલાજ છે!

## કાનૂન બધા માટે સરખો છે કે માત્ર સામાન્ય જનતા માટે?

# દમણથી દારૂ ભરીને ભાગતા સુરત પોલીસના ચાર 'ખાખીધારી' કોન્સ્ટેબલોએ નવસારી LCB પર કર્યો હુમલો!

રક્ષક જ ભક્ષક બન્યાના ચકચારી પ્રકરણમાં પાંચેય આરોપીઓ જેલ હવાલે, ચારેય ખાઉધરા પોલીસકર્મીઓ સસ્પેન્ડ!

નવસારી / સુરત

ગુજરાતમાં દારૂબંધીના કડક કાયદાના દાવાઓ વચ્ચે રક્ષક જ જ્યારે ભક્ષક બની બેસે ત્યારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કેટલી હદે પોકળ બની ગઈ છે તેની સાબિતી આપતો એક અત્યંત શરમજનક અને ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના એંધલ ગામ પાસે દમણથી ઈંગ્લિશ દારૂનો જથ્થો ભરીને કાળા કારોબારમાં સક્રિય બનેલા સુરત શહેર ટ્રાફિક પોલીસના ચાર ખાખીધારી કોન્સ્ટેબલો સહિત પાંચેય કુખ્યાત શખ્સોને નવસારી લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમે રંગેહાથ દબોચી લીધા છે. પોલીસકર્મીઓ દ્વારા જ પોલીસ પર હુમલો કરીને જાનથી મારી નાખવાની ધમકી આપવાના આ પ્રકરણે સમગ્ર રાજ્યના પોલીસ બેડામાં ભૂકંપ સર્જી દીધો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, નવસારી LCB માં ફરજ બજાવતા કોન્સ્ટેબલ તાહિરઅલી શાહબુદ્દીનભાઈ સમા ગત શનિવારની રાત્રે આશરે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં હાઈવે પર પોતાની ટીમ સાથે સઘન વાહન ચેકિંગ અને નાકાબંધીમાં હતા. તે દરમિયાન દમણ તરફથી શંકાસ્પદ હાલતમાં પૂરઝડપે હંકારીને આવી રહેલી એક સ્વીફ્ટ કારને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પરંતુ, કાર અટકાવતા જ અંદર બેઠેલા શખ્સોએ પોતાની ઓળખ સુરત પોલીસના કર્મચારી તરીકે આપીને રોફ જમાવવાનો પ્રયાસ કર્યો હતો. એટલું જ નહીં, કાયદાની કિંમત ન સમજતા આ ખાખીધારી બુટલેગરોએ ફરજ પરના LCB કોન્સ્ટેબલ પર ઉશ્કેરાઈને હુમલો કરી દીધો હતો અને 'તમને જાનથી પતાવી દઈશું' તેવી ઘાતક ધમકીઓ આપીને પોલીસકર્મીઓની વર્દી પર ડાઘ લગાવવાનું કૃત્ય કર્યું હતું.

આ ગંભીર ઘટનાની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ દોડતા થઈ ગયા હતા. તપાસમાં ખુલાસો થયો કે પકડાયેલા શખ્સોમાં ખુદ સુરત શહેર ટ્રાફિક પોલીસમાં ફરજ બજાવતા ચાર કોન્સ્ટેબલો મુખ્ય સૂત્રધાર તરીકે સામેલ છે. કાયદાના રક્ષક બનીને દારૂની હેરાફેરી કરતા આ પાંચેય આરોપીઓને પોલીસે કાયદાનો પાઠ ભણાવતા જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. સુરત પોલીસ કમિશનર દ્વારા ત્વરિત પગલાં લઈને આ ચારેય ભ્રષ્ટ પોલીસકર્મીઓને નોકરીમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

જનતાના સવાલો: પોલીસ જ જો ગુનો કરે તો સુરક્ષા કોણ કરશે?

આ ઘટના બાદ ગુજરાતની જનતામાં તીવ્ર આક્રોશ ફેલાયો છે:

૧. જે ખાખી વર્દી પ્રજાની રક્ષા માટે છે, તે જ વર્દી પહેરીને જો પોલીસકર્મીઓ બુટલેગર બની જાય, તો સામાન્ય પ્રજાએ કોની પાસે ન્યાય માંગવો?

૨. પોલીસ વિભાગની છબી ખરડતા આવા તત્વો સામે માત્ર સસ્પેન્શન પૂરતું છે કે પછી તેમને કાયમી નોકરીમાંથી બરતરફ કરીને કડકમાં કડક સજા થવી જોઈએ?

નવસારી LCB ની આ પ્રશંસનીય અને સાહસિક કામગીરીથી ભ્રષ્ટ તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે, પરંતુ આ ઘટનાએ ખાખીની ગરિમા પર મોટો સવાલ જરૂર ઊભો કર્યો છે.

# સોલાર રૂફટોપની નવી યોજનાની તૈયારી, માત્ર ₹10 હજારમાં ઘર પર લાગશે સોલાર પેનલ



ગાંધીનગર

રાજ્યમાં વધી રહેલા પાવર વપરાશ અને સંભવિત વીજ સંકટ વચ્ચે ગુજરાત સરકાર સોલાર રૂફટોપ માટે નવી યોજના લાવવાની તૈયારી કરી રહી છે. આ યોજના હેઠળ 3 કિલોવોટની ક્ષમતા મર્યાદા ઘટાડી 2 કિલોવોટ કરાશે. જેના કારણે SC/ST, ગરીબ અને પર્વતીય વિસ્તારોના સામાન્ય પરિવારો માત્ર 10 હજાર રૂપિયાના નજીવા ખર્ચે સોલાર પેનલ લગાવી શકશે.

રાજ્યમાં સતત વધી રહેલી વીજળીની માંગ અને સંભવિત પાવર ક્રાઈસિસ એટલે કે વીજ સંકટ (Power Crisis) ની પરિસ્થિતિને ધ્યાને રાખીને ગુજરાત સરકાર ગ્રીન એનર્જી તરફ વધુ એક ક્રાંતિકારી કદમ ઉઠાવવા જઈ રહી છે. રાજ્યના સામાન્ય, ગરીબ અને છેવાડાના અંતરિયાળ વિસ્તારોમાં વસતા નાગરિકો માટે સરકાર એક અત્યંત મહત્વકાંક્ષી સોલાર રૂફટોપ યોજના (New Solar Rooftop Policy) લાવવાની ગંભીર વિચારણા કરી રહી છે. આ નવી યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય મધ્યમ અને આર્થિક રીતે નબળા વર્ગના પરિવારોને મોંઘા વીજ બિલમાંથી મુક્તિ અપાવવાનો અને રાજ્યમાં સૌર ઊર્જાના વ્યાપને છેવાડા સુધી વિસ્તરણ કરવાનો છે. હાલમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની સંયુક્ત સોલાર યોજનાઓ હેઠળ સામાન્ય રીતે 3 કિલોવોટ (3 kW) કે તેથી વધુ ક્ષમતાની સિસ્ટમ લગાવવા પર વધુ ભાર મૂકવામાં આવતો હતો.

# સરકારી દારૂબંધીના પોકળ દાવા વચ્ચે પાટણમાં દેશી દારૂનો મોટો પર્દાફાશ

હપ્તાખોરી અને પોલીસની મહેરબાનીથી ખુલ્લેઆમ ચાલતા કાળા કારોબારે લીધો એક નિર્દોષનો જીવ? બનાવ બાદ તંત્રમાં દોડધામ, ગ્રામજનોમાં સત્તાધીશો અને બુટલેગરો સામે આક્રોશનો જ્વાળામુખી!

પાટણ/સરસ્વતી:

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ અમલી હોય અને જમીની હકીકતમાં બુટલેગરો માટે ખુલ્લો દોર હોય તેવો વધુ એક અત્યંત ચિંતાજનક અને ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકામાં આવેલા ઊંટવાડા ગામમાં બેફામ અને બેરોકટોક ચાલી રહેલી દેશી દારૂની ભઠ્ઠીઓમાંથી ઝેરી દેશી દારૂ પીવાના કારણે એક સ્થાનિક વ્યક્તિનું શંકાસ્પદ સંજોગોમાં કરૂણ મોત નીપજ્યું હોવાની આશંકાથી સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે ચકચાર મચી જવા પામી છે. સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સરસ્વતી તાલુકાના ઊંટવાડા ગામ અને તેની આસપાસના સીમ વિસ્તારોમાં લાંબા સમયથી દેશી દારૂની ગેરકાયદેસર ભઠ્ઠીઓ ફાટી નીકળી છે. સ્થાનિક રહીશો દ્વારા અગાઉ પણ તંત્રને અને પોલીસને આ ગેરકાયદે પ્રવૃત્તિ અંગે વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ હપ્તાખોરી અને અગમ્ય



કારણોસર સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા કોઈ જ આકરાં પગલાં લેવામાં આવ્યા નહોતા.

પોલીસના આ પીઠબળ અને ઢીલા વલણના કારણે પ્રોહિબિશનના નિયમોના ધજાગરા ઉડાવીને બુટલેગરો બેફામ બન્યા હતા અને ગામના અનેક યુવાનો તથા વડીલોને દારૂના દૂષણમાં ધકેલી રહ્યા હતા.

ગામમાં બનેલી આ સણસણતી ઘટનામાં મૃતક વ્યક્તિએ આ ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી પરથી દારૂ આરોગ્યો હતો. દારૂ પીધાના થોડા જ સમયમાં તેની તબિયત અચાનક લથડી હતી અને ગંભીર શારીરિક તકલીફો ઊભી થઈ હતી. પરિજનો દ્વારા તેને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરાઈ તે પહેલાં જ તેનું શંકાસ્પદ સંજોગોમાં કરૂણ મોત નીપજ્યું હતું. આ બનાવની જાણ થતાં જ ગ્રામજનો એકઠા થઈ ગયા હતા અને આ મોત પાછળ ઝેરી કે રાસાયણિક મિશ્રણવાળો દેશી દારૂ જ જવાબદાર હોવાનો સીધો આક્ષેપ લગાવવામાં આવ્યો છે.

## દેશમાં સૌથી વધુ વીજળી પેદા કરતું ગુજરાત કેમ ઝઝૂમી રહ્યું છે પાવર કટ સામે?

# આસો મહિનામાં વીજ સંકટ પાછળ અલીનોની ખતરનાક અસર અને વાસ્તવિકતા!

ગાંધીનગર

ગુજરાત રાજ્ય ભારતભરમાં સૌથી વધુ વીજળી ઉત્પન્ન કરવાની સ્થાપિત ક્ષમતા ધરાવતું મોખરાનું રાજ્ય છે. જે રાજ્ય સમગ્ર દેશને ઊર્જા પૂરી પાડતું હોય, ત્યાં જ જો ગામડાંઓમાં ખેતીવાડી માટે અને શહેરોમાં વેપારીઓ માટે વીજ પુરવઠામાં વારંવાર વિક્ષેપ પડે, તો તે ચિંતાનો મોટો વિષય બની જાય છે. હાલમાં આસો (ઑક્ટોબર) મહિનામાં ગુજરાતભરમાંથી વીજ પુરવઠાની અપૂરતી ફરિયાદોનો રાફડો ફાટ્યો છે, જેના કારણે સામાન્ય જનતાથી લઈને ઉદ્યોગકારો સુધી ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વીજ પુરવઠાની અનિયમિતતાથી માત્ર ગ્રામ્ય વિસ્તારો જ નહીં, પરંતુ વેપારી સંગઠનો પણ ત્રસ્ત થઈ ગયા છે. રાજ્યના અનેક ભાગોમાં વેપારી સંગઠનોએ વીજ પૂરવઠાની અનિયમિત બાબતે ગંભીર ફરિયાદો નોંધાવી છે અને વીજ-વિતરણ કરતી કંપનીઓ (DISCOMs) સાથે બેઠકોનો દોર શરૂ કર્યો છે. પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે કેટલાક વેપારી સંગઠનોએ પોતાના સભ્યોને વીજ-વિતરણ કંપનીઓના 'સ્ટેગરિંગ' (વારાફરતી થતા પાવર કાપ) મુજબ જ પોતાના કારખાના અને કામકાજના કલાકો ગોઠવી લેવાની



જાહેરમાં અપીલ કરવી પડી છે. રાજ્યમાં ઊભી થયેલી આ વીજ કટોકટી અને પાવર સ્ટેટસની સમીક્ષા કરવા માટે તાજેતરમાં એક ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા ગુજરાતના ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલે વીજ સંકટ પાછળના ચોંકાવનારા કારણો પરથી પડદો ઉઠાવ્યો હતો. ઊર્જા મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, 'અલ નીનો (El Nino) ની વિપરીત અસરના કારણે આ વર્ષે જે સમયે તાપમાન નીચું જવું જોઈએ, તેવું થઈ રહ્યું નથી. સામાન્ય રીતે આસો/ઑક્ટોબર માસમાં વાતાવરણમાં ઠંડક પ્રસરતી હોય છે અને વીજળીની માંગમાં ઘટાડો થતો હોય છે.

પાક્કો ગુજરાત
ગુરુવાર | 22 ઓક્ટોબર 2026 | અમદાવાદ

ડભોઇના આંબાવાડી રોડ પર પાલિકાની ઘોર બેદરકારી

# પાઈપલાઈનના સમારકામ માટે ખોદાયેલો મોટો ખાડો એક મહિનાથી 'જેમનો તેમ', દર્દીઓ અને વાહનચાલકો ત્રાહિમામ!

ડભોઇ

ડભોઇ નગરપાલિકાની અણઆવડત, નીતિવિષયક નિષ્ક્રિયતા અને ઘોર ઉદાસીનતાનો ભોગ ફરી એકવાર સામાન્ય પ્રજાજનો બની રહ્યા છે. ડભોઇ શહેરના અતિ મહત્વના અને ધમધમતા એવા આંબાવાડી વિસ્તાર તરફ જતા મુખ્ય જાહેર માર્ગ પર પીવાના પાણીની લાઈનમાં ભંગાણ પડતાં પાલિકાના તંત્ર દ્વારા સમારકામ અર્થે ખાડો ખોદવામાં આવ્યો હતો. પરંતુ, અફસોસની વાત એ છે કે આ ખાડો ખોદાયાને આજે આખો એક મહિનો (૩૦ દિવસ) વીતી ગયો હોવા છતાં, તેનું યોગ્ય પુરાણ કે સમારકામ પૂર્ણ કરવાની પાલિકા તંત્રએ સહેજ પણ તસદી લીધી નથી. પાલિકાના સત્તાધીશોની આ કુંભકર્ણી નિંદ્રાને કારણે સ્થાનિક રહીશો, વેપારીઓ અને રાહદારીઓમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. આ સમગ્ર મામલે સૌથી વધુ



ગંભીર અને ચિંતાજનક બાબત એ છે કે જ્યાં આ રાક્ષસી ખાડો ખોદીને ખુલ્લો મૂકી દેવાયો છે, તેની બિલકુલ નજીક જ આરોગ્ય વિભાગનું મોટું સરકારી દવાખાનું (હોસ્પિટલ) આવેલું છે. અહીં દરરોજ ડભોઇ શહેર અને આસપાસના સમગ્ર તાલુકાભરમાંથી હજારો દર્દીઓ, સગર્ભા મહિલાઓ અને વડીલો સારવાર અર્થે આવે છે. કટોકટીના સમયે પૂરઝડપે આવતી ઈમરજન્સી એમ્બ્યુલન્સ, દર્દીઓના વાહનો અને સ્વજનોથી ધમધમતા આ મુખ્ય માર્ગ પર પડેલા ખુલ્લા કાળમુખા ખાડાના કારણે રોજબરોજ ટ્રાફિક જામ અને અકસ્માતની વિકરાળ ભીતિ સર્જાયેલી રહે છે. ખાસ કરીને રાત્રિના અંધારામાં આ ખાડો કોઈ વાહનચાલક માટે જીવલેણ સાબિત થાય તે પહેલાં તેનું કાયમી નિરાકરણ લાવવું અત્યંત અનિવાર્ય બની ગયું છે.

છેલ્લા એક મહિનાથી રસ્તાની વચ્ચોવચ પડેલા આ જોખમી ખાડાને કારણે માર્ગ અત્યંત સાંકડો બની ગયો છે, જેના પરથી પસાર થવું વાહનચાલકો માટે દરરોજનો માથાનો દુખાવો બની ગયો છે. માર્ગ પરથી ઊડતી ધૂળની ડમરીઓ, રોડ પર પથરાયેલા પથ્થરો અને અડચણો વચ્ચેથી નાગરિકો જીવના જોખમે પસાર થવા મજબૂર બન્યા છે.

સ્થાનિક રહીશો અને વેપારીઓ દ્વારા પાલિકા કચેરીએ વારંવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી છે કે આ ખાડાનું યોગ્ય પૂરણ કરીને રસ્તો પૂર્વવત કરવામાં આવે, પરંતુ પાલિકાના ચીફ ઓફિસર કે શાસકોના પેટનું પાણી પણ હલતું નથી. સ્થાનિકો આક્રોશ વ્યક્ત કરતા જણાવી રહ્યા છે કે, 'નગરપાલિકાના સત્તાધીશો જાણે કોઈ નિર્દોષ નાગરિક કે બાળકનો જીવ જાય કે કોઈ મોટી હોનારત સર્જાય, તેની જ રાહ જોઈને બેઠા હોય તેવો ઘાતક ઘાટ સર્જાયો છે.' આંબાવાડી વિસ્તારના આંતરિક અને મુખ્ય માર્ગો પરથી પસાર થતા લોકોમાં હવે એક જ ચર્ચા ચાલ રહી છે કે કુંભકર્ણની ઘોર નિંદ્રામાં પોઢેલું પાલિકા તંત્ર આ આંકડાકીય અને ભૌતિક ખાડો ક્યારે પૂરશે? શું પ્રજા પાસે માત્ર વેરા અને ટેક્સ ઉઘરાવવા પૂરતી જ પાલિકા સીમિત રહી ગઈ છે?

## વડોદરાની MS યુનિવર્સિટી કોમર્સ ફેકલ્ટીનો મોટો નિર્ણય

### શૂન્ય ટકા હાજરી ધરાવતા વિદ્યાર્થીઓ ઇન્ટરનલ પરીક્ષાથી વંચિત રહેશે!

વડોદરા

વડોદરાની વિશ્વપ્રસિદ્ધ ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (એમ.એસ. યુનિવર્સિટી) ની ફેકલ્ટી ઓફ કોમર્સ દ્વારા વિદ્યાર્થીઓની હાજરી (એટેન્ડન્સ) અને આગામી ઈન્ટરનલ પરીક્ષાઓને લઈને એક અત્યંત મહત્વપૂર્ણ અને કડક નિર્ણય લેવામાં આવ્યો છે. અભ્યાસ પ્રત્યે વિદ્યાર્થીઓમાં ગંભીરતા લાવવા અને શિસ્ત જળવાઈ રહે તે હેતુથી ફેકલ્ટી સત્તાધીશો દ્વારા આ નવો નિયમ અમલી બનાવવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ફેકલ્ટીમાં પ્રવેશ મેળવતી વખતે જ પ્રથમ વર્ષ (F.Y.) માટે ૭૫% અને દ્વિતીય વર્ષ (S.Y.) તથા તૃતીય વર્ષ (T.Y.) ના વિદ્યાર્થીઓ માટે ૫૦% હાજરી ફરજિયાત બનાવવામાં આવી હતી. જોકે, શરૂઆતમાં પ્રથમ ટેસ્ટ દરમિયાન કોઈ પણ વિદ્યાર્થીનું શૈક્ષણિક વર્ષ ન બગડે તેવા ઉમદા હેતુથી સત્તાધીશો દ્વારા તમામ વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવાની વિશેષ છૂટ આપવામાં આવી હતી. પરંતુ હવે ફેકલ્ટી તંત્ર આ મામલે કડક વલણ અપનાવી રહ્યું છે. કોમર્સ ફેકલ્ટીના ડીન દ્વારા આ અંગે સ્પષ્ટતા કરતા જણાવવામાં આવ્યું છે કે, પ્રવેશ મેળવ્યા બાદ આજ દિન સુધી ક્યારેય કોલેજનું મોઢું ન જોયું હોય, વર્ગખંડમાં ન આવ્યા હોય, પ્રથમ ઈન્ટરનલ કસોટી કે પ્રેઝન્ટેશન પણ ન આપ્યું હોય અને જે વિદ્યાર્થીઓની હાજરી બિલકુલ શૂન્ય ટકા (૦%) છે, તેવા વિદ્યાર્થીઓને આગામી બીજી ઈન્ટરનલ કસોટીમાં કોઈ પણ સંજોગોમાં બેસવા દેવામાં આવશે નહીં. બીજી તરફ, જે વિદ્યાર્થીઓની હાજરી નિયત ટકાવારી (૭૫% કે ૫૦%) કરતાં ઓછી છે, પરંતુ તેમણે પ્રથમ ઈન્ટરનલ ટેસ્ટ અને પ્રેઝન્ટેશન આપ્યા છે, તેવા વિદ્યાર્થીઓ માટે રાહતના સમાચાર છે.

ડભોઇ-કરજણ બ્રોડગેજ લાઇન પર કરોડોનું આંધણ પણ સુવિધા શૂન્ય

## અલીરાજપુરથી ડભોઇ થઈ કરજણ સુધી નવી મેમુ ટ્રેનો શરૂ કરવા પ્રબળ લોકમાંગ

ડભોઇ

સરકાર અને રેલવે પ્રશાસન દ્વારા વિકાસના મોટા-મોટા દાવાઓ કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે કરોડો રૂપિયાના જંગી ખર્ચે તૈયાર થયેલા પ્રોજેક્ટ્સ આજે પ્રજા માટે શોભાના ગાંઠિયા સમાન સાબિત થઈ રહ્યા છે. આવો જ એક તાજો કિસ્સો ડભોઇ-કરજણ રેલવે રૂટ પર સામે આવ્યો છે, જ્યાં ગેજ કન્વર્ઝન પાછળ પ્રજાના કરોડો રૂપિયા વપરાયા હોવા છતાં મુસાફરો માટે સુવિધાઓના નામે મીંડું જોવા મળી રહ્યું છે. આ રૂટ પર નવી ટ્રેનોના અભાવે મુસાફરો, વિદ્યાર્થીઓ અને મજૂરો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

કરજણ-ડભોઇ રેલ લાઇનનું બ્રોડગેજમાં રૂપાંતર થયે લાંબો સમય વીતી ગયો છે. સ્થાનિક નાગરિકોને આશા હતી કે આ લાઇન શરૂ થવાથી તેમને ઝડપી, સલામત અને આર્થિક રીતે પોસાય તેવી મુસાફરીનો લાભ મળશે. પરંતુ રેલવે પ્રશાસનની ઘોર ઉપેક્ષાને કારણે હાલ આ આખા રૂટ પર માત્ર એક જ ટ્રેન દોડાવવામાં આવી રહી છે.





સૌથી મોટી આશ્ચર્યની વાત તો એ છે કે આ એકમાત્ર ટ્રેનનો સમય પણ એટલો અસુવિધાજનક છે કે સામાન્ય નોકરિયાત વર્ગ, વિદ્યાર્થીઓ કે રોજિંદા કામ અર્થે જતા લોકો માટે તે કોઈ કામની નથી. સરકારના કરોડો રૂપિયા ખર્ચાયા બાદ પણ પ્રોજેક્ટનો મૂળ ઉદ્દેશ્ય પૂરો થયો નથી અને પ્રજાના નાણાં પાણીમાં ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

મુસાફરોને પડી રહેલી ભારે રખડપટ્ટી અને આર્થિક બોજને ધ્યાને રાખીને 'વેસ્ટર્ન રેલવે પેસેન્જર્સ એન્ડ પાસ હોલ્ડર્સ વેલફેર એસોસિએશન' દ્વારા આ મુદ્દે આક્રમક વલણ અપનાવવામાં આવ્યું છે. એસોસિએશનના પ્રમુખ મોહમ્મદ હબીબ લોખંડવાલાએ પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર (GM) અને વડોદરા ડિવિઝનલ રેલવે મેનેજર (DRM)ને પાઠવેલા લેખિત પત્રમાં કરજણ-ડભોઇ રૂટ પર તાકીદે નવી ટ્રેનો શરૂ કરવા ધારદાર રજૂઆત કરી છે.

## ખેડા જિલ્લામાં ક્રૂરતાની તમામ હદો પાર: પત્નીના ચારિત્ર્ય પર શંકા રાખી પતિએ પિવડાવ્યું 'નેનો યુરિયા'

ખેડા

ગુજરાતમાં માનવીય સંબંધોને કલંકિત કરતી અને હૈયું કંપાવી દે તેવી એક અત્યંત ચોંકાવનારી ઘટના ખેડા જિલ્લામાંથી સામે આવી છે. પત્નીના ચારિત્ર્ય પર આંધળો શંકા રાખનાર એક હેવાન પતિએ પોતાની જ પત્નીને જીવતી મારી નાખવા માટે ખેતીમાં વપરાતું ઝેરી 'નેનો યુરિયા' (Nano Urea) પીવડાવીને ઘાતકી હત્યા કરી નાખી હોવાનો પર્દાફાશ થયો છે. એટલું જ નહીં, આ પાપને છુપાવવા માટે પતિ અને તેના પરિવારે મળીને મૃતકની લાશને બારીએ લટકાવીને આત્મહત્યામાં ખપાવવાનો નિંદક પ્રયાસ કર્યો હતો, પરંતુ ખેડા પોલીસની ત્વરિત અને સઘન તપાસે આ તમામ ડાઘાવાળા ચહેરાઓનો પર્દાફાશ કરી દીધો છે. પ્રાપ્ત





વિગતો અનુસાર, આરોપી પતિ લાંબા સમયથી પોતાની પત્નીના ચારિત્ર્ય પર અકારણ શંકા રાખતો હતો અને આ બાબતે અવારનવાર ઘરમાં ઝઘડા તથા મારઝૂડ કરતો હતો. આ માનસિક અને શારીરિક ત્રાસની હદો ત્યારે વટાઈ ગઈ જ્યારે તેણે પત્નીનો કાયમ માટે અવાજ દબાવી દેવાનું નક્કી કર્યું. આરોપીએ પત્નીને બળજબરીપૂર્વક કે છૂપી રીતે ખેતીમાં વપરાતું ઝેરી 'નેનો યુરિયા પ્રવાહી' પીવડાવી દીધું હતું. નેનો યુરિયાની ઝેરી અસરના કારણે પીડિતાનું તડપી-તડપીને મોત નીપજ્યું હતું.

લોકોએ પકડવાનો પ્રયાસ કરતા જ કાળમુખો ચાલક ફરાર!

## વડોદરાના ચકલી સર્કલ ખાતે દારૂડિયા રિક્ષા ચાલકનો તાંડવ: ફૂલ નશામાં રીક્ષા પલટી મારી ગઈ!

વડોદરા

સંસ્કારી નગરી વડોદરા શહેરમાં દિવસેને દિવસે માર્ગ અકસ્માતોની ઘટનાઓમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. રોજેરોજ બેફામ દોડતા વાહનો નાગરિકોની જિંદગી છીનવી રહ્યા છે, ત્યારે આજે વડોદરાના અતિ ધમધમતા અને પોશ ગણાતા ચકલી સર્કલ ખાતે કાળજુ કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. દારૂના નશામાં ધૂત એક ઓટોરિક્ષા ચાલકે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવતા રીક્ષા રસ્તા વચાળે પલટી ખાઈ ગઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, અતિ વ્યસ્ત એવા ચકલી સર્કલ પાસેથી એક ઓટોરિક્ષા પૂરઝડપે પસાર થઈ રહી હતી.



દરમિયાન, નશામાં ધૂત રિક્ષા ચાલકે અચાનક કાબૂ ગુમાવતા રિક્ષા પલટી મારી ગઈ હતી. અકસ્માત સર્જાતા જ આસપાસના લોકો અને વાહનચાલકોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. જોકે, સદનસીબે આ ગોઝારી ઘટનામાં કોઈ નિર્દોષ નાગરિક કે પેસેન્જરને ગંભીર ઈજા કે જાનહાનિ થઈ નહોતી, જેનાથી મોટો અકસ્માત ટળ્યો હતો. અકસ્માત બાદ સ્થાનિકો જ્યારે મદદ માટે દોડી આવ્યા ત્યારે જાણવા મળ્યું કે રિક્ષા ચાલક ફૂપ-પીધેલો એટલે કે ફૂલ દારૂના નશાની હાલતમાં હતો. આ ઘટનાને પગલે ઘટનાસ્થળે એકત્ર થયેલા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિક નાગરિકો અને પ્રત્યક્ષદર્શીઓ સવાલ ઉઠાવી રહ્યા છે કે, 'સદનસીબે આજે કોઈ મોટી જાનહાનિ થઈ નથી અને લોકો બચી ગયા. પરંતુ જો કોઈ નિર્દોષ રાહદારી, વાહનચાલક કે બાળકની બલિ ચડી ગઈ હોત, તો એ મોતનો જવાબદાર કોણ હોત? આ નશેડી રિક્ષા ચાલક કે પછી ઊંઘતી પોલીસ?'

સોનગઢમાં વિધર્મીઓની દાદાગીરી અને સોશિયલ મીડિયા પર અભદ્ર ટિપ્પણીથી ઉત્તેજના

## નવરાત્રી પંડાલ પર આપત્તિજનક કોમેન્ટનો વિરોધ કરનાર હિન્દુ યુવકના ઘર પર પથ્થરમારો!

સોનગઢ / ભાવનગર

સોશિયલ મીડિયાના માધ્યમથી ધાર્મિક ભાવનાઓ દુભાવવા અને વિવાદ ઊભો કરવાના કાવતરાં સામે હવે જનઆક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. સોનગઢ પંથકમાં પવિત્ર નવરાત્રી પંડાલને લઈને સોશિયલ મીડિયા પર વિધર્મીઓ દ્વારા કરવામાં આવેલી અત્યંત આપત્તિજનક અને નીચ કક્ષાની કોમેન્ટ સામે અવાજ ઉઠાવવો એક હિન્દુ યુવકને ભારે પડી ગયો છે. આપત્તિજનક ટિપ્પણીનો સામનો કરી યોગ્ય જવાબ આપનાર હિન્દુ યુવક ગૌરવ ચૌધરીના ઘર પર વિધર્મીઓના ટોળાએ એકઠા થઈને ભયાનક પથ્થરમારો કરી દાદાગીરી દર્શાવતા સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી અને આક્રોશ વ્યાપી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પવિત્ર નવરાત્રી મહોત્સવ દરમિયાન સોશિયલ મીડિયા પર નવરાત્રી પંડાલની પોસ્ટ મૂકવામાં આવી હતી. આ પવિત્ર ધાર્મિક ઉત્સવની પોસ્ટ પર કેટલાક વિધર્મી તત્વો દ્વારા નવરાત્રી પંડાલને વિકૃત અને આપત્તિજનક શબ્દો વાપરીને 'ગર્ભવતી પંડાલ' જેવી અભદ્ર અને નીચ કક્ષાની કોમેન્ટ કરવામાં આવી હતી.

ધાર્મિક આસ્થા પર થયેલા આ સીધા પ્રહાર સામે સોનગઢના મુસ્લિમ ફળિયામાં રહેતા સ્થાનિક હિન્દુ યુવક ગૌરવ ચૌધરી એ સોશિયલ મીડિયા પર વિધર્મીઓને તેમની જ ભાષામાં સણસણતો જવાબ આપ્યો હતો. ધાર્મિક લાગણી દુભાવતા તત્વોને કડક સૂર સંભળાવવો વિધર્મી તત્વોને પચ્યો નહોતો.

## ગુજરાત-રાજસ્થાનમાં નશા મુક્તિ સેન્ટરની આડમાં ચાલતું કુખ્યાત રેકેટ ઝડપાયું: ડીસાના તબીબની સંડોવણીથી ચકચાર

ડીસા

લોકોને વ્યસનમુક્ત કરવા અને નવજીવન આપવાના પવિત્ર મિશનની આડમાં ખેલ ખેલાઈ રહ્યો હોવાનો એક અત્યંત ચોંકાવનારો અને ખણખોદ પદાર્શ સામે આવ્યો છે. ગુજરાત અને રાજસ્થાનની સરહદો પર કે તેની આસપાસના વિસ્તારોમાં નશા મુક્તિ સેન્ટર (Rehabilitation & De-Addiction Centre) ની ઓથ હેઠળ ધમધમતું એક મોટું અને કુખ્યાત ગેરકાયદે રેકેટ ઝડપાઈ ગયું છે. આ રેકેટમાં ઉત્તર ગુજરાતના વેપારી મથક ગણાતા ડીસાના એક નામાંકિત તબીબની સીધી સંડોવણી ખૂલતા આખા મેડિકલ અને રાજકીય બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કાયદાની આંખમાં ધૂળ નાખીને ચલાવવામાં આવતા આ સેન્ટરોમાં વ્યસનીઓને સાજા કરવાના બદલે અંદર રંધાતા ખેલ કંઈક અલગ જ હતા. તપાસ એજન્સીઓ અને પોલીસની રેડ બાદ બહાર આવેલી વિગતો અત્યંત ચોંકાવનારી છે. આ નેટવર્ક માત્ર ગુજરાત પૂરતું સીમિત ન હતું, પરંતુ ગુજરાત અને રાજસ્થાન વચ્ચે ફેલાયેલું હતું. નશા મુક્તિ કેન્દ્રની આડમાં ચાલતી આ ગેરકાયદે પ્રવૃત્તિઓમાં દર્દીઓ અને તેમના પરિવારજનોની મજબૂરીનો લાભ ઉઠાવવામાં આવતો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ સમગ્ર રેકેટમાં ડીસાના એક તબીબની મુખ્ય ભૂમિકા હોવાનું સામે આવતા જ ચકચાર મચી ગઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કેસમાં તપાસનો વ્યાપ જેમ-જેમ આગળ વધી રહ્યો છે તેમ-તેમ અનેક ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. ડીસાના આ તબીબની કડીઓ ક્યાં-ક્યાં જોડાયેલી હતી અને આ સિન્ડિકેટમાં કોણ-કોણ સામેલ હતું તેની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે.

માતાજીના દર્શને ગયેલા દંપતી પર વરસી કુદરતી કાળઝાળ કલહર

## મહેસાણાના 'મીની પાવાગઢ' ખાતે એક્ટિવા લપસતાં સર્જાયેલી દુર્ઘટનામાં પતિ-પત્નીનાં કમકમાટીભર્યા મોત!

મહેસાણા/સતલાસણા

માતાજીના પવિત્ર દર્શન કરીને આશાભર્યા ઘેર પર ફરી રહેલા એક પ્રૌઢ દંપતી પર મોતના ઘેરા વાદળો ઘેરાયા હતા. મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના પ્રખ્યાત ધાર્મિક સ્થળ એવા ઉમરેચા 'મીની પાવાગઢ' ડુંગર પરથી પરત ફરતી વેળાએ અચાનક એક્ટિવા વાહન લપસી જવાથી એક અત્યંત હચમચાવી દેતી ઘાતક દુર્ઘટના સર્જાઈ છે. આ ગઝબની દુર્ઘટનામાં એક્ટિવા પર સવાર પતિ અને પત્ની બંનેનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજતા સમગ્ર પંથકમાં ભારે શોક અને સ છવાઈ ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના ઉમરેચા



ગામે આવેલા શ્રદ્ધાના પ્રતિક સમાન 'મીની પાવાગઢ' ડુંગર પર માતાજીના દર્શન કરવા માટે રમણજી ઠાકોર અને તેમના ધર્મપત્ની ગયા હતા. દર્શન અને વિધિ પૂર્ણ કર્યા બાદ આ દંપતી પોતાના એક્ટિવા વાહન પર સવાર થઈને પોતાના વતન તરફ પરત ફરી રહ્યું હતું. ડુંગરના ઉતરાણ અને વળાંકવાળા રસ્તા પર અચાનક વાહન પરથી ચાલકનો કાબૂ કાબૂ ગુમાવાઈ ગયો હતો અને એક્ટિવા સ્લીપ થઈને ગંભીર રીતે પટકાયું હતું. અકસ્માત એટલો ભયાનક હતો કે દંપતીને માથાના ભાગે અને શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતા જ આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને 108 એમ્બ્યુલન્સ તથા પોલીસને જાણ કરવામાં આવી હતી. જોકે, ગંભીર ઈજાઓ અને અતિશય લોહી વહી જવાના કારણે રમણજી ઠાકોર અને ચંદ્રિકાબેન ઠાકોર બંનેએ હોસ્પિટલ પહોંચે તે પહેલા જ દમ તોડી દીધો હતો.

વડોદરાના નવલખી મેદાનથી લઈને તાંદલજાના પ્લોટ પ્રકરણ સુધી વહીવટી તંત્રની પોલ ખુલ્લી!

## એક તરફ જનતા માટેના 'શપથ સમારોહ'માં ખાલી ખુરશીઓનો ખડકલો, તો બીજી તરફ કરોડોની કિંમતી સરકારી જમીન મફતમાં વહેંચવાના ખેલ!

વડોદરા

ગુજરાતમાં સરકારી તંત્ર અને નેતાઓની બેવડી નીતિ અને જનતા પ્રત્યેની ઉદાસીનતા હવે ચરમસીમાએ પહોંચી ચૂકી છે. વડોદરા શહેરમાં એક તરફ પ્રજાના નાણાંથી આડંબરભર્યા સરકારી અને સંગઠનના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જ્યાં જનતા જ નથી આવતી અને ખુરશીઓ ખાલી ખખડે છે; તો બીજી તરફ વહીવટી તંત્ર દ્વારા મલાઈદાર નિર્ણયો લઈને કિંમતી જમીનોના રેવડીની જેમ ધડાધડ દાન આપવામાં આવી રહ્યા છે. આ બેરોકટોક ચાલતા કારોબારે સમગ્ર શહેરમાં રોષનો જ્વાળામુખી ફાટી નીકળ્યો છે.

વડોદરાના ઐતિહાસિક નવલખી મેદાન



ખાતે વડોદરા મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 'સેવા, સમર્પણ અને સ્વચ્છતા'ના શપથ ગ્રહણનો ભવ્ય અને નાટકિય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કરોડો રૂપિયાના સરકારી ફંડનો ધુમાડો કરીને યોજાયેલા આ કાર્યક્રમની વાસ્તવિકતા અત્યંત શરમજનક રહી હતી. સભા મંડપમાં હજારો ખુરશીઓ નંખાઈ હતી, પરંતુ જનતાની હાજરીના નામે મીંડું જોવા મળ્યું હતું! દૂર-દૂરથી ભાજપના શાસકો દ્વારા ભીડ ભેગી કરવાના દાવાઓ પોકળ સાબિત થયા હતા. સ્થિતિ એવી હતી કે કાર્યક્રમ શરૂ થતાં જ જે થોડાઘણા લોકો આવ્યા હતા તેઓ પણ ભાષણોના કંટાળાથી કાર્યક્રમ અધવચ્ચે જ છોડીને રફુચક્કર થઈ ગયા હતા. પરિણામે, મંત્રીઓ અને નેતાઓએ ખાલી ખુરશીઓ અને પોકળ દીવાલોને સંબોધવાનો વારો આવ્યો હતો. પ્રજાને હવે સરકારી તમાશામાં કોઈ રસ રહ્યો નથી તે આ ઘટના પરથી સાબિત થઈ ગયું છે. એક તરફ નવલખી મેદાનમાં જનતા વિહોણા શપથ સમારોહનું નાટક ચાલતું હતું, તો બીજી તરફ વડોદરાના રાજકારણમાં એક મોટો અને વિવાદાસ્પદ ધડાકો થયો. પૂર્વ ભારતીય ક્રિકેટર અને નેતા યુસુફ પઠાણ સાથે જોડાયેલા વર્ષો જૂના જમીન વિવાદમાં સરકાર દ્વારા અત્યંત મલાઈદાર નિર્ણય લેવામાં આવ્યો છે. વડોદરાના પોશ ગણાતા તાંદલજા વિસ્તારમાં આવેલો આશરે ૨૦ કરોડ રૂપિયાથી વધુ કિંમતનો (૯૭૮ ચોરસ મીટર) વિવાદિત પ્લોટ સરકાર અને પાલિકા દ્વારા મંજૂર કરવામાં આવ્યો છે. આ વ્યવસ્થા હેઠળ પ્લોટનો મોટો હિસ્સો (૫૦૦ ચોરસ મીટર) રહેણાંક ઉપયોગ માટે બિનામૂલ્યે (ભેટ તરીકે) આપવાની જોગવાઈ કરાઈ છે.

## તંત્રી લેખ...

# બાપુએ તો કોંગ્રેસમાં જવાની જાહેરાત કરી દીધી, પણ રાહુલ ગાંધી પાસે સમય નથી! શંકરસિંહ વાઘેલાની 'ઘરવાપસી' અટકી કે અટકાવાઈ? ગુજરાત કોંગ્રેસના આંતરિક રાજકારણમાં મોટો ધડાકો!

ગુજરાતના રાજકારણના અઢી દાયકા જૂના ભીષ્મ પિતામહ અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા (બાપુ) ફરી એકવાર ચર્ચાના કેન્દ્રસ્થાને આવ્યા છે. પોતાના રાજકીય જીવનમાં અસંખ્ય ચડાવ-ઉતાર જોનારા અને ભાજપથી લઈને કોંગ્રેસ તેમજ પોતાની અલગ પાર્ટીઓ રચીને પણ સત્તા અને સંગઠનના સમીકરણો બદલી નાખનારા શંકરસિંહ વાઘેલાએ તાજેતરમાં કોંગ્રેસ પક્ષમાં પુનઃ જોડાવાની (ઘરવાપસી કરવાની) જાહેર ઈચ્છા વ્યક્ત કરી દીધી છે. પરંતુ, અહીં મોટો ટ્વિસ્ટ એ આવ્યો છે કે બાપુ તો કોંગ્રેસના દરવાજે ઊભા છે, પણ દિલ્હીમાં બેઠેલા કોંગ્રેસના સર્વોચ્ચ નેતા રાહુલ ગાંધી પાસે તેમને મળવાનો કે લીલી ઝંડી આપવાનો સમય જ નથી!

## બાપુનો ઈશારો સાફ: પણ દિલ્હી દરબારમાં 'નો એન્ટ્રી'?

ગુજરાતમાં કોંગ્રેસની આકરી સ્થિતિ અને સતત નિરાશાજનક પ્રદર્શન વચ્ચે શંકરસિંહ વાઘેલા જેવા અનુભવી અને લડાયક નેતાનું કોંગ્રેસમાં પાછા ફરવું એ એક સમયે વિપક્ષ માટે સંજીવની સમાન




ગણાતું હતું. બાપુએ જાહેરમાં અને પોતાના વર્તુળોમાં સંકેત આપી દીધા છે કે તેઓ ભાજપ સામેના આક્રમક મોરચા માટે કોંગ્રેસમાં પાછા ફરવા તૈયાર છે.

પરંતુ હકીકત એ છે કે અઠવાડિયાઓ અને મહિનાઓ વીતી જવા છતાં રાહુલ ગાંધી કે દિલ્હી હાઈકમાન્ડ તરફથી બાપુને મળવાનો હજુ સુધી કોઈ સ્પષ્ટ સમય આપવામાં આવ્યો નથી. આ વિલંબે ગુજરાતથી લઈને દિલ્હી સુધીના રાજકીય ગલિયારામાં અનેક તર્ક-વિતર્કો અને ચર્ચાઓ છેડી દીધી છે.

## ગુજરાત કોંગ્રેસના પ્રદેશ નેતાઓમાં ફફડાટ અને આંતરિક વિરોધ?

સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધી પાસે સમય ન હોવા પાછળ માત્ર દિલ્હીની વ્યસ્તતા નથી, પરંતુ ગુજરાત કોંગ્રેસના જ કેટલાક પ્રદેશ કક્ષાના સિનિયર નેતાઓનો છૂપો વિરોધ પણ જવાબદાર માનવામાં આવી રહ્યો છે. ગુજરાત કોંગ્રેસના વર્તમાન નેતાઓને ડર છે કે જો શંકરસિંહ વાઘેલા જેવા કદાવર, પ્રભાવશાળી અને આક્રમક ચહેરાની પક્ષમાં વાપસી થશે, તો પ્રદેશ સંગઠન પર તેમનું વર્ચસ્વ ફરી સ્થપાઈ જશે અને પ્રદેશના પ્રવર્તમાન નેતાઓની રાજકીય જગ્યા જોખમમાં મુકાઈ જશે.

આ જ કારણે પ્રદેશના કેટલાક નેતાઓ દ્વારા દિલ્હી હાઈકમાન્ડને એવા અહેવાલો આપવામાં આવી રહ્યા છે કે બાપુની વાપસીથી પક્ષને ફાયદા કરતા આંતરિક જુથબંધીનો મોટો ભય રહેલો છે.

## ભૂતકાળનો અનુભવ કે નવી વ્યૂહરચના?

બીજી તરફ, દિલ્હી કોંગ્રેસ અને રાહુલ ગાંધીના કાર્યાલયના વલણને જોઈએ તો, ભૂતકાળમાં શંકરસિંહ વાઘેલાએ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી પહેલાં કોંગ્રેસ સાથે છેડો ફાડીને પક્ષને મોટો આંચકો આપ્યો હતો. તે સમયે કોંગ્રેસ જીતના આરે હતી ત્યારે જ બાપુના બળવાને કારણે પક્ષનું ચિત્ર બદલાઈ ગયું હતું. હાઈકમાન્ડના મનમાં કદાચ આ ભૂતકાળના કડવા અનુભવો પણ રમી રહ્યા હોઈ શકે છે.

## બાપુ માટે રાજકીય વળાંક: આગળ શું કરશે 'બાપુ'?

શંકરસિંહ વાઘેલા પોતાની ધારદાર રાજનીતિ અને અણધાર્યા નિર્ણયો માટે જાણીતા છે. જો રાહુલ ગાંધી તરફથી તેમને મળવાનો સમય નહીં મળે અને કોંગ્રેસ હાઈકમાન્ડ આ જ રીતે ઠંડો પ્રતિસાદ આપતું રહેશે, તો ક્ષત્રિય અને પ્રભાવશાળી નેતા ગણાતા બાપુ આ અપમાન સહન કરશે કે પછી કોઈ નવો જ રાજકીય ધડાકો કરીને પોતાના પત્તા ખોલશે?

શું બાપુ અન્ય ક્ષેત્રીય વિકલ્પો કે ત્રીજા મોરચા તરફ નજર દોડાવશે કે પછી કોંગ્રેસ છેલ્લી ઘડીએ પોતાની વ્યૂહરચના બદલીને બાપુને પક્ષમાં આવકારશે? આ સવાલ હાલ ગુજરાતના રાજકારણમાં સૌથી ઘાતક ચર્ચાનો વિષય બન્યો છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# હનીટ્રેપનો ચોંકાવનારો પર્દાફાશ: 1000 લોકો સાથે સેક્સ ચેટિંગ કરી 82 લોકોના નગ્ન વીડિયો-ફોટા ભેગા કરનાર 'યુવતી' નીકળ્યો 23 વર્ષનો યુવક!

હૈદરાબાદ

સોશિયલ મીડિયા પર સુંદર યુવતીઓની તસવીરો જોઈને ફ્લેટ થઈ જતા લોકો માટે એક અત્યંત લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. જો તમે પણ સોશિયલ મીડિયા પર અજાણ્યા એકાઉન્ટ્સથી આવતી ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકારતા હોવ તો સાવધાન થઈ જજો! હૈદરાબાદ પોલીસે એક એવા હાઈ-પ્રોફાઈલ હનીટ્રેપ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે, જેમાં 'મહિલા' બનીને નિર્દોષ લોકોને ફસાવનાર કોઈ યુવતી નહીં, પરંતુ 23 વર્ષનો એક યુવક નીકળ્યો છે.

### કોણ-કોણ ફસાયું આ જાળમાં? ડૉક્ટરોથી લઈને પોલીસ અધિકારીઓ પણ શિકાર

આ સાયબર ઠગાઈની જાળ એટલી મોટી અને ખતરનાક હતી કે તેમાં સમાજના પ્રતિષ્ઠિત અને ઉચ્ચ હોદ્દા પર બેઠેલા લોકો પણ ફસાઈ ગયા છે. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે આરોપીએ હનીટ્રેપમાં ડૉક્ટરો, પોલીસ અધિકારીઓ, મોટા વેપારીઓ, સરકારી અધિકારીઓ, સૉફ્ટવેર એન્જિનિયર્સ અને કૉલેજ લેક્ચરર્સ જેવા અનેક બુદ્ધિજીવીઓ અને પ્રોફેશનલ્સને નિશાન બનાવ્યા હતા.

### ચાર વર્ષથી ચાલતું હતું કૌભાંડ: ચારમિનાર ડીસીપીએ કર્યો ખુલાસો

હૈદરાબાદના ચારમિનારના ડીસીપી કિરણ ખરેએ આ મામલે વિગતો આપતા જણાવ્યું હતું કે, આરોપી છેલ્લા ચાર વર્ષથી આ પ્રકારે લોકોને હનીટ્રેપમાં ફસાવી રહ્યો હતો. આ ગુનાહિત કારસ્તાન માટે તેણે અનેક અલગ-અલગ યુવતીઓની તસવીરોનો ઉપયોગ કર્યો હતો, જેમાં કોલકાતાની એક મૉડલની તસવીરોનો પણ સમાવેશ થાય છે. આ કૌભાંડનું વ્યાપ



એટલો મોટો હતો કે તેમાં દેશનાં અલગ-અલગ રાજ્યો તેમજ વિદેશમાં રહેતા નાગરિકો પણ ભોગ બન્યા છે.

### યુવતીઓની તસવીરોવાળા નકલી એકાઉન્ટ્સથી ચાલતો ખેલ

પકડાયેલા મુખ્ય આરોપીની ઓળખ કે. પવનકુમાર તરીકે થઈ છે, જે મૂળ ભદ્રાદ્રી કોઠાગુડેમ જિલ્લાનો રહેવાસી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે પવનકુમારે હૈદરાબાદની સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટૂલ ડિઝાઈનમાંથી ડિપ્લોમા અભ્યાસ અધવચ્ચે જ છોડી દીધો હતો. તેણે પોતાના પરિવારજનોને એવું જણાવ્યું હતું કે તે મલ્લારેડ્ડી કૉલેજમાંથી બી.ટેક કરી રહ્યો છે અને તેણે થોડો સમય છૂટક નોકરી પણ કરી હતી, પરંતુ હાલમાં તે બેરોજગાર હતો અને આ શોર્ટકટ અપનાવ્યો હતો.

ડીસીપી કિરણ ખરેના જણાવ્યા અનુસાર, આરોપી ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આકર્ષક યુવતીઓની તસવીરો મૂકીને નકલી (ફેક) એકાઉન્ટ્સ ચલાવતો હતો. તે આ એકાઉન્ટ્સથી લોકોને ફ્રેન્ડ રિક્વેસ્ટ અને ફોલો રિક્વેસ્ટ મોકલતો હતો. એકવાર સામેવાળા વ્યક્તિ સાથે મિત્રો બની ગયા બાદ, તે ખૂબ જ ચતુરાઈથી ધીમે-ધીમે સેક્સ્યુઅલ ચેટિંગ (અશ્લીલ વાતો) શરૂ કરતો હતો અને વીડિયો કૉલ કે ચેટ દ્વારા યુઝર્સની અંગત તથા નગ્ન તસવીરો અને વીડિયો રેકોર્ડ કે એકઠા કરી લેતો હતો.

## પોલીસે આરોપી પાસેથી શું જપ્ત કર્યું?

આ ગંભીર મામલે પોલીસે સઘન ટેક્નિકલ સર્વેલન્સ અને તપાસના આધારે આરોપી પવનકુમારને દબોચી લીધો છે. પોલીસની રેડ દરમિયાન આરોપી પાસેથી

- ૩ મોબાઈલ ફોન
- ૧ લેપટોપ
- ૧૬ જીબીની પેન ડ્રાઈવ

જપ્ત કરવામાં આવી છે, જેમાં અનેક પીડિતોનો ડેટા અને અસંખ્ય આપત્તિજનક વીડિયો-ફોટા મળી આવ્યા છે. હાલ પોલીસ આ મામલે વધુ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે કે આ ડેટાનો ઉપયોગ બ્લેકમેલિંગ માટે થતો હતો કે કેમ અને તેની સાથે અન્ય કોઈ સંડોવાયેલું છે કે નહીં.

# દેશની સૌથી મોટી બેંકને સાયબર ફટકો: SBI ના હજારો ગ્રાહકોનો ખાનગી ડેટા ડાર્ક વેબ પર લીક, બેંકે સ્વીકાર્યું કે થયો છે ખતરનાક સાયબર હુમલો!

નવી દિલ્હી

દેશના કરોડો નાગરિકોની આસ્થાનું પ્રતીક અને સૌથી મોટી સરકારી બેંક ગણાતી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) માંથી એક અત્યંત ચોંકાવનારા અને હચમચાવી દેનારા સમાચાર સામે આવ્યા છે. બેંકના હજારો ગ્રાહકોનો અત્યંત સંવેદનશીલ અને પર્સનલ ડેટા હેકર્સ દ્વારા ચોરી કરીને સીધો 'ડાર્ક વેબ' (Dark Web) પર મૂકી દેવામાં આવ્યો છે.

આ ગંભીર મામલે હવે ખુદ SBI એ પણ સાયબર હુમલો થયાની વાત સત્તાવાર રીતે સ્વીકારી લીધી છે, જેના કારણે બેન્કિંગ સેક્ટરમાં ભારે હડકંપ મચી ગયો છે.

## હજારો ગ્રાહકોની અંગત વિગતો ખુલ્લી પડી: ડેટામાં શું-શું સામેલ?

પ્રાપ્ત વિગતો અનુસાર, સાયબર સુરક્ષા એજન્સીઓ અને સેન્ટ્રલ એજન્સીઓ (CERT-In) તરફથી મળેલી ચેતવણી બાદ જ્યારે તપાસ કરવામાં આવી ત્યારે ખબર પડી કે ડાર્ક વેબ પર અંદાજે ૩,૮૯૭ (આશરે ૪,૦૦૦) ગ્રાહકોનો પર્સનલ ડેટા લીક થઈ ચૂક્યો છે.

આ લીક થયેલા ડેટામાં ગ્રાહકોની અત્યંત ખાનગી માહિતી સામેલ છે, જેવી કે:

- ગ્રાહકોના પૂરા નામ અને જાતિ (Gender)
- રજીસ્ટર્ડ મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી
- જન્મ તારીખ (Date of Birth) અને ઘરના પૂરા રહેણાંક સરનામા (Residential Addresses)
- બ્રાન્ચ અને CIF આઈડેન્ટિફાયર તેમજ લોન રેકોર્ડ્સ અને એપ્લિકેશન સાથે જોડાયેલી મેટાડેટા માહિતી

## હેકર ગ્રુપ 'Siriusim' નો દાવો: 3.75 લાખ લોકોનો ડેટા જોખમમાં?

શરૂઆતી અહેવાલો મુજબ, 'Siriusim' નામના એક કુખ્યાત હેકર ગ્રુપે ડાર્ક વેબના પ્લેટફોર્મ પર એવો દાવો કર્યો હતો કે તેમની પાસે SBI સાથે જોડાયેલા અંદાજે ૩.૭૫ લાખથી વધુ ડેટા એન્ટ્રીઓ અને ૨,૭૨૨ જેટલા મહત્ત્વના PDF દસ્તાવેજો ઉપલબ્ધ છે. જોકે, બેંક દ્વારા સ્ટોક એક્સચેન્જને આપવામાં આવેલી ફાઈલિંગમાં હાલ પ્રાથમિક તપાસના આધારે આશરે ૩,૮૯૭ ગ્રાહકોના રેકોર્ડ ડાર્ક વેબ પર હોવાની પુષ્ટિ કરવામાં આવી છે, અને સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ માટે સ્વતંત્ર સાયબર સુરક્ષા એજન્સીઓને કામે લગાડવામાં આવી છે.

## બેંકની સ્પષ્ટતા: 'મુખ્ય બેન્કિંગ કામકાજ સુરક્ષિત છે'

ગ્રાહકોમાં ફેલાયેલા ડર અને અફરાતફરી વચ્ચે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ સ્પષ્ટતા કરી છે કે આ સાયબર ઘટનાના કારણે બેંકના કોર બિઝનેસ ઓપરેશન્સ (Core Banking Operations), નાણાકીય કામગીરી કે રોજિંદી સેવાઓ પર કોઈ વિપરીત અસર પડી નથી અને સિસ્ટમ સામાન્ય રીતે કામ કરી રહી છે. બેંક દ્વારા સુરક્ષા પ્રોટોકોલ વધુ સખત બનાવવામાં આવ્યા છે અને સાયબર જોખમને ડામવા માટે તાત્કાલિક નિવારક પગલાં લેવામાં આવી રહ્યા છે.

## ગ્રાહકો માટે લાલબત્તી: સાયબર ફ્રોડથી સાવધ રહેવા અપીલ

સાયબર નિષ્ણાતોના મતે, લીક થયેલા આ ડેટાનો ઉપયોગ ઠગો દ્વારા ઓળખ ચોરી (Identity Theft), ફાઈનાન્શિયલ ફ્રોડ, ટાર્ગેટેડ ફિશિંગ કૉલ્સ અને ફ્રોડ લોન એપ્લિકેશન માટે થઈ શકે છે.

આથી, તમામ બેંક ગ્રાહકોને ખાસ અપીલ કરવામાં આવે છે કે:

૧. બેંક કે કોઈપણ અધિકારીના નામે આવતા શંકાસ્પદ કૉલ્સ કે મેસેજથી સાવધ રહેવું.

૨. ક્યારેય પણ પોતાનો OTP, PIN, પાસવર્ડ કે CVV નંબર કોઈની સાથે શેર ન કરવો.

૩. કોઈપણ અજાણી લિંક પર ક્લિક ન કરવું અને બેંક ખાતામાં શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તુરંત બેંક અથવા નેશનલ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર 1930 પર સંપર્ક કરવો.

# ખાખીનો ખોફ, ડેશિંગ અંદાજ અને લોકસેવા: અમદાવાદ ઝોન-6 ડીસીપી ભાગીરથ ટી. ગઢવીની આગવી અને આક્રમક કાર્યશૈલી

ગુજરાતના પાવરફુલ અને ધમધમતા મહાનગર અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને અકબંધ રાખવી એ ખાખી વરદી પહેરેલા કોઈપણ ઉચ્ચ અધિકારી માટે લોઢાના ચણા ચાવવા સમાન છે. તેમાં પણ જો વાત પૂર્વ અમદાવાદના અતિ સંવેદનશીલ અને ગીચ વસ્તી ધરાવતા ઝોન-૬ ની આવે, તો અહીંની ભૌગોલિક પરિસ્થિતિ, સામાજિક તાણાવાણા અને ગુનાખોરીના પડકારો તદ્દન અલગ અને જટિલ છે. આવા અતિ મહત્ત્વપૂર્ણ અને સંવેદનશીલ ઝોનની કમાન જ્યારે આઈપીએસ અધિકારી અને ડેશિંગ વ્યક્તિત્વ ધરાવતા ભાગીરથ ટી. ગઢવી જેવા નિષ્ઠાવાન અધિકારીના હાથમાં આવે, ત્યારે કાયદાનું શાસન કેવું હોય તેનું ઉત્તમ ઉદાહરણ જોવા મળે છે. તેમની આગમન બાદથી જ ઝોન-૬ માં ગુનેગારોની નીંદર હરામ થઈ ગઈ છે અને સામાન્ય પ્રજાએ રાહતનો શ્વાસ લીધો છે.

## ગુનેગારોમાં કંપારી અને આમ જનતામાં નિર્ભયતાનો અહેસાસ

ડીસીપી ભાગીરથ ગઢવીની કાર્યશૈલી ખાખી વરદીની વાસ્તવિક તાકાત અને ન્યાયપ્રિયતાની સાક્ષી પૂરે છે. ગુનેગારો,




કુખ્યાત તત્વો અને અસામાજિક માફિયાઓ માટે તેમની ખાખી કાળ બનીને તૂટી પડે છે, તો બીજી તરફ સામાન્ય નાગરિકો, નાના વેપારીઓ, શ્રમિકો અને પશુપાલકો માટે તેઓ હંમેશા સુલભ અને આશ્વાસનરૂપ રહ્યા છે. પૂર્વ અમદાવાદના અનેક વિસ્તારોમાં ભૂતકાળમાં ડરનો માહોલ રહેતો હતો, પરંતુ ભાગીરથ ગઢવીએ પોતાની સતત ગ્રાઉન્ડ વિઝિટ અને કડક નિર્ણયો દ્વારા પ્રજાના મનમાંથી પોલીસનો ડર દૂર કરીને એક મજબૂત અને હકારાત્મક ભરોસો પેદા કર્યો છે.

## ઝોન-6 માં આક્રમક અને સચોટ કાર્યવાહીના મુખ્ય મોરચા:

ભાગીરથ ગઢવીના માર્ગદર્શન હેઠળ ઝોન-૬ પોલીસે અપનાવેલી રણનીતિ અને કરેલી કાર્યવાહીઓ અત્યંત પ્રશંસનીય રહી છે:

યુવાધનને બરબાદ કરતા ડ્રગ્સ અને નશાના વેપારીઓ પર સકંજો: આજની યુવા પેઢીને નશાના માં ધકેલતા ડ્રગ્સ પેડલરો અને સપ્લાયરો સામે ઝોન-૬ પોલીસે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે. અનેક કુખ્યાત શખ્સોને ઝડપી પાડીને તેમને જેલના સળિયા પાછળ મોકલી દેવામાં આવ્યા છે, જેથી નશાના નેટવર્કની કમર ભાંગી ગઈ છે.

બુટલેગરો અને જુગારધામો પર સપાટો: ગેરકાયદેસર પ્રવૃત્તિઓ, દેશી-વિદેશી દારૂના અડ્ડાઓ અને જુગારધામો સામે પોલીસે સતત અને અચાનક રેડ્સ (Raids) પાડીને લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ગેરકાયદે ધંધા ચલાવનારાઓ હવે પોલીસના નામ માત્રથી પણ થરથર કાંપે છે.

સંવેદનશીલ વિસ્તારોમાં પ્રિવેન્ટિવ (અટકાયતી) પોલીસિંગ: તહેવારો, કોમી સંવેદનશીલ પ્રસંગો, ધાર્મિક ઉત્સવો કે જાહેર રસ્તાઓ પરના આયોજનો વખતે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અગાઉથી જ મજબૂત વ્યુહરચના ઘડવામાં આવે છે. અસામાજિક તત્વો, કુખ્યાત



હિસ્ટ્રીશીટરો અને માથાભારે શખ્સો વિરુદ્ધ પાસા (PASA) તથા તડીપાર જેવા કડક કાનૂની પગલાં લઈને શાંતિ અને ભાઈચારો સ્થાપિત કરવામાં આવ્યો છે.

રાત્રિ કોમ્બિંગ અને સઘન પેટ્રોલીંગ: વિસ્તારમાં રાત્રિના સમયે અસામાજિક તત્વોની ગતિવિધિઓને ડામવા માટે પોલીસ કાફલો સતત રસ્તા પર રહે છે. નાઈટ કોમ્બિંગ, સઘન વાહન ચેકિંગ અને હોટસ્પોટ વિસ્તારો પર સતત નજર રાખવાને કારણે વેપારીઓ અને મહિલાઓ હવે મોડી રાત્રે પણ સુરક્ષિત અનુભવ કરે છે.

## જનસંપર્ક, સંવાદ અને માનવીય અભિગમ

માત્ર ઓફિસ કે એસી કેબિનમાં બેસીને હુકમો જારી કરવાના બદલે જમીની સ્તરે ઉતરીને કામ કરવું એ ડીસીપી ભાગીરથ ગઢવીની ખાસિયત છે. ઝોન-૬ ના વિવિધ વિસ્તારોના સ્થાનિક અગ્રણીઓ, વેપારી મંડળો, યુવાનો અને નાગરિકો સાથે સતત બેઠકો યોજીને તેમની સમસ્યાઓ રૂબરૂ સાંભળવી અને તેનો ત્વરિત ઉકેલ લાવવો તેમની કાર્યપદ્ધતિનો અભિન્ન અંગ છે. વરિષ્ઠ નાગરિકોની સુરક્ષાની ચિંતા હોય કે પછી કોઈ કટોકટીની સ્થિતિ, તેમની ટીમ હંમેશા પ્રજાની મદદે ખડેપગે હાજર રહે છે.

### 'પાક્કો ગુજરાત' નો સ્પષ્ટ અહેવાલ

'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર હંમેશા લોકહિત, પારદર્શિતા અને સાચા અહેવાલોને વાચા આપે છે. અમારું સ્પષ્ટ માનવું છે કે સમાજમાં કાયદો અને વ્યવસ્થા મજબૂત રાખવા માટે ડીસીપી ભાગીરથ ટી. ગઢવી જેવા ડેશિંગ, નિષ્ઠાવાન અને કર્તવ્યનિષ્ઠ અધિકારીઓની અનિવાર્ય જરૂરિયાત છે. તેમણે પોતાની દીર્ઘદ્રષ્ટિ અને સખત મહેનતથી ઝોન-૬ ની કાયાપલટ કરી નાખી છે. તેમની આ સરાહનીય અને દબંગ કામગીરી માત્ર અમદાવાદ પોલીસ જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત પોલીસ દળ માટે એક દીવાદાંડી સમાન અને પ્રેરણારૂપ છે. તંત્રમાં આવા અધિકારીઓ હોય ત્યારે જ સાચા અર્થમાં પ્રજા નિર્ભય બનીને જીવી શકે છે.

## 'વન નેશન, વન ઈલેક્શન' પર મહા-મંથન: 2029 સુધીમાં દેશભરમાં એકસાથે ચૂંટણી યોજવા રાજ્ય સરકારો તૈયાર હોવાનો દાવો, 7 લાખ કરોડની બચત થશે કે પછી આ માત્ર એક 'રાજકીય જુમલો' છે?

ભારતીય લોકશાહીમાં છેલ્લા કેટલાક સમયથી સૌથી ચર્ચાસ્પદ અને વિવાદાસ્પદ બનેલા 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' (One Nation, One Election) ના ખ્યાલને વાસ્તવિકતામાં ફેરવવા માટે હવે કેન્દ્ર સરકાર અને સમિતિઓ દ્વારા એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. દેશમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે જો આ મિશન સફળ રહે, તો વર્ષ ૨૦૨૯ સુધીમાં લોકસભા અને તમામ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે યોજી શકાશે. એટલું જ નહીં, આ સિસ્ટમ લાગુ થવાથી દેશના અંદાજે ૭ લાખ કરોડ રૂપિયા જેટલા માતબર નાણાંની બચત થશે તેવા દાવાઓ પણ થઈ રહ્યા છે. પરંતુ, આ ભવ્ય દાવાઓની સામે પૂર્વ ચૂંટણી કમિશનરો અને વિપક્ષી નેતાઓએ સખત સવાલો ઉઠાવીને આ પ્રસ્તાવ સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો મૂકી દીધા છે. ૭ લાખ કરોડની બચતનો દાવો: શું ખરેખર ખર્ચ ઘટશે? સરકાર સમક્ષ રજૂ કરાયેલા રિપોર્ટ્સ અને સમર્થકોનું માનવું છે કે ભારતમાં દર વર્ષે ક્યાંક ને ક્યાંક ચૂંટણી યોજાતી જ રહે છે, જેના કારણે આચારસંહિતા (MCC), સુરક્ષા દળોનો ભારે ખર્ચ, સરકારી તંત્રની બેહાલ સ્થિતિ અને અબજો રૂપિયાની કાળા નાણાંની લેવડદેવડ થાય છે. જો ૨૦૨૯ સુધીમાં 'વન નેશન, વન ઈલેક્શન' લાગુ કરી દેવામાં આવે, તો એક જ સાથે મતદાન યોજાવાથી સરકારી ખજૂના અંદાજે ૭ લાખ કરોડ રૂપિયા બચી જશે, જેનો ઉપયોગ દેશના વિકાસ, શિક્ષણ અને આરોગ્ય પાછળ થઈ શકશે. સમર્થકો દલીલ કરી રહ્યા છે કે વારંવાર યોજાતી ચૂંટણીઓના કારણે દેશના વિકાસ કાર્યો પર પણ લાંબી બ્રેક લાગી જાય છે, જે આ સિસ્ટમથી દૂર થઈ જશે. પૂર્વ ચૂંટણી કમિશનરનો પલટવાર: 'શું કોઈ જાદુઈ છડી છે?' આ તમામ મોટા દાવાઓ સામે દેશના અનુભવી અને દિગ્ગજ પૂર્વ ચૂંટણી કમિશનરો દ્વારા અત્યંત તીખી પ્રતિક્રિયાઓ આપવામાં આવી રહી છે. એક ચર્ચા દરમિયાન પૂર્વ ચૂંટણી કમિશનરે કડક શબ્દોમાં સવાલ ઉઠાવતા જણાવ્યું હતું કે: 'ચૂંટણીઓ યોજવી એ કોઈ બાળકોની રમત કે વેપારી વહીવટ નથી.

# તમિલનાડુ ભાજપના પૂર્વ પ્રમુખ કે. અન્નામલાઈનો દિલ્હી પોલીસ સામે ખુલ્લો મોરચો: CJP નેતાઓની ધરપકડને ગણાવી 'ખૂબ જ ખોટી', સરકારની નીતિઓ સામે ખડા કર્યા સવાલો...!

ચેન્નઈ / નવી દિલ્હી

તમિલનાડુ ભાજપના પૂર્વ પ્રમુખ અને પ્રખર નેતા કે. અન્નામલાઈના એક ધડાકેદાર નિવેદને રાજકીય વર્તુળોમાં ભારે ચકચાર મચાવી દીધી છે. 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) ના નેતાઓ વિરુદ્ધ દિલ્હી પોલીસે કરેલી કડક અને આકરી કાર્યવાહી સામે અન્નામલાઈ ખુલ્લેઆમ મેદાને આવ્યા છે. દિલ્હી પોલીસની આ કાર્યવાહીને સખત શબ્દોમાં વગોવતા તેમણે પોતાનો આકરો વિરોધ નોંધાવ્યો છે, જેના કારણે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચી ગયો છે. દિલ્હી પોલીસની કાર્યવાહી સામે અન્નામલાઈનો આકરો પ્રહાર: 'કાયદો હાથમાં લેવાઈ રહ્યો છે' પત્રકારો સાથેની વાતચીતમાં કે. અન્નામલાઈ તદ્દન આક્રમક મુદ્રામાં જોવા મળ્યા હતા. CJP ના મુખ્ય નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકાની દિલ્હી પોલીસ દ્વારા કરવામાં આવેલી ધરપકડ અને ત્યારબાદ તેમને સતત ન્યાયિક કસ્ટડીમાં (Jail) રાખવાના નિર્ણયને અન્નામલાઈએ 'ખૂબ જ ખોટો અને ગેરવાજબી' ગણાવ્યો હતો. પોલીસ પ્રશાસન પર આકરા પ્રહારો કરતા તેમણે ઉમેર્યું હતું કે, 'દિલ્હી પોલીસ કાયદો પોતાના હાથમાં લઈ રહી છે. જે પ્રકારે વિરોધ કરનારાઓ સામે આકરી જેલચોકી અને કાર્યવાહી કરવામાં આવી રહી છે, તેનાથી દેશમાં 'કાયદાના શાસન' (Rule of Law) સામે જ ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે.' 'રીતભાત સાથે અસહમતી, પણ મુદ્દાઓનું સંપૂર્ણ સમર્થન!' કે. અન્નામલાઈએ પોતાની વાત ખૂબ જ સ્પષ્ટતાથી રજૂ કરતા જણાવ્યું હતું કે, ભલે તેઓ CJP ની વિરોધ પ્રદર્શન કરવાની શૈલી, પદ્ધતિ કે તેમની કેટલીક હરકતો સાથે વ્યક્તિગત રીતે સહમત ન હોય, પરંતુ CJP દ્વારા જે મૂળભૂત મુદ્દાઓ અને સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે, તેનું તેઓ દિલથી અને સંપૂર્ણ સમર્થન કરે છે. તેમણે સત્તાધીશો પર નિશાન સાધતા કહ્યું કે, 'લોકશાહીમાં જો કોઈ પક્ષ કે સંગઠન પ્રશ્નો પૂછે, તો સરકારની આ પ્રાથમિક અને નૈતિક જવાબદારી બને છે કે તે આ સવાલોના યોગ્ય અને સંતોષકારક જવાબો આપે.' જેલમાં પૂરીને અવાજ દબાવી નહીં શકાય, તેઓ વધુ મજબૂત બનશે! અન્નામલાઈએ પ્રશાસનને ચીમકી આપતા લેહજામાં કહ્યું હતું કે, CJP ના નેતાઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવાથી કે તેમને શારીરિક-માનસિક રીતે હેરાન-પરેશાન કરવાથી તેમનો અવાજ દબાવી શકાશે નહીં. ઊલટાનું આવી દમનકારી નીતિઓથી વિરોધ કરનારાઓ વધુ મજબૂત બનશે અને તેમનો અવાજ વધુ બુલંદ થશે.



# રાવણ કોણ? દશેરાના પવિત્ર દિવસે અદાણીની ખાનગી રેલવે લાઇન પર બે અબોલ ગાયોના કમકમાટીભર્યા મોત

અમદાવાદ

જ્યારે આખો દેશ વિજયાદશમી એટલે કે દશેરાના પવિત્ર પર્વ પર અધર્મ પર ધર્મના વિજયની ઉજવણી કરી રહ્યો હતો અને બુરાઈના પ્રતિક સમો રાવણ દહન થઈ રહ્યો હતો, ત્યારે કૂછડી-કચ્છના ભદ્રેશ્વર વિસ્તારમાં એક અત્યંત કાળજું કંપાવી દે તેવી અને શરમજનક ઘટના ઘટી રહી હતી. મુદ્રા બંદરથી ગાંધીધામ તરફ જતી અદાણી કંપનીની ખાનગી રેલવે લાઇન પર એક જ માલિકની બે અબોલ ગાયો ટ્રેનની ચપેટમાં આવી જતાં ઘટનાસ્થળે જ ધડથી અલગ થઈને અકાળે મોતને ભેટી હતી. આ પવિત્ર દિવસે જ રક્તરંજિત થયેલા રેલવે ટ્રેકને જોઈને સ્થાનિક માલધારી સમાજ અને પશુપ્રેમીઓમાં ભારે રોષ અને આક્રોશની જ્વાળા ભડકી ઉઠી છે. આ કરૂણ દ્રશ્ય સામે આવ્યા બાદ હૃદયમાંથી એક જ ચીસ નીકળે છે કે - સાચો રાવણ કોણ?



## રોજના 4 થી 5 પશુઓ કપાય છે, માલધારીઓમાં પ્રચંડ આક્રોશ!

સ્થાનિક પશુપાલકો અને ગ્રામજનોના જણાવ્યા મુજબ, આ કોઈ અકસ્માત કે અપવાદરૂપ ઘટના નથી, પરંતુ અદાણીની આ ખાનગી રેલવે લાઈન પર દરરોજની ખૌફનાક વાસ્તવિકતા છે. આ ટ્રેક પરથી રોજના 4 થી 5 અબોલ જીવો ટ્રેનની અડફેટે આવીને કમકમાટીભર્યા મોતને ભેટતા હોય છે. અદાણીની ખાનગી રેલવે લાઇન ટ્રેકની બંને બાજુ પૂરતી અને મજબૂત ફેન્સિંગ (તારની વાડ) કે સુરક્ષાત્મક દીવાલ બનાવવામાં આવી નથી. લાખો-કરોડો રૂપિયાનો વ્યાપાર કરતી અને નફો રળતી કંપની પાસે નિર્દોષ પશુઓનો જીવ બચાવવા માટે ફેન્સિંગ કરવાનો સમય કે દાનત નથી. પોતાના ફાયદા માટે રેલવે લાઇન તો બનાવી દીધી, પણ આજુબાજુ રહેતા માલધારીઓના પશુઓની સુરક્ષાની જવાબદારી કોની? વેપાર અને નફાની લ્હાયમાં દરરોજ અબોલ પશુઓની બલી ચડાવાઈ રહી છે.

ઘટનાની ગંભીરતા અને અબોલ પશુઓની થઈ રહેલી કતલની માહિતી મળતા જ આઝાદ હિંદ ફોજના સંજય બાપટ તાત્કાલિક ધોરણે સ્થળ મુલાકાતે દોડી ગયા હતા. તેમણે ગ્રાઉન્ડ ઝીરો પર પહોંચીને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને પીડિત પશુપાલકની વેદના સાંભળી હતી.

સંજય બાપટે તંત્ર અને અદાણી મૅનેજમેન્ટ સામે કડક આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'વિકાસના નામે અબોલ જીવોની આવી કતલ સહન કરી શકાય નહીં. કંપની પોતાની જવાબદારીમાંથી ભાગી શકે નહીં. આ બેદરકારી સામે હવે ચુપ બેસી રહેવાનો સમય પૂરો થઈ ગયો છે.' આ ઘટના બાદ હવે માલધારી સમાજ અને પશુપ્રેમીઓ એકજૂથ થઈને મેદાનમાં આવ્યા છે. રેલવે તંત્ર અને કંપનીની ઘોર બેદરકારી સામે આંદોલનનું બ્યુગલ સંભળાઈ ચૂક્યું છે. આગામી તારીખ 23-10-2026ના રોજ સવારે 11:00 કલાકે તમામ સ્થાનિક માલધારીઓ, પશુપાલકો અને પશુપ્રેમીઓ વવાર ભદ્રેશ્વર રેલવે ફાટક પાસે એકઠા થશે. આ સ્થળે માલધારીઓ દ્વારા મોટો વિરોધ પ્રદર્શન કરવામાં આવશે અને અદાણી રેલવે લાઇન વિરુદ્ધ રજૂઆતો કરવામાં આવશે.

માલધારીઓની મુખ્ય માંગણીઓ: રેલવે લાઈનની બંને બાજુ તાત્કાલિક અસરથી મજબૂત ફેન્સિંગ કે સિક્યુરિટી વોલ બનાવવામાં આવે. જે પશુપાલકોના પશુઓ કપાઈને મૃત્યુ પામ્યા છે તેમને યોગ્ય અને પૂરતું આર્થિક વળતર આપવામાં આવે.

ટ્રેનની સ્પીડ લિમિટ નક્કી કરવામાં આવે અને પશુઓના ક્રોસિંગ પોઈન્ટ પર ખાસ સુરક્ષાકર્મીઓ કે સિગ્નલ તૈનાત કરવામાં આવે.

### ગાંધીધામથી તુણા ટેકરા પોર્ટ સુધી

# 17.40 કિમી રેલવે ટ્રેક ડબલિંગ માટે 133.78 કરોડનું ટેન્ડર જાહેર

ભચાઉ, રૂપેશ સોલંકી

કચ્છના દરિયાઈ વેપારને વધુ વેગવાન બનાવવા તથા માલસામાનની હેરફેરને સુગમ બનાવવા દીનદયાળ પોર્ટ ઓથોરિટી દ્વારા મહત્ત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. ગાંધીધામથી તુણા ટેકરા પોર્ટ સુધીના 17.40 કિલોમીટર લાંબા રેલવે સેક્શનના ટ્રેક ડબલિંગ માટે રૂ. 133.78 કરોડનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે.

આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટને 20 મહિનામાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે. પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીધામ 'A' કેબિનથી તુણા ટેકરા સુધી નવી રેલવે લાઇન વિકસાવવાની સાથે તુણા ખાતે આધુનિક આર એન્ડ ડી યાર્ડનું નિર્માણ કરવામાં આવશે.

આ રેલવે ટ્રેક 32.5 ટન એક્સલ લોડિંગ ક્ષમતા ધરાવતો



હોવાથી ભારે માલવાહક રેલવે પરિવહન માટે વધુ અનુકૂળ સાબિત થશે. ટ્રેક ડબલિંગના કારણે માલગાડીઓની અવરજવર વધુ સુવ્યવસ્થિત બનશે અને રેલવે સંચાલનની ક્ષમતામાં વધારો થશે.

આ ઉપરાંત, ટ્રાફિકનું પ્રમાણ ઓછું હોવાથી એલસી-23 ફાટક પર ઓવરબ્રિજ બનાવવાની જરૂરિયાત રહેશે નહીં.

આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં ખાનગી ટર્મિનલોને સીધી રેલવે કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે, જેનાથી કચ્છના ઔદ્યોગિક અને દરિયાઈ વેપારને વધુ પ્રોત્સાહન મળવાની અપેક્ષા છે.

કુલ મળીને, આ રેલવે પ્રોજેક્ટ ગાંધીધામ અને તુણા ટેકરા પોર્ટ વચ્ચે માલપરિવહનને વધુ કાર્યક્ષમ બનાવવાની સાથે કચ્છના બંદર આધારિત વેપાર અને લોજિસ્ટિક્સ ક્ષેત્ર માટે મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

### સુરતમાં તહેવારો અને ખાણીપીણીની મોજ વચ્ચે પાલિકાનું બુલડોઝર એક્શન

# લાયસન્સ વગર વેચાતું શંકાસ્પદ ઘી જપ્ત, તો ખ્યાતનામ 'ગણગોર રેસ્ટોરન્ટ' પર તૂટી પડ્યો પચીસ હજારનો દંડ!!

સુરત

ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી સુરતમાં સામાન્ય નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં કરતા અસામાજિક તત્વો અને ખાણીપીણીના વેપારીઓ સામે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (SMC) ના આરોગ્ય વિભાગ દ્વારા સકંજો કસવામાં આવ્યો છે. શહેરમાં રોજિંદા જીવનમાં વપરાતી ખાણીપીણીની વસ્તુઓમાં થતી ઘાતક ભેળસેળ અને ગંદકીને ડામવા માટે પાલિકાની ફૂડ સેફ્ટી ટીમે વિવિધ વિસ્તારોમાં આકસ્મિક દરોડા અને સઘન તપાસ ઝુંબેશ હાથ ધરી છે.

આ સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન બેફામ ચાલતા ગેરકાયદે ધંધાઓનો પર્દાફાશ થતાં સુરતના વેપારી આખામાં ભારે હડકંપ મચી ગયો છે. સુરતના વ્યાપક લોકપ્રિય પુણાગામ વિસ્તારમાં આવેલી 'ગુરુકૃપા ડેરી' પર આરોગ્ય વિભાગની ટીમે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન સામે આવ્યું કે ડેરી સંચાલક દ્વારા કોઈપણ પ્રકારના વેપારી લાયસન્સ કે અધિકૃત પરવાનગી વગર ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે સીધા ખેલ કરીને ઘીનું ધાકધમકીભર્યું વેચાણ કરવામાં આવી રહ્યું હતું. પાલિકાની ટીમે સ્થળ પરથી અખાદ્ય અને શંકાસ્પદ લાગતું ૨.૨ કિલોગ્રામ ઘી તાત્કાલિક ધોરણે જપ્ત કરી લીધું છે. તહેવારોની મોસમ ટાણે નાગરિકોના આરોગ્યને જોખમમાં મૂકતા આવા ડેરી સંચાલકો સામે કડક કાનૂની કાર્યવાહીના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. શહેરના પોશ અને ગીચ વિસ્તાર ગણાતા ઘોડદોડ રોડ પર આવેલી નામાંકિત 'ગણગોર રેસ્ટોરન્ટ' (Gangour Restaurant) માં પણ આરોગ્ય વિભાગ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. રેસ્ટોરન્ટના રસોડામાં હાઈજિન (Hygiene) અને સ્વચ્છતાના ધજાગરા ઉડતા જોવા મળ્યા હતા.

# દાહોદ જિલ્લા કલેક્ટર સુરભિ ગૌતમના અધ્યક્ષસ્થાને યોજાયો જિલ્લા સ્વાગત કાર્યક્રમ

## સરકારી તેમજ ગૌચરની જમીન પરથી ગેરકાયદેસર દબાણો દૂર કરવા કલેક્ટરએ આપ્યા આદેશ

દેવગઢ બારીયા, પ્રતિનિધિ જાબીર શુક્લા

જિલ્લા કલેક્ટર કચેરી, દાહોદ ખાતે કલેક્ટર સુરભી ગૌતમના અધ્યક્ષસ્થાને 'જિલ્લા સ્વાગત કાર્યક્રમ' યોજાયો હતો. નાગરિકોની રજૂઆતોનું અસરકારક નિરાકરણ લાવી પારદર્શક, સંવેદનશીલ અને જવાબદાર વહીવટ સુનિશ્ચિત કરવાના હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સરકારી તથા ગૌચર જમીન પરથી ગેરકાયદેસર દબાણ હટાવવા, બસ સ્ટેન્ડ અને નવા એસ.ટી. રૂટની ફાળવણી,




જન્મ પ્રમાણપત્ર મેળવવામાં પડતી મુશ્કેલીઓ તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પ્રસુતિ સુવિધા શરૂ કરવા જેવા વિવિધ પ્રશ્નો સાથે ૧૬ જેટલા અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા કલેક્ટરએ તમામ અરજદારોને રૂબરૂ સાંભળીને સંબંધિત અમલીકરણ અધિકારીઓને પ્રજાના પ્રશ્નોનું ઝડપી અને યોગ્ય નિરાકરણ લાવવા તાકીદ કરી હતી. ખાસ કરીને સરકારી જમીન પર થયેલા ગેરકાયદેસર દબાણો ત્વરિત દૂર કરવા માટે સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રવિરાજસિંહ જાડેજા, અધિક નિવાસી કલેક્ટર જે. એમ. રાવલ તેમજ વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પાવીજેતપુરના ચુડેલ ગામે શિક્ષણ અને સુવિધાઓનો નવો અરુણોદય: રૂ. લાખોના ખર્ચે નિર્માણ પામેલા ત્રણ નવા ઓરડાઓનું ભવ્ય લોકાર્પણ!

## જિલ્લા પંચાયત પ્રમુખ, ધારાસભ્ય અને તાલુકા પ્રમુખની ગૌરવવંતી ઉપસ્થિતિમાં ગ્રામજનોમાં ખુશીનો માહોલ!

પાવીજેતપુર/છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકાના ચુડેલ ગામે આજે ગ્રામજનો અને વિદ્યાર્થીઓ માટે એક અત્યંત હર્ષ અને ઉલ્લાસનો દિવસ સાબિત થયો હતો. ગામમાં શિક્ષણ અને જાહેર સુવિધાઓને વધુ સુદ્ઢ બનાવવાના ભાગરૂપે નવનિર્મિત ત્રણ નવા ઓરડાઓના લોકાર્પણ કાર્યક્રમનું ભવ્ય અને ગરિમાપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લાના ઉચ્ચ પદાધિકારીઓ અને લોકપ્રતિનિધિઓની વિશેષ ઉપસ્થિતિમાં નવનિર્મિત ઓરડાઓને વિધિવત રીતે ખુલ્લા મૂકવામાં આવ્યા હતા. ચુડેલ ગામે યોજાયેલા



આ વિશિષ્ટ લોકાર્પણ સમારોહમાં છોટાઉદેપુર જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવા, પ્રદેશના લોકપ્રિય ધારાસભ્ય જયંતીભાઈ રાઠવા તેમજ પાવીજેતપુર તાલુકા પંચાયત પ્રમુખ નયનાબેન રાજેન્દ્રભાઈ રાઠવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સ્થાનિક પંચાયત પ્રતિનિધિઓ, સરપંચ, શિક્ષણ સમિતિના સભ્યો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો અને સ્થાનીય અગ્રણીઓએ હાજરી આપીને કાર્યક્રમની શોભા વધારી હતી. આગેવાનોના વરદ હસ્તે શ્રીફળ વધેરી અને રિબિન કાપીને નવા ત્રણ ઓરડાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, અંતરિયાળ અને ગ્રામીણ વિસ્તારો સુધી શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શિક્ષણની ઉત્તમ સુવિધાઓ પહોંચાડવી એ સરકાર અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની પ્રાથમિકતા રહી છે. આ નવા ઓરડાઓ ઉપલબ્ધ થવાથી ગામના બાળકોને અભ્યાસ માટે ઉત્તમ, સુરક્ષિત અને અનુકૂળ વાતાવરણ મળી રહેશે. લાંબા સમયની માંગણી બાદ ગામમાં આધુનિક અને સુવિધાજનક ત્રણ નવા ઓરડાઓ તૈયાર થઈને ખુલ્લા મૂકાતાં જ ચુડેલ ગામના ગ્રામજનો, પંચાયતના હોદ્દેદારો તેમજ શાળાના નાના-મોટા વિદ્યાર્થીઓમાં ભારે આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

# દેવગઢ બારીયાને જિલ્લો બનાવવાના સંકલ્પ સાથે દશેરા મેળામાં લોકસંસ્કૃતિનો ભવ્ય મહાસંગમ

## જય માતાજી ગરબા મંડળના આયોજનમાં 140 જેટલાં રજિસ્ટ્રેશન; ઢોલ, પાવા-વાંસળી અને ટીમલી સહિતની લોકકળાઓએ જમાવી રમઝટ

દેવગઢ બારીયા, પ્રતિનિધિ જાબીર શુક્લા

દેવગઢ બારીયાના ઐતિહાસિક દશેરા મેળા નિમિત્તે સર્કલ બજાર સ્થિત જય માતાજી ગરબા મંડળ દ્વારા ભવ્ય લોકસાંસ્કૃતિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં આશરે 140 જેટલાં રજિસ્ટ્રેશન સાથે વિવિધ લોકકલા જૂથોએ પોતાની આગવી કળા અને પરંપરાનું પ્રદર્શન કરી ઉપસ્થિત લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. કાર્યક્રમ દરમિયાન દેવગઢ બારીયાને સ્વતંત્ર જિલ્લો બનાવવાના સંકલ્પને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું.

આયોજક, પત્રકાર અને સામાજિક કાર્યકર નીલ સોનીના આયોજન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં પરંપરાગત ઢોલ-નગારા, પાવા-વાંસળી, શરણાઈ, ઘૂઘરા, દેશી સંગીત અને ટીમલી સહિતની લોકકળાઓની રમઝટ જોવા મળી હતી. વિવિધ સમાજોના કલાકારોએ પોતાની આગવી શૈલીમાં લોકસંગીત અને લોકનૃત્ય રજૂ કરી મેળામાં લોકસંસ્કૃતિનો રંગ જમાવ્યો હતો. કાર્યક્રમના આયોજક નીલ સોનીએ દેવગઢ બારીયાને સ્વતંત્ર જિલ્લાનો દરજ્જો આપવાની માંગને ફરી દોહરાવી હતી. તેમણે જણાવ્યું હતું કે દેવગઢ બારીયા ઐતિહાસિક વારસો, પ્રાચીન સંસ્કૃતિ અને આગવી ઓળખ ધરાવતો વિસ્તાર છે. આ વિસ્તારને જિલ્લાનો દરજ્જો મળે તો વહીવટી સુવિધાઓ વધુ સુલભ બને અને શિક્ષણ, આરોગ્ય સહિતના વિવિધ ક્ષેત્રોમાં વિકાસની નવી તકો ઊભી થઈ શકે છે. તેમણે દેવગઢ બારીયા સહિત આસપાસના વિસ્તારોને આવરી લેતા પ્રસ્તાવિત જિલ્લાની માંગને યોગ્ય મંચ સુધી પહોંચાડવા માટે લોકજાગૃતિ અને જનસહકારની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. જય માતાજી ગરબા મંડળના આ આયોજનમાં એક તરફ પરંપરાગત લોકકળાઓને પ્રોત્સાહન મળ્યું હતું, તો બીજી તરફ દેવગઢ બારીયાની આગવી ઓળખ અને જિલ્લા બનાવવાની માંગનો સંદેશ પણ લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ થયો હતો.

# એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF) અમદાવાદ ઝોનની મોટી કમાલ

## NDPS કેસમાં લાંબા સમયથી ફરાર કુખ્યાત વોન્ટેડ આરોપી મહેમદાવાદથી ઝડપાયો!

મહેમદાવાદ

ગુજરાતમાંથી નશાના કારોબારને જડમૂળથી ઉખડી ફેંકવા માટે રાજ્યની સુરક્ષા એજન્સીઓ અને પોલીસ ફુલ એક્શન મોડમાં છે. આ દરમિયાન અમદાવાદ શહેરના સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારના એન.ડી.પી.એસ. (NDPS) એક્ટના એક ગંભીર ગુનામાં લાંબા સમયથી પોલીસ આંખમાં ધૂળ નાખીને નાસતો ફરતો કુખ્યાત વોન્ટેડ આરોપી આખરે એ. એન.ટી.એફ. (ANTF) અમદાવાદ ઝોનની સઘન ટેક્નિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સ ટીમની જાલમાં ફસાઈ ગયો છે. પોલીસે માસ્ટરમાઈન્ડ આરોપીને ખેડા જિલ્લાના મહેમદાવાદથી દબોચી લઈને સરખેજ પોલીસને સુપરિપોર્ટ કર્યો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, એ.એન.ટી.એફ. અમદાવાદ ઝોનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.એન. આદરેજીયા, હેડ કોન્સ્ટેબલ એડવીન એલેક્ઝાન્ડર, પોલીસ કોન્સ્ટેબલ હિતેષકુમાર રામજીભાઈ, પોલીસ કોન્સ્ટેબલ નિરવભાઈ પ્રવિણભાઈ તથા પોલીસ કોન્સ્ટેબલ કૌશિકભાઈ જગદીશભાઈ સાથેની ટીમ અમદાવાદ ઝોન વિસ્તારમાં પેટ્રોલીંગ અને નાર્કોટિક્સ ડ્રાઈવમાં કાર્યરત હતી.

દરમિયાન, ANTF ટીમના હેડ કોન્સ્ટેબલ એડવીન એલેક્ઝાન્ડર તથા પોલીસ કોન્સ્ટેબલ હિતેષકુમાર રામજીભાઈને સંયુક્ત રીતે ચોક્કસ અને મજબૂત ખાનગી બાતમી મળી હતી કે, અમદાવાદ શહેરના સરખેજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એન.ડી.પી.એસ. એક્ટના ગુના (ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૮૨૬૦૮૧૧/૨૦૨, કલમ ૮(સી), ૨૦(બી)(II)(એ), ૨૯) મુજબનો નાસતો ફરતો વોન્ટેડ આરોપી મહંમદ ઈમ્તીયાઝ મહંમદ અનવર દિવાન (નાનો) હાલમાં પોતાના પિતાના ઘરે છુપાયેલો છે. આ બાતમી એટલી ચોક્કસ હતી કે આરોપી મહેમદાવાદ પોલીસ સ્ટેશનની પાછળ આવેલી મુરાદ શહીદ બાવા મસ્જિદની જગ્યામાં પોતાના ઘરે હોવાની હકીકત સ્પષ્ટ થઈ હતી.

# કરજણ રેલ્વે યાર્ડ પાસે ચાલુ ટ્રેને પટકાતા અજાણ્યા પ્રૌઢનું કરૂણ મોત

સાધલી / કરજણ - હસમુખ પટેલ

વડોદરા રેલ્વે ડિવીઝન અંતર્ગત આવતા મિયાગામ-કરજણ રેલ્વે યાર્ડ પાસે એક દર્દનાક દુર્ઘટના સામે આવી છે. ડાઉન લાઈન પરથી પસાર થઈ રહેલી કોઈ અજ્ઞાત ટ્રેનમાંથી અચાનક નીચે પટકાવાને કારણે આશરે 45 વર્ષીય અજાણ્યા પુરુષનું ગંભીર ઈજાઓના કારણે સ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તારીખ ૨૦ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સાંજે ૪:૫૦ કલાકના સમય પહેલાં આ દુર્ઘટના ઘટી હતી. મિયાગામ-કરજણ રેલ્વે યાર્ડની ડાઉન લાઈન પાસે અજાણ્યો પુરુષ કોઈપણ ચાલુ ટ્રેનમાંથી અસંતુલિત થઈને નીચે પડી ગયો હતો. ટ્રેનમાંથી પડવાને કારણે શરીરના ભાગો પર ગંભીર ઈજાઓ પહોંચતા તેણે ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. ઘટનાની જાણ થતા જ વડોદરા રેલ્વે સ્ટેશન હેઠળની કરજણ આઉટ પોસ્ટના એ.એસ.આઈ. કિરણભાઈ ચેતનભાઈ તાત્કાલિક પોલીસ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને જરૂરી કાગળો તેમજ આગળની તપાસ હાથ ધરી હતી.

મૃતકની શારીરિક ઓળખ અને પહેરવેશ: ઉંમર: આશરે 45 વર્ષ, બાંધો: મધ્યમ, વર્ણ: ઘઉંવર્ણો પહેરવેશ: સફેદ કલરનું આખી બાંયનું શર્ટ અને કમરે સફેદ કલરનો લેંગો પહેરેલો છે. પોલીસ દ્વારા મૃતકની ઓળખ પ્રસ્થાપિત કરવા અને તેના પરિવારજનોની શોધખોળ હાથ ધરવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. આ અહેવાલના માધ્યમથી સંબંધિત કે લાગતા-વળગતા વાલી-વારસા કે સ્વજનોને અપીલ કરવામાં આવે છે કે તેઓ તાત્કાલિક કરજણ આઉટ પોસ્ટ અથવા નીચે જણાવેલ નંબર પર સંપર્ક કરી જરૂરી ઓળખ વિધિ પૂર્ણ કરે.

### સુરત રેલવે સ્ટેશનનો બદલાશે આખો નજારો

# 74 વર્ષ જૂની ઐતિહાસિક ઇમારત ધરાશાયી કરી બનાવાશે વર્લ્ડ ક્લાસ આધુનિક 'કોન્કોર્સ એરિયા'!

સુરત

ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી તરીકે દેશ-વિદેશમાં ઓળખાતા સુરત શહેરને હવે રેલવે ક્ષેત્રે પણ એક અભૂતપૂર્વ અને ભવ્ય નવો અવતાર મળવા જઈ રહ્યો છે. ભારતીય રેલવે દ્વારા હાથ ધરાયેલા પુનર્વિકાસ (Redevelopment) પ્રોજેક્ટ હેઠળ સુરત રેલવે સ્ટેશનનો આખો નજારો બદલાઈ જશે. વર્ષ ૧૯૫૨માં બનેલી અને છેલ્લા ૭૪ વર્ષથી કરોડો મુસાફરોની સાક્ષી રહેલી ઐતિહાસિક સ્ટેશન ઈમારતને તોડીને તેની જગ્યાએ અત્યાધુનિક ફેસિલિટી ધરાવતો વિશાળ 'કોન્કોર્સ એરિયા' (Concourse Area) બનાવવાની મેગા યોજના તૈયાર કરી દેવામાં આવી છે. આ ભવ્ય અને મોહક રેલવે ટર્મિનલના નિર્માણકાર્યને વેગ આપવા માટે વહીવટી તંત્ર દ્વારા આગામી ડિસેમ્બર મહિનાથી પ્લેટફોર્મ નંબર-૧ સંપૂર્ણપણે બંધ કરવાની વિચારણા ચાલી રહી છે. પ્લેટફોર્મ પર નવા સ્ટ્રક્ચર અને પેસેન્જર સુવિધાઓ ઊભી કરવા માટે આ કડક નિર્ણય લેવો જરૂરી બન્યો છે.




આ મોટા બદલાવને કારણે સુરત સ્ટેશન પરથી પસાર થતી કે ઉપડતી ૧૫૦ થી વધુ ટ્રેનોના સ્ટોપેજ અને શિડ્યુલમાં ફેરફાર થવાની પૂરી શક્યતા છે. કેટલીક ટ્રેનોને ઉધના કે આસપાસના સ્ટેશનો પર ડાયવર્ટ કરવામાં આવી શકે છે, જેથી મુસાફરોએ મુસાફરીનું પ્લાનિંગ કરતી વખતે ખાસ ધ્યાન રાખવું પડશે.

રેલવે વિભાગના જણાવ્યા અનુસાર, નવા બની રહેલા કોન્કોર્સ એરિયામાં મુસાફરોને એરપોર્ટ જેવી આધુનિક અને વર્લ્ડ ક્લાસ સુવિધાઓ મળશે: વિશાળ વેટિંગ લાઉન્જ અને મલ્ટી-લેવલ પાર્કિંગ સુવિધા. ફૂડ કોર્ટ, રિટેલ આઉટલેટ્સ અને ડિજિટલ ઈન્ફોર્મેશન ડિસ્પ્લે. દિવ્યાંગો અને વરિષ્ઠ નાગરિકો માટે લિફ્ટ તથા એસ્કેલેટર્સની સીધી કનેક્ટિવિટી. સુરત બસ સ્ટેન્ડ (MTC) સાથે સીધું કનેક્ટિવિટી ધરાવતું ઈન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટ હબ. જૂની યાદો અને ૭૪ વર્ષનો ઈતિહાસ ધરાવતી ઈમારત ભલે વિદાય લેશે.



### આ વર્ષે 19મી સપ્ટેમ્બરના દીપિકા પાદુકોણે બીજી દીકરીને જન્મ આપ્યો હતો

# દીપિકા પદુકોણે દીકરીનું નામ 'દેવી' રાખતાં જ બિપાશા બસુએ આપ્યું રિએક્શન

મુંબઈ

બોલીવૂડના પાવરકપલ ગણાતા દીપિકા પાદુકોણ અને રણવીર સિંહે દશેરાના પાવન અવસરે પોતાની બીજી દીકરીની પ્રથમ ઝલક બતાવીને તેનું નામ 'દેવી પાદુકોણ સિંહ' જાહેર કર્યું છે. કપલે શેર કરેલા આ ક્યૂટ ફેમિલી ફેમિલી ફોટો પર સમગ્ર બોલીવૂડ અને ફેન્સ પ્રેમ વરસાવી રહ્યા છે, પરંતુ આ સમગ્ર એનાઉન્સમેન્ટ વચ્ચે બોલીવૂડ એક્ટ્રેસ બિપાશા બસુની એક કમેન્ટે સોશિયલ મીડિયા પર સૌથી વધુ ચર્ચા જગાવી છે. વાસ્તવમાં બિપાશા બસુ અને કરણ સિંહ ગ્રોવરની દીકરીનું નામ પણ 'દેવી' છે. તેથી દીપિકાની પોસ્ટ જોતાં જ બિપાશાએ કરેલી શરૂઆતી પ્રતિક્રિયાએ નેટિઝન્સનું ધ્યાન ખેંચ્યું હતું. બોલીવૂડના સુપરસ્ટાર દીપિકા પદુકોણ અને રણવીર સિંહે દશેરા નિમિત્તે ફેન્સ સાથે ગુડ ન્યુઝ શેર કરતાં સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી હતી. દીપિકા પદુકોણ દીપિકા અને રણવીરે પોતાની બંને દીકરીઓ સાથેનો ફેમિલી ફોટો પોસ્ટ કરીને કેપ્શનમાં બીજી દીકરીનું નામ પણ રીવિલ કર્યું હતું. સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલી આ પોસ્ટમાં કપલે લખ્યું હતું કે પ્રેમ અને સમૃદ્ધિથી ભરપૂર... દેવી પાદુકોણ સિંહ.

જોકે, આ બધા વચ્ચે દીપવીરની પોસ્ટ પર બોલીવૂડ એક્ટ્રેસ બિપાશા બાસુનું રિએક્શન ચર્ચાનું કારણ બન્યું છે. બિપાશાએ આ પોસ્ટ પર કમેન્ટ કરતાં લખ્યું હતું કે 'So when you told me about this, you were serious?' (એટલે જ્યારે તેં મને આ વિશે કહ્યું હતું, ત્યારે તું ખરેખર સિરિયસ હતી?). જોકે, આ કમેન્ટના થોડા જ સમયમાં બિપાશાએ તેને એડિટ કરીને માત્ર 'Devi' લખી સાથે રેડ હાર્ટ ઈમોજી જોડી દીધું હતું. ભલે બિપાશાએ કમેન્ટ બદલી નાખી, પરંતુ ફેન્સે તેનો સ્ક્રીનશોટ લઈ લીધો હતો. આનાથી સ્પષ્ટ થાય છે કે દીપિકાએ દીકરીના જન્મ પહેલાં કે નામકરણ વખતે બિપાશા સાથે વાતચીત દરમિયાન આ નામનો ઉલ્લેખ કર્યો હતો, જેને બિપાશાએ કદાચ મજાક સમજી લીધી હતી. અહીંયા તમારી જાણકારી માટે કે બિપાશા બસુ અને કરણ સિંહ ગ્રોવરે નવેમ્બર, 2022માં પોતાની દીકરીનું નામ 'દેવી બસુ સિંહ ગ્રોવર' રાખ્યું હતું. હવે દીપિકા અને રણવીરે પણ પોતાની નાની લાડકવાયીનું નામ 'દેવી' રાખતાં ફેન્સ બંને પરિવારો વચ્ચેના આ સુંદર સંયોગની ખુશી વ્યક્ત કરી રહ્યા છે.

**બિપાશા બસુ અને કરણ સિંહ ગ્રોવરે નવેમ્બર, 2022માં પોતાની દીકરીનું નામ 'દેવી બસુ સિંહ ગ્રોવર' રાખ્યું હતું**

# સુવર્ણ મંદિરમાં ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડી સારા અલી ખાન

## આયુષ્માન સાથેની તસવીરોમાં તે પ્રાર્થના કરતી જોવા મળી હતી. આ ફિલ્મ 23 ઓક્ટોબરે રિલીઝ થશે

મુંબઈ

'ઉડતા તીર'ની થિયેટર રિલીઝ નજીક આવી રહી છે ત્યારે દશેરાના અવસર પર એક્ટર આયુષ્માન ખુરાના અને સારા અલી ખાને અમૃતસરના સુવર્ણ મંદિરમાં જઈને આશીર્વાદ લીધા. તેમની તસવીરો વાઈરલ થઈ રહી છે જેમાં બંને એક્ટર દરબાર સાહિબમાં પ્રાર્થના કરતા નજર આવી રહ્યા છે. બીજી તરફ એક વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થઈ રહ્યો છે જેમાં સારા અલી ખાન ભાવુક નજર આવી અને તે સુવર્ણ મંદિરમાં ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડી પડી. આ વીડિયો યુઝર્સનું ધ્યાન ખેંચી રહ્યો છે. સારાએ પવિત્ર તીર્થસ્થળ પર આયુષ્માન સાથે એક તસવીર શેર કરીને ફેન્સને તેમની આ યાત્રાની ઝલક બતાવી. બંને કલાકારોએ સફેદ કપડાં પહેરેલા હતા. સારાએ દુપટ્ટાથી પોતાનું માથું ઢાંક્યું હતું અને તે બંને હાથ જોડીને પ્રાર્થનાની મુદ્રામાં ઉભી હતી. આ તસવીરની સાથે સારાએ લખ્યું, 'હેપ્પી દશેરા. બધાને ઘણો બધો પ્રેમ, સારી કિસ્મત અને ખુશીઓ મળે,' અને આ રીતે પોતાના ફોલોઅર્સને તહેવારની શુભકામનાઓ પાઠવી. જોકે તસવીરોમાં એક શાંત પળ કેદ થઈ હતી, પરંતુ તેમની આ યાત્રાનો એક વીડિયો ઈન્ટરનેટ પર વાયરલ થઈ ગયો છે. આ ક્લિપમાં સારા ખૂબ જ ભાવુક નજરે પડી રહી છે. દરબાર સાહિબમાં પ્રાર્થના કરતી વખતે તેની આંખોમાંથી આંસુ છલકાઈ પડ્યા. 'ઉડતા તીર'ની રિલીઝ પહેલા સુવર્ણ મંદિરનો પ્રવાસ કરવામાં આવ્યો છે. આ ફિલ્મ 23 ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. પહેલા આ ફિલ્મ 9 ઓક્ટોબરે રિલીઝ થવાની હતી, પરંતુ બાદમાં તેની તારીખ આગળ વધારી દેવામાં આવી.



# કિમ કાર્દાશિયન @46, ક્લોથિંગ સ્ટોર વર્કરથી બની ગ્લોબલ સ્ટાર

## વૈભવી જીવનની શોખીન કિમ કાર્દાશિયને એક પ્રાઈવેટ જેટ પણ ખરીધું છે, જેને તે કિમ એર કહે છે

મુંબઈ

ગ્લોબલ મીડિયા પર્સનાલિટી કિમ કાર્દાશિયન આજે 46 વર્ષની થઈ ગઈ છે. આજે 17 હજાર કરોડ રૂપિયાની સંપત્તિની માલિક કિમ કાર્દાશિયન થોડાં વર્ષો પહેલાં સુધી સામાન્ય જીવન જીવતી હતી અને એક ક્લોથિંગ સ્ટોરમાં નોકરી કરતી હતી, પરંતુ ત્યારબાદ પેરિસ હિલ્ટન જેવી જાણીતી હસ્તીઓ સાથેની તેની મિત્રતાએ તેને ચર્ચામાં લાવી દીધી. પછી વર્ષ 2007માં એક સેક્સ ટેપ સામે આવી, જેને કથિત રીતે કિમે પોતે વેચી હતી. આ ટેપને કારણે અનેક વિવાદો થયા. ક્યારેક કહેવામાં આવ્યું કે આ ટેપ તેના બોયફ્રેન્ડ જે.એ નશામાં બનાવી હતી અને તેની મંજૂરી વિના વેચી દીધી હતી, તો ક્યારેક એવું પણ કહેવામાં આવ્યું કે કિમે જાણીજોઈને તેને જાહેર કરી હતી. ભલે આ પબ્લિસિટી સ્ટન્ટ હોય કે છેતરપિંડી, કિમે રાતોરાત ઓળખ બનાવી લીધી અને ત્યારબાદ તેણે લોકોનું ધ્યાન ખેંચી શકે તેવું દરેક કામ કર્યું. ક્યારેક તેણે પોતાના પર વીડિયો ગેમ બનાવી, ક્યારેક પરફ્યુમ ફ્રેગરન્સ બનાવી, તો ક્યારેક સાવકી બહેનો અને પરિવાર સાથેના જીવન પર રિયાલિટી શો બનાવી દીધો.

સમય જતાં કિમે લોકપ્રિયતા મેળવી અને આજે તે દુનિયાની સૌથી ધનાઢ્ય સેલિબ્રિટીઝમાં સામેલ છે. વૈભવી જીવનની શોખીન કિમ કાર્દાશિયને એક પ્રાઈવેટ જેટ પણ ખરીદ્યું છે, જેને તે કિમ એર કહે છે. 1300 કરોડ રૂપિયાના આ જેટમાં એક વખત કિમ માત્ર 1300 રૂપિયાનો ચીઝકેક ખાવા માટે પેરિસ ગઈ હતી.

આજે કિમ કાર્દાશિયનના જન્મદિવસના ખાસ અવસરે જાણીએ ક્લોથિંગ સ્ટોરની નોકરીથી લઈને વૈશ્વિક ખ્યાતિ મેળવવા સુધીની અને તેની સાથે જોડાયેલા કેટલાક વિવાદોની કહાની-

21 ઑક્ટોબર 1980ના રોજ કિમ કાર્દાશિયનનો જન્મ લૉસ એન્જલસમાં જાણીતા વકીલ રોબર્ટ કાર્દાશિયન અને બિઝનેસમેન ક્રિસ કાર્દાશિયનના ઘરે થયો હતો.





# બોલિવૂડમાં શોકની લહેર: અભિનેત્રી દિવ્યા વીનેકરનું અવસાન થયું

## 'ડાર્લિંગ્સ' ઉપરાંત દિવ્યા વીનેકર વર્ષ 2022માં આવેલી ફિલ્મ 'જલસા'માં પણ જોવા મળી હતી

મુંબઈ

બોલિવૂડ અને મનોરંજન જગતમાંથી દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અભિનેત્રી અને કન્ટેન્ટ ક્રિએટર દિવ્યા વીનેકરનું 40 વર્ષની આસપાસની વયે અચાનક નિધન થયું છે. આલિયા ભટ્ટ અને શેફાલી શાહની ફિલ્મ 'ડાર્લિંગ્સ'માં મહિલા પોલીસ કોન્સ્ટેબલની ભૂમિકા ભજવીને જાણીતી બનેલી દિવ્યાના નિધનથી તેના મિત્રો, સહકર્મચારીઓ અને ચાહકોમાં શોકની લાગણી ફેલાઈ છે. તેની નજીકની મિત્ર અને જાણીતી રેડિયો જોકી રોહિણી રામનાથને સોશિયલ મીડિયા પર ભાવુક પોસ્ટ શેર કરીને આ દુઃખદ સમાચારની જાણકારી આપી હતી. રોહિણી રામનાથને 20 ઓક્ટોબરે ઈન્સ્ટાગ્રામ પર દિવ્યાને શ્રદ્ધાંજલિ આપતાં જણાવ્યું હતું કે તેનું નિધન અચાનક અને અણધાર્યું હતું. તેણે દિવ્યાને પ્રેમથી 'DV' કહીને યાદ કરી અને તેના જવાથી વ્યક્તિગત તથા વ્યાવસાયિક જીવનમાં મોટી ખોટ પડી હોવાનું જણાવ્યું હતું. રોહિણીએ દિવ્યાના પરિવારજનો અને તેને પ્રેમ કરતા લોકો આ મુશ્કેલ સમયમાં ઊંડા દુઃખમાંથી પસાર થઈ રહ્યા હોવાનું પણ લખ્યું હતું. સાથે જ તેણે લોકોને પરિવારની ખાનગી બાબતોનું સન્માન કરવા અને આ સમયે બિનજરૂરી પૂછપરછ ટાળવાની અપીલ કરી હતી.

રોહિણીએ પોતાની પોસ્ટમાં દિવ્યાના વ્યક્તિત્વ અને કાર્યશૈલીની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે કામ પ્રત્યેની તેની નિષ્ઠા, દયાળુ સ્વભાવ અને વિષય અંગેની સમજ તેને અન્ય લોકોથી અલગ બનાવતાં હતાં. રોહિણીએ દિવ્યાને યાદ કરતાં લખ્યું કે તેની ખોટ હંમેશાં સાલશે. તેની સાથે વિતાવેલી ક્ષણો અને તેણે લોકોના જીવનમાં છોડેલી છાપને ક્યારેય ભૂલી શકાય તેમ નથી. દિવ્યા વીનેકરને સૌથી વધુ ઓળખ વર્ષ 2022માં રિલીઝ થયેલી નેટફ્લિક્સ ફિલ્મ 'ડાર્લિંગ્સ'માં ભજવેલી મહિલા પોલીસ કોન્સ્ટેબલની ભૂમિકાથી મળી હતી. જસમીત કે. રીનના દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મમાં આલિયા ભટ્ટ, શેફાલી શાહ, વિજય વર્મા અને રોશન મેથ્યુએ મહત્ત્વની ભૂમિકાઓ ભજવી હતી.

# બોક્સઓફિસને ફળી દશેરાની રજા: 'જેલર 2'ની કમાણીમાં જોરદાર ઉછાળો, 'દૃશ્યમ 3'એ પણ કરી છપ્પરફાડ કમાણી

મુંબઈ

દશેરાની રજાએ સિનેમાઘરોમાં ફિલ્મોની કમાણીમાં જોરદાર ઉછાળો લાવ્યો છે. મંગળવારે સુપરસ્ટાર રજનીકાંતની ફિલ્મ 'જેલર 2'એ બોક્સ ઓફિસ પર શાનદાર પ્રદર્શન કર્યું હતું. બીજી તરફ, અજય દેવગનની 'દૃશ્યમ 3'એ ત્રીજા સપ્તાહમાં પણ પોતાની મજબૂત પકડ જાળવી રાખી હતી. રાજકુમાર રાવની 'પ્રહાર', યામી ગૌતમની 'નયી નવેલી' અને વિજય દેવરકોંડા તથા રશ્મિકા મંદાનાની 'રાણાબાલી'ની કમાણીમાં પણ વધારો નોંધાયો હતો. રજનીકાંતની 'જેલર 2'એ દશેરાના દિવસે પોતાની કમાણીમાં નોંધપાત્ર વધારો કર્યો હતો. એક રિપોર્ટ અનુસાર, ફિલ્મે રિલીઝના છઠ્ઠા દિવસે એટલે કે મંગળવારે ભારતમાં અંદાજે રૂપિયા 45.55 કરોડની નેટ કમાણી કરી હતી. આ સાથે છ દિવસની કુલ ભારતીય નેટ કમાણી રૂપિયા 287.80 કરોડે પહોંચી હતી. ફિલ્મે અગાઉ સોમવારે પણ રૂપિયા 42.35 કરોડનું કલેક્શન કર્યું હતું. દશેરાની રજાએ ફિલ્મને મળેલા પ્રતિસાદથી તેની બોક્સ ઓફિસ પરની મજબૂત સ્થિતિ વધુ સ્પષ્ટ થઈ હતી. રાજકુમાર રાવની કોર્ટરૂમ ડ્રામા ફિલ્મ 'પ્રહાર'એ પણ દશેરાના દિવસે કમાણીમાં સુધારો નોંધાવ્યો હતો. રિલીઝના ચોથા દિવસે સોમવારે ફિલ્મે રૂપિયા 2 કરોડની કમાણી કરી હતી, જ્યારે પાંચમા દિવસે મંગળવારે તેનો આંકડો વધીને રૂપિયા 3.30 કરોડ થયો હતો. આ સાથે ફિલ્મની પાંચ દિવસની કુલ ભારતીય નેટ કમાણી રૂપિયા 14.45 કરોડ થઈ હતી. રજાના દિવસે દર્શકોની વધેલી સંખ્યાનો ફિલ્મને ફાયદો થયો હતો. યામી ગૌતમની ફિલ્મ 'નયી નવેલી'એ પણ દશેરાની રજાનો લાભ લીધો હતો. સોમવારે રૂપિયા 2.65 કરોડની કમાણી કર્યા બાદ ફિલ્મે મંગળવારે રૂપિયા 4.35 કરોડનું નેટ કલેક્શન કર્યું હતું.



## બાંગ્લાદેશ-નેપાળમાં 21 જાન્યુઆરીથી શરૂ થશે; 16 ટીમો રમશે; ભારત 22મીએ રમશે

# વુમન્સ અંડર-19 T20 વર્લ્ડ કપ 2027નું શેડ્યૂલ જાહેર

મુંબઈ

ICC વુમન્સ અંડર-19 T20 વર્લ્ડ કપ 2027નું શેડ્યૂલ જાહેર થઈ ગયું છે. ટૂર્નામેન્ટ 21 જાન્યુઆરીથી બાંગ્લાદેશ અને નેપાળમાં શરૂ થશે. ટૂર્નામેન્ટમાં 16 ટીમો ભાગ લેશે. ચાર ગ્રુપમાં કુલ 41 મેચ રમાશે. મુકાબલા બંને દેશોના ચાર સ્ટેડિયમમાં યોજાશે.

પ્રથમ દિવસે આઠ ટીમો ચાર મેચમાં મેદાનમાં ઉતરશે. સહ-મેજબાન બાંગ્લાદેશનો સામનો UAE સામે થશે. નેપાળ 22 જાન્યુઆરીએ આયર્લેન્ડ સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત પણ 22 જાન્યુઆરીએ વેસ્ટ ઈન્ડિઝ સામે પોતાની પ્રથમ મેચ




રમશે. આ ટૂર્નામેન્ટની ત્રીજી આવૃત્તિ હશે. પ્રથમ વખત તેનું આયોજન 2023માં થયું હતું. મેચો ચટ્ટોગ્રામના બીર શહીદ ફ્લાઈટ લેફ્ટનન્ટ મતિયુર રહમાન ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. આ ઉપરાંત સિલહટના સિલહટ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ, કાઠમંડુના TU ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ અને અપર મુલપાની ઈન્ટરનેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડમાં પણ મુકાબલા રમાશે. ગ્રુપ સ્ટેજની મેચો 26 જાન્યુઆરી સુધી ચાલશે. ત્યારબાદ ક્વોલિફાય કરનાર ટીમો સુપર સિક્સ સ્ટેજમાં પહોંચશે. સુપર સિક્સ સ્ટેજમાં ટીમોને બે ગ્રુપમાં વહેંચવામાં આવશે. બંને ગ્રુપની ટોચની 2 ટીમો સેમિફાઈનલમાં પહોંચશે. 4 ફેબ્રુઆરીએ સેમિફાઈનલ, 6 ફેબ્રુઆરીએ ફાઈનલ સેમિફાઈનલ 4 ફેબ્રુઆરીએ બીર શહીદ ફ્લાઈટ લેફ્ટનન્ટ મતિયુર રહમાન ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. આ માટે 5 ફેબ્રુઆરીને રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે. ફાઈનલ 6 ફેબ્રુઆરીએ સ્થાનિક સમય અનુસાર 13:30 વાગ્યે રમાશે. ફાઈનલ માટે 7 ફેબ્રુઆરીને રિઝર્વ ડે નક્કી કરવામાં આવ્યો છે. ભારતીય ટીમ શરૂઆતની બંને એડિશનની ચેમ્પિયન.

## ફ્રેન્ચ ઓપન બેડમિન્ટનમાં સાત્વિક-ચિરાગની જોડી હારી

નવી દિલ્હી

સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ભારતીય જોડી ફ્રેન્ચ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાં હારી ગઈ છે. જ્યારે અસ્મિતા ચાલિહા અને તન્વી શર્મા વુમન્સ સિંગલ્સમાં પોતાની-પોતાની મેચ જીતીને આગળ વધી ગઈ છે. પેરિસમાં મંગળવારે મેન્સ ડબલ્સના રાઉન્ડ ઑફ 32 મુકાબલામાં સાત્વિક-ચિરાગની જોડીને ફ્રાન્સના ક્રિસ્ટો પોપોવ અને તોમા જુનિયર પોપોવે 19-21, 21-18, 13-21થી હરાવી હતી. આ મુકાબલો એક કલાકથી થોડો વધુ સમય ચાલ્યો હતો. સાત્વિક અને ચિરાગે ક્રિસ્ટો પોપોવ અને તોમા જુનિયર પોપોવ સામે બીજી ગેમ જીતીને વાપસી કરી હતી. જોકે, ભારતીય જોડી નિર્ણાયક ગેમમાં 13-21થી હારી ગઈ.

આ પહેલાં મહિલા ડબલ્સમાં ટ્રેસા જોલી અને ગાયત્રી ગોપીચંદને રાઉન્ડ ઑફ 32માં હારનો સામનો કરવો પડ્યો. ભારતીય જોડીને ચાઈનીઝ તાઈપેઈની લિન ચિહ-ચુન અને યાંગ ચૂ યુને 21-17, 21-18થી હરાવી.

અસ્મિતા અને તન્વી સીધી ગેમમાં જીત્યાં અસ્મિતાએ ચીનની હાંગ કિયાન શીને 21-18, 24-22થી હરાવી. તેમણે આ મુકાબલો 39 મિનિટમાં જીતીને આગલા રાઉન્ડમાં સ્થાન મેળવ્યું. તન્વી શર્માએ પોતાની જ દેશવાસી ઈશારાની બરુઆને 21-12, 21-12થી હરાવી. 32 મિનિટમાં મળેલી આ જીત સાથે તન્વી રાઉન્ડ ઑફ 16માં પહોંચી ગઈ.

### વર્લ્ડકપમાં આ દિગ્ગજોનું ભવિષ્ય તેમના પ્રદર્શન પર નિર્ભર રહેશે

## 'ઉંમરથી ફરક નથી પડતો, વર્લ્ડકપમાં આ 2 શરતો નક્કી કરશે રોહિત અને વિરાટનું ભવિષ્ય: BCCI

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમના બે દિગ્ગજ ખેલાડીઓ રોહિત શર્મા અને વિરાટ કોહલી આગામી ICC વનડે વર્લ્ડકપ 2027માં રમશે કે નહીં તે અંગે લાંબા સમયથી ચાલી રહેલી ચર્ચાઓ પર હવે BCCI પ્રેસિડેન્ટ મિથુન મન્હાસે મહત્વનું નિવેદન આપ્યું છે. મિથુન મન્હાસે સ્પષ્ટ કહ્યું છે કે, '2027ના વર્લ્ડકપમાં પસંદગી માટે ઉંમર કોઈ મોટો વિષય નથી, પરંતુ આ બંને ખેલાડીઓનું ભવિષ્ય માત્ર 2 બાબતો પર નિર્ભર કરશે.' અગાઉ ચીફ સિલેક્ટર અજીત અગરકરની આગેવાનીવાળી કમિટી રોહિતની જગ્યાએ યશસ્વી જયસ્વાલને લાવવાની યોજના બનાવી રહી હોવાની ચર્ચાઓ હતી, પરંતુ ઈંગ્લેન્ડ પ્રવાસમાં શાનદાર પ્રદર્શન બાદ પૂર્વ કેપ્ટન રોહિતે પોતાનું સ્થાન મજબૂત રાખ્યું છે. BCCI અધ્યક્ષે સંકેત આપ્યો છે કે, સિનિયર બેટ્સમેનોની વર્લ્ડકપમાં પસંદગી તેમના સતત સારા પ્રદર્શન પર નિર્ભર કરશે. આગામી વનડે વર્લ્ડકપ 2027 ઓક્ટોબર અને નવેમ્બર મહિનામાં દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામીબિયામાં રમાવાનો છે. ન્યુઝીલેન્ડ સામેના મહત્વપૂર્ણ પ્રવાસ પહેલાં તેમણે જણાવ્યું કે, 'પસંદગી માટે ઉંમર નહીં પરંતુ ખેલાડીની ફિટનેસ અને તેનું પ્રદર્શન જ એકમાત્ર માપદંડ હોવું જોઈએ. જો કોઈ ખેલાડી સંપૂર્ણ રીતે ફિટ હોય, સારું પ્રદર્શન કરતો હોય અને દેશને મેચ જીતાડતો હોય, તો તેનાથી મોટો કોઈ માપદંડ હોઈ શકે નહીં.' રોહિત શર્મા અને વિરાટ કોહલી T20 અને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યા છે અને હાલ માત્ર વનડે ફોર્મેટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. વર્ષ 2023ના વર્લ્ડકપમાં રોહિતની કેપ્ટનશીપ હેઠળ ભારતે ફાઈનલ સુધીની સફર ખેડી હતી. બોર્ડ અધ્યક્ષના મતે, શુભમન ગિલ ભારત અને IPLમાં ગુજરાત ટાઈટન્સ માટે કેપ્ટનશીપ કરી ચૂક્યો હોવાથી તેની પાસે સારો અનુભવ છે.

# ઇન્ટરવ્યૂ દરમિયાન ઇમોશનલ થઈ હરમનપ્રીત કૌર

### ભાવુક થતાં માઇક ફેંક્યું, પૂર્વ કેપ્ટને 91 રનની ઇનિંગ રમી; ઝિમ્બાબ્વેને 92 રને હરાવીને સિરીઝ 3-0થી જીતી

મુંબઈ

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ઝિમ્બાબ્વેને ત્રીજી T20 મેચમાં 92 રનથી હરાવીને ત્રણ મેચની સિરીઝ 3-0થી જીતી લીધી. રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં ભારતે પહેલી બેટિંગ કરતાં 20 ઓવરમાં 7 વિકેટે 216 રન બનાવ્યા. જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ 20 ઓવરમાં 7 વિકેટે 124 રન જ બનાવી શકી. ભારત તરફથી શેફાલી વર્મા અને હરમનપ્રીત કૌરે અડધી સદી ફટકારી. શેફાલીએ 37 બોલમાં 69 રન બનાવ્યા. હરમનપ્રીત 41 બોલમાં 91 રન બનાવીને અણનમ રહી. બોલિંગમાં નંદની શર્માએ 18 રન આપીને 3 વિકેટ ઝડપી. મંગળવારે ભારતે ઘરઆંગણે સૌથી મોટી T20 જીત નોંધાવી. આ પહેલાં ટીમે 2016માં બાંગ્લાદેશને 72 રનથી હરાવ્યું હતું.

હરમનપ્રીત એક સમયે 12 બોલમાં 11 રન બનાવીને રમી રહી હતી. ત્યાર બાદ તેણે મોટા શોટ ફટકારવાનું શરૂ કર્યું અને 41 બોલમાં અણનમ 91 રન બનાવી નાખ્યા. તેની ઈનિંગ્સમાં 10 ચોગ્ગા અને 5 છગ્ગાનો સમાવેશ થતો હતો. તેનો સ્ટ્રાઈક રેટ 221.95 રહ્યો.

હરમનપ્રીતે શેફાલી સાથે ત્રીજી વિકેટ માટે 41 બોલમાં 84 રનની ભાગીદારી કરી. છેલ્લી પાંચ ઓવરમાં ભારતે 62 રન બનાવ્યા, જોકે આ દરમિયાન ટીમે ચાર વિકેટ પણ ગુમાવી.




ઈનિંગ્સ બાદના ઈન્ટરવ્યૂ દરમિયાન હરમનપ્રીત ભાવુક થઈ ગઈ અને તેની આંખોમાં આંસુ આવી ગયા. કેપ્ટનપદ છોડ્યા બાદ આ તેની પ્રથમ સિરીઝ હતી. 6 ઓક્ટોબરે તેણે ભારતીય ટીમના ત્રણેય ફોર્મેટની કેપ્ટનશીપ છોડવાની જાહેરાત કરી હતી. ત્યાર બાદ સ્મૃતિ મંધાનાને નવી કેપ્ટન બનાવવામાં આવી.

ભારતની ઈનિંગ્સની શરૂઆત શેફાલી વર્મા અને અનુષ્કા શર્માએ કરી. બંનેએ પ્રથમ વિકેટ માટે 54 રનની ભાગીદારી કરી. અનુષ્કાએ 20 બોલમાં 28 રન બનાવ્યા, જેમાં 4 ચોગ્ગા અને એક છગ્ગાનો સમાવેશ થાય છે. તે 5.2 ઓવરમાં આઉટ થઈ ગઈ.

શેફાલીએ આક્રમક બેટિંગ ચાલુ રાખી. તેમણે 37 બોલમાં 69 રન બનાવ્યા, જેમાં 6 ચોગ્ગા અને 5 છગ્ગાનો સમાવેશ થાય છે. તેનો સ્ટ્રાઈક રેટ 186.49 રહ્યો. 217 રનના ચેઝ કરવા ઉતરેલી ઝિમ્બાબ્વેની શરૂઆત ખરાબ રહી.



### 3.58 કરોડ ફોન વેચાયા, 10 વર્ષમાં સૌથી ઓછા

# ભારતમાં તહેવારો છતાં સ્માર્ટફોનનું વેચાણ 26% ઘટ્યું

મુંબઈ

ફેસ્ટિવ સીઝન હોવા છતાં ભારતમાં છેલ્લા 3 મહિનામાં નવા સ્માર્ટફોનનું વેચાણ 26% ઘટી ગયું છે. માર્કેટ રિસર્ચ ફર્મ 'Omdia' મુજબ, જુલાઈથી સપ્ટેમ્બર વચ્ચે દેશભરમાં કુલ 3.58 કરોડ ફોન જ વેચાયા. વર્ષ 2016 પછી એટલે કે છેલ્લા 10 વર્ષમાં કોઈપણ ત્રિમાસિક ગાળામાં આ સૌથી ઓછું છે. સ્માર્ટફોનના સતત વધી રહેલા ભાવ અને લોકો દ્વારા જૂના ફોનનો લાંબા સમય સુધી ઉપયોગ કરવો, આ ઘટાડાનું સૌથી મોટું કારણ માનવામાં આવે છે. સેમસંગે સૌથી વધુ 67 લાખ ફોન વેચ્યા, એપલ 5મા સ્થાને સેમસંગે સમગ્ર દેશમાં 2026ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં (જુલાઈથી સપ્ટેમ્બર) 67 લાખ ફોન વેચીને ફરી એકવાર પ્રથમ સ્થાન મેળવ્યું. અઢી વર્ષ (Q1 2024) બાદ સેમસંગ ફરીથી નંબર-1 પર પહોંચી છે. તેની પાછળ તેના સસ્તા ફોન (જેમ કે Galaxy A07, A17 અને A27) અને પ્રીમિયમ સ્માર્ટફોનની સારી



માગ રહી. આ ઉપરાંત સરળ હપ્તા અને એક્સચેન્જ ઓફર્સથી પણ ફાયદો થયો. ચીની કંપનીઓ વીવો, ઓપ્પો અને શાઓમીનું વેચાણ ઘટ્યું વીવો: 64 લાખ ફોન વેચીને બીજા ક્રમે રહ્યું, પરંતુ વારંવાર ભાવ વધવા અને સસ્તા ફોનની અછતને કારણે તેના વેચાણમાં 34%નો ઘટાડો થયો. ઓપ્પો: 49 લાખ ફોનના વેચાણ સાથે ત્રીજા ક્રમે રહ્યું, જેમાં વાર્ષિક વેચાણમાં 24%નો ઘટાડો નોંધાયો. શાઓમી: 47 લાખ ફોન વેચીને ચોથા ક્રમે રહ્યું અને વેચાણમાં 28%નો ઘટાડો થયો. પાર્ટ્સ મોંઘા થવાને કારણે મોડલ અને કિંમતોમાં ફેરફાર કરવો પડ્યો, જેના કારણે માંગ ઘટી. આઈફોન 17 અને 16ની માગને કારણે એપલ ટોપ-5માં સામેલ એપલે 39 લાખ ફોન વેચીને 5મા નંબરે સ્થાન મેળવ્યું. ભાવ વધવાની આશંકાને કારણે દુકાનદારો તરફથી એડવાન્સ સ્ટોક રાખવામાં આવ્યો અને આઈફોન 17 તથા 16 મોડલ્સની માગને કારણે વેચાણમાં વધારો થયો. બીજી તરફ, નવા આઈફોન 18 પ્રો અને 18 પ્રો મેક્સના લોન્ચિંગે પણ વેચાણ વધારવામાં મદદ કરી. ચીની કંપનીઓનો માર્કેટ શેર 75%થી ઘટીને 68% થયો Omdiaના અહેવાલ અનુસાર, ભારતમાં ચીની કંપનીઓનું વર્ચસ્વ ઘટ્યું છે. એક વર્ષ પહેલા ચીની બ્રાન્ડ્સનો માર્કેટ શેર 75% હતો, જ્યારે આ વખતે તે ઘટીને 68% થઈ ગયો છે.

બીજી તરફ, સેમસંગ અને એપલે પોતાના મોંઘા-પ્રીમિયમ ફોન, મજબૂત દુકાનોના નેટવર્ક તથા સરળ EMI અને એક્સચેન્જ ઓફર્સને કારણે બજારમાં પોતાની પકડ મજબૂત જાળવી રાખી છે.

### એક કિલો ચાંદીનો ભાવ ₹5,000 ઘટ્યો

# સોનું બે દિવસમાં ₹2,300 સસ્તું થયું: 10 ગ્રામની કિંમત ₹1.44 લાખ થઈ

### એક કિલો ચાંદીની કિંમત ઘટીને 2.06 લાખ રૂપિયા થઇ ગઇ છે

મુંબઈ



21 ઓક્ટોબરે સોના-ચાંદીના ભાવમાં સતત બીજા કારોબારી દિવસે ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,884 રૂપિયા ઘટીને 1.44 લાખ રૂપિયા પર આવી ગયું છે.

એક કિલો ચાંદીની કિંમત 2,900 રૂપિયા ઘટીને 2.06 લાખ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે બે દિવસમાં સોનું 2,300 હજાર રૂપિયા અને ચાંદી 5 હજાર રૂપિયા સસ્તી થઈ છે. આ પહેલાં ગયા મહિને એટલે કે સપ્ટેમ્બરમાં સોનું 8 હજાર અને ચાંદી 15 હજાર રૂપિયા સસ્તી થઈ હતી. 31 ઓગસ્ટે સોનું 1.56 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતું, જે 30 સપ્ટેમ્બરે ઘટીને 1.48 લાખ રૂપિયા પર આવી ગયું. તેવી જ રીતે, 1 કિલો ચાંદીની કિંમત 2.37 લાખ રૂપિયાથી ઘટીને 2.22 લાખ રૂપિયા પર આવી ગઈ.

શું આ ઘટાડો લાંબો ચાલશે?

નિષ્ણાતોનું માનવું છે કે હાલમાં સોના-ચાંદીના ભાવોમાં ઉતાર-ચઢાવ યથાવત્ રહી શકે છે:

અમેરિકાની કેન્દ્રીય બેંક 'ફેડરલ રિઝર્વ'એ 3 વર્ષમાં પહેલી વાર વ્યાજના દરોમાં વધારો કર્યો છે. તેના કારણે સોનાના ભાવમાં ઘટાડો થયો છે.

જોકે અમેરિકા-ઈરાન યુદ્ધ અને આર્થિક અનિશ્ચિતતાને કારણે સોનાને ટેકો મળી શકે છે. રોકાણકારો ફરી એકવાર સોનાને સુરક્ષિત રોકાણ તરીકે પસંદ કરી શકે છે.

રોકાણકારોએ સાવચેત રહેવું જોઈએ, કારણ કે બજારમાં હજુ પણ નબળાઈના સંકેતો દેખાઈ રહ્યા છે. કોઈપણ મોટા ઘટાડા પર ખરીદીની તક પણ ઊભી થઈ શકે છે.

### એક શેર પર 250 રૂપિયાથી વધુનો નફો; 1 કલાકમાં ફુલી સબ્સ્ક્રાઇબ થયો

# જિયોનો IPO જેને લાગ્યો તેને બખ્ખા!: ખુલતાની સાથે ગ્રે માર્કેટમાં ધૂમ મચાવી

મુંબઈ

મુકેશ અંબાણીની કંપની જિયો પ્લેટફોર્મ્સ શેર માર્કેટમાં પ્રવેશ કરવા માટે તૈયાર છે. આજે જિયોનો IPO સામાન્ય રોકાણકારો માટે ખુલ્યો છે. તેની પ્રાઈસ બેન્ડથી લઈને લોટ સાઈઝ સુધીની તમામ વિગતો સામે આવી ચૂકી છે અને ખુલતાની સાથે જ ગ્રે માર્કેટમાં ધૂમ મચાવીને જબરદસ્ત કમાણીનો સંકેત આપી રહ્યો છે. કર્મચારીઓ અને શેરહોલ્ડર્સ માટે 3,000 કરોડના શેર રિઝર્વ કર્મચારીઓ માટે: કર્મચારીઓ માટે 500 કરોડ સુધીના શેર રિઝર્વ રાખવામાં આવ્યા છે. કર્મચારી ડિસ્કાઉન્ટ: કર્મચારીઓને દરેક શેર પર 54ની છૂટ પણ મળશે. RIL શેરધારકો: પાત્ર શેરધારકો માટે 2,500 કરોડ સુધીનો ક્વોટા




છે. રિટેલ રોકાણકારો ઓછામાં ઓછા 12 શેર ખરીદી શકે છે રિટેલ રોકાણકારો ઓછામાં ઓછા એક લોટ એટલે કે 12 શેર માટે અરજી કરી શકે છે. ઈશ્યૂના અપર પ્રાઈસ બેન્ડ 1,119 મુજબ 1 લોટ માટે 13,428નું રોકાણ કરવું પડશે. મહત્તમ 14 લોટ એટલે કે 168 શેર માટે અરજી કરી શકાય છે. તેના માટે 1.87 લાખનું રોકાણ કરવું પડશે IPOમાં રોકાણ કરવા પર 22.5% રિટર્ન મળી શકે છે લિસ્ટિંગ પહેલાં કંપનીનો શેર ગ્રે માર્કેટમાં 22.52% એટલે કે 252 પ્રતિ શેરના પ્રીમિયમ પર પહોંચી ગયો છે. ગ્રે માર્કેટ પ્રીમિયમ એટલે કે GMP મુજબ જોવામાં આવે તો અપર પ્રાઈસ બેન્ડ 1,119ના આધારે તેનું લિસ્ટિંગ (1119+252=1371) 1371 પર થઈ શકે છે. ઈશ્યૂમાં કોના માટે કેટલો હિસ્સો રિઝર્વ ક્વૉલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (QIB): 50% હિસ્સો રિઝર્વ નૉન-ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સ (NII): 15% હિસ્સો રિઝર્વ રિટેલ રોકાણકારો: 35% હિસ્સો રિઝર્વ.

# સેન્સેક્સ 143 પોઈન્ટ ઘટીને 73,710 પર બંધ

- **નિફ્ટી પણ 78 પોઈન્ટ નીચે આવ્યો, ઓટો અને મેટલ શેરોમાં વધુ વેચવાલી રહી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 21 ઓક્ટોબરે ઘટાડો રહ્યો. સેન્સેક્સ 143 પોઈન્ટ ઘટીને 73,710 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 78 પોઈન્ટનો ઘટાડો રહ્યો અને તે 22,811 પર બંધ થયો. ઓટો, મેટલ અને રિયલ્ટી શેરોમાં વધુ વેચવાલી રહી.

જિયોનો IPO આજથી ખુલ્યો જિયોનો દેશનો સૌથી મોટો IPO આજથી ખુલ્યો છે. તેમાં 23 ઓક્ટોબર સુધી બોલી લગાવી શકાશે. કંપની તેના દ્વારા 30,188 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. તેમાં ઓછામાં ઓછું 13,428નું રોકાણ કરવું પડશે. આ પહેલાં 19 ઓક્ટોબરે શેરબજારમાં ઘટાડો રહ્યો



હતો. સેન્સેક્સ 876 પોઈન્ટના ઘટાડા સાથે 73,853 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 257 પોઈન્ટ ઘટીને 22,889 પર આવી ગયો હતો. 20 ઑક્ટોબરે દશેરાના કારણે બજાર બંધ હતું.

### AMCના સ્માર્ટ પ્રોજેક્ટમાં કરોડોના ભ્રષ્ટાચારની ગંધ!

# સ્ટ્રીટ પોલ બદલવાના 'બહાને' પ્રજાના પરસેવાની કમાણી પર લૂંટનો ખેલ

## 'વન સ્વિચ બ્લેકઆઉટ'ના નામે કરોડો રૂપિયાનો ધુમાડો કરવાના ષડ્યંત્ર સામે જનતામાં ભભૂકતો રોષ! ચાલુ હાલતના લાખો પોલ હોવા છતાં નવા નાખવાની ઘેલછા કે માત્ર કમિશન ખાવાની ગંદી રાજનીતિ?



અમદાવાદ

મેગા સિટી અમદાવાદમાં પ્રજાના પરસેવાની કમાણીના ટેક્સના નાણાંનો કઈ રીતે સરકારી બાબુઓ અને શાસકો દ્વારા 'સ્માર્ટ' આડંબર ઉભો કરીને ધુમાડો કરવામાં આવે છે, તેનો એક અત્યંત ચોંકાવનારો અને સણસણતો કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદ શહેરમાં નવા 'સ્ટ્રીટ પોલ' (Street Pole) લગાવવા અને આધુનિક 'વન સ્વિચ બ્લેકઆઉટ' (1 Switch Blackout) સિસ્ટમ અમલમાં મૂકવાના બહાના હેઠળ કરોડો રૂપિયાના સુવ્યવસ્થિત ભ્રષ્ટાચાર અને કૌભાંડનો આયોજનબદ્ધ પ્રયાસ થઈ રહ્યો હોવાના ગંભીર આક્ષેપો સાથે ભારે હોબાળો મચી ગયો છે.

### 'સ્માર્ટ પ્રોજેક્ટ' ના નામે પ્રજાના ખિસ્સા પર મોટો ડાકુ?

શહેરમાં હયાત અને બિલકુલ ચાલુ હાલતમાં રહેલા સ્ટ્રીટ લાઈટના મજબૂત પોલ હોવા છતાં, માત્ર ટેન્ડરિયા રાજકારણ અને કમિશનખોરી ચલાવવા માટે નવા પોલ ઊભા કરવાના તુગલકી નિર્ણયો લેવાઈ રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

બીજી તરફ, સમગ્ર શહેરની લાઈટોને એક જ કંટ્રોલરૂમ કે સ્વિચથી બંધ-ચાલુ કરવાની 'વન સ્વિચ બ્લેકઆઉટ' ટેકનોલોજી લાવવાના નામે કરોડો રૂપિયાના માતબર બજેટ ફાળવવામાં આવી રહ્યા છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે માત્ર કાગળ પર આધુનિકીકરણના ચિત્રો દોરીને પ્રજાના ટેક્સના કરોડો રૂપિયા સીધા જ માનીતી એજન્સીઓ અને મળતિયા કોન્ટ્રાક્ટરોના ખિસ્સામાં સરકાવી દેવાનો સુવ્યવસ્થિત ખેલ રચવામાં આવ્યો છે.

### ચાલુ પોલ બદલવાની ઘેલછા કે કમિશનનો અસલી ખેલ?

સ્થાનિકો, એન્જિનિયરો અને જાગૃત નાગરિકો અત્યારે તંત્ર સામે સીધા સવાલો ઉઠાવી રહ્યા છે:

૧. જે વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો અને પોલ સંપૂર્ણપણે યોગ્ય અને સારી હાલતમાં કામ કરી રહી છે, ત્યાં ફરીથી નવા સ્ટ્રીટ પોલ નાખવાની પાછળનો વાસ્તવિક હેતુ અને જરૂરિયાત શી છે?

૨. 'વન સ્વિચ બ્લેકઆઉટ' સિસ્ટમ માટે જે કરોડો રૂપિયાના ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા છે તેમાં ટેકનિકલ ગુણવત્તા, ગ્રાઉન્ડ રિયાલિટી અને ખર્ચના ગણિત અંગે પારદર્શિતાનો સદંતર અભાવ કેમ છે?

૩. શું અમદાવાદની જનતા પાસેથી પરસેવો પડાવીને ઉઘરાવવામાં આવતા પ્રોપર્ટી ટેક્સ અને લાઈટ ટેક્સના પૈસા આ રીતે આંધળા ખર્ચ કરીને બરબાદ કરવા માટે જ છે?

### વિપક્ષ અને જનતામાં ભભૂક્યો વિરોધનો સૂર: જો આ કૌભાં નહીં અટકે તો થશે ઉગ્ર આંદોલન!

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) માં ચાલી રહેલા આ કથિત ભ્રષ્ટાચારના પ્રયાસ સામે વિપક્ષી નેતાઓ, સામાજિક આગેવાનો અને પ્રજાજનોમાં ભારે રોષ અને આક્રોશ વ્યાપ્યો છે. શાસક પક્ષ અને તંત્ર દ્વારા આ મોટો નાણાકીય ખેલ પ્રજાના માથે મારવામાં આવે તે પહેલાં જ સમગ્ર પ્રોજેક્ટના ટેન્ડરો, ખર્ચ અને સમગ્ર પ્રક્રિયાની ઉચ્ચ સ્તરીય અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી છે. જો સમયસર આ અંધાધૂંધ ઉડાઉ ખર્ચ અને કૌભાંડી યોજના પર રોક નહીં લગાવાય, તો શાસકો અને બાબુઓની આ કાળી જુગલબંધી સામે જનતા રસ્તા પર ઊતરીને ઉગ્ર આંદોલન કરવા મજબૂર બનશે!

## નકલી પત્રકાર બનીને ધાકધમકી આપી ખંડણી વસૂલતી ગેરેંટેડ 'બ્લેકમેલર' જોડી જેલ હવાલે ચઢી

### દાણીલીમડા પોલીસે ગણતરીના કલાકોમાં બે ઠગબાજ પત્રકારોને દબોચી લીધા!

અમદાવાદ

સામાજિક ક્ષેત્ર અને પત્રકારત્વ જેવા પવિત્ર વ્યવસાયને કલંકિત કરતા કેટલાક નકલી અને લુચ્ચા તત્વો હવે સામાન્ય નાગરિકો અને વેપારીઓ માટે માથાનો દુખાવો બની ગયા છે. અમદાવાદ શહેરમાં નકલી પત્રકાર તરીકેની ખોટી ઓળખ આપીને નિર્દોષ નાગરિકો સામે ખોટા સમાચારો પ્રસિદ્ધ કરવાની ધમકીઓ આપી, બ્લેકમેલ કરીને ઓનલાઈન નાણાં પડાવતા બે કુખ્યાત ઠગબાજોને દાણીલીમડા પોલીસે બાતમીના આધારે ગણતરીના કલાકોમાં જ સકંજામાં લઈ લીધા છે.





પોલીસની આ આક્રમક કાર્યવાહીથી સમગ્ર પંથકના નકલી મીડિયાકર્મીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. અમદાવાદ શહેરના પોલીસ કમિશનર, સંયુક્ત પોલીસ કમિશનર સેક્ટર-૨, નાયબ પોલીસ કમિશનર ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશનર 'કે' ડિવીઝન દ્વારા શહેરમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને ગુનેગારો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાના સ્પષ્ટ આદેશો આપવામાં આવ્યા છે. આ સૂચનાઓ અને માર્ગદર્શન હેઠળ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૩૦૮(૨), ૩૧૯(૨), ૩૫૧(૨), ૫૪ મુજબ ગુનો (ગૂ.ર.નં. ૧૧૧૯૧૦૧૨૨૬૦૬૧૧/૨૦૨૬) નોંધવામાં આવ્યો હતો. ફરિયાદી વકાર યુનુસભાઈ અયુબભાઈ શેખ (ઉ.વ. ૩૨, રહે. જૂની રસુલ કડીયાની ચાલી, બહેરામપુરા પોલીસ ચોકીની પાછળ, બહેરામપુરા, અમદાવાદ શહેર) દ્વારા પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, કેટલાક ઈસમો દ્વારા પોતાની જાતને પત્રકાર તરીકે ઓળખ આપીને તેમનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

## ચોમાસામાં પૂર અને જળબંબાકારની સ્થિતિને ડામવા AMC નો માસ્ટર પ્લાન

### મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ રાણીપ-સાબરમતી વિસ્તારમાં 'ચંદ્રભાગા નાળા' ફેઝ-2 અને ફેઝ-3 ના કામોનું સ્થળ પર પહોંચી કર્યું સરપ્રાઇઝ ઇન્સ્પેક્શન!

અમદાવાદ

અમદાવાદ શહેરના પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ વિસ્તારોમાં ચોમાસા દરમિયાન ભરાતા વરસાદી પાણીના કાયમી અને આત્યંતિક નિકાલ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરના રાણીપ, સાબરમતી અને આસપાસના નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણીના અસરકારક નિકાલ તેમજ ડ્રેનેજ નેટવર્કને વધુ સુદૃઢ બનાવવાના હેતુથી આજે મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની એ ખુદ ગ્રાઉન્ડ ઝીરો પર પહોંચીને ચાલી રહેલી કામગીરીનું કડક નિરીક્ષણ કર્યું હતું.

ચોમાસા દરમિયાન સાબરમતી અને રાણીપ વિસ્તારના હજારો રહીશોને જળબંબાકારની હાલાકીમાંથી મુક્તિ અપાવવા માટે અત્યંત મહત્વકાંક્ષી એવા 'ચંદ્રભાગા નાળા' ના ફેઝ-૨ (Phase-2) અને ફેઝ-૩ (Phase-3) ના ડેવલપમેન્ટ તથા સ્ટ્રોમ વોટર ડ્રેનેજ પ્રોજેક્ટની કામગીરી પૂર્ણ ઝડપે ચાલી રહી છે.

મ્યુનિસિપલ કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ઉચ્ચ એન્જિનિયરો અને ટેકનિકલ ટીમ સાથે સ્થળ પર પહોંચીને લાઈવ કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે કામની પ્રગતિ, પાઈપલાઈન નેટવર્ક અને વોટર ડિસ્ચાર્જ ક્ષમતાની વિગતવાર માહિતી મેળવી હતી.

ઈન્સ્પેક્શન દરમિયાન મ્યુનિસિપલ કમિશનરે સંબંધિત વિભાગીય અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને સ્પષ્ટ શબ્દોમાં સૂચના આપતા જણાવ્યું હતું કે: વરસાદી સીઝન કે નિર્ધારિત સમયમર્યાદા (Deadlines) ની અંદર જ તમામ કામગીરી પૂર્ણ કરવામાં આવે.

ડ્રેનેજ અને નાળા નિર્માણમાં વપરાતી સામગ્રી તથા ટેકનિકલ કામગીરીમાં ગુણવત્તા (Quality) સાથે સહેજ પણ બાંધછોડ ચલાવી લેવાશે નહીં. રાણીપ અને સાબરમતી વિસ્તારના નાગરિકોને આ વખતે વરસાદી પાણી ભરાવાની સમસ્યામાંથી કાયમી ધોરણે રાહત મળવી જોઈએ.

## અમદાવાદ પોલીસ કમિશનર કચેરી ખાતે 'પોલીસ શહીદ સ્મૃતિ દિવસ'ની ભાવપૂર્ણ ઉજવણી કરાઇ

### CM ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યના પોલીસ વડા જી. એસ. મલિકે દેશ માટે પ્રાણ ન્યોછાવર કરનાર વીર જવાનોને આપાં શ્રદ્ધાસુમન!

અમદાવાદ

દેશની આંતરિક સુરક્ષા, કાયદો-વ્યવસ્થા અને નાગરિકોની રક્ષા કાજે પોતાના પ્રાણની આહુતિ આપનારા અમર શહીદ વીર પોલીસ જવાનોની સ્મૃતિમાં આજે અમદાવાદ સ્થિત પોલીસ કમિશનર કચેરી ખાતે 'પોલીસ શહીદ સ્મૃતિ દિવસ' (Police Commemoration Day) ની અત્યંત ગંભીર અને ભાવસભર વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી.

આ ગૌરવપૂર્ણ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે રાજ્યના ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, રાજ્યના પોલીસ વડા (DGP) જી. એસ. મલિક, અમદાવાદ શહેર પોલીસ કમિશનર તેમજ અન્ય વરિષ્ઠ આઈપીએસ (IPS) અધિકારીઓ અને શહીદ જવાનોના પરિવારજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યના પોલીસ વડા જી. એસ. મલિકે શહીદ સ્મારક પર પુષ્પચક્ર અર્પણ કરીને દેશ કાજે વીરગતિ પામેલા શૂરવીર જવાનોને નમન કર્યા હતા. આ પ્રસંગે સશસ્ત્ર પોલીસ ટુકડી દ્વારા શોક સલામી આપવામાં આવી હતી અને બે મિનિટનું મૌન પાળીને અમર શહીદોની શૌર્યગાથાને યાદ કરવામાં આવી હતી.

શ્રદ્ધાંજલિ સભાને સંબોધતા અને શહીદોના યોગદાનને બિરદાવતા વક્તાઓએ જણાવ્યું હતું કે, પોલીસ જવાનો રાત-દિવસ જોયા વગર નાગરિકોની સુરક્ષા માટે પોતાના સુખ-ચેન અને પરિવારનો ત્યાગ કરીને ફરજ બજાવે છે. કટોકટી કે ગુનાખોરી સામેની લડાઈમાં જે જવાનોએ પોતાના જીવનનું સર્વોચ્ચ બલિદાન આપ્યું છે, તેમનું આ ઋણ દેશ અને ગુજરાત રાજ્ય ક્યારેય નહીં ભૂલે.

### સેટેલાઇટના વેપારી સાથે શેરબજારના નામે ઠગાઇ: ગઠિયાઓએ પહેલાં 5 હજારની સામે 1 હજાર નફો આપ્યો

અમદાવાદ

અમદાવાદ શહેરના સેટેલાઈટ વાસુપૂજ્ય બંગલોઝમાં રહેતા પલક શાહે ઈન્સ્ટાગ્રામ ઉપર ઈન્વેસ્ટમેન્ટ કંપનીની રિલ જોઈ હતી અને તેના ઉપર ક્લિક કરતા એક એપ્લિકેશન ઓપન થઈ હતી. ત્યારબાદ તેમને એક વોટ્સએપ ગ્રૂપમાં એડ કરીને શેરબજારમાં રોકાણ કરી વધારે નફાની ટિપ્સ અપાતી હતી.

જ્યારે અન્ય મેમ્બરો તગડો નફો મળ્યો હોવાના સ્ક્રીન શોર્ટ ગ્રૂપમાં શેર કરતા હતા જેથી લાલચમાં આવીને પલક શાહે રૂ.5 હજારનું રોકાણ કર્યું હતું. જેની સામે તેમને રૂ.1 હજાર નફો મળ્યો હતો. એ પછી ટુકડે ટુકડે રૂ.57.30 લાખનું રોકાણ કર્યું હતું.

જેની સામે એપમાં તેમને પ્રોફિટ સાથે રૂ.1.04 કરોડ બેલેન્સ દેખાતું હતું. તેમણે પૈસા વિડ્રો કરવા પ્રયાસ કરતા જુદા જુદા ટેક્સ અને ફી પેટે ગઠિયાઓએ 30 ટકા રકમ ભરવા કહ્યું હતું. જેથી શંકા જતા તેમણે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.

**નારોલમાં માસૂમના બલિદાન બાદ ઊંઘમાંથી જાગશે તંત્ર?**

## રાજ્યમાં 24 હજારથી વધુ લિફ્ટ લાઈસન્સ વિના રામભરોસે!

અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા નારોલ ખાતે તાજેતરમાં લિફ્ટની યાંત્રિક ખામી સર્જાતાં માસૂમ બાળક ફસાઈ જવાથી થયેલા કમકમાટીભર્યા મોતે સમગ્ર ગુજરાતને હચમચાવી મૂક્યું છે. શાળાએથી પાછા ફરતા બાળકનું લિફ્ટમાં કરુણ મોત થતાં જ નાગરિકોમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. આ ઘાતક હોનારત બાદ 'ગુજરાત લિફ્ટ એન્ડ ઈલેક્ટ્રિકલ વિભાગ' અને વહીવટી તંત્રની ઘોર બેદરકારી તથા કાનૂની આંધળાપોટા સામે અનેક ગંભીર અને સળગતા સવાલો ખડા થયા છે.

તપાસ અને સરકારી દફતરેથી બહાર આવેલી ચોંકાવનારી વિગતો મુજબ, તંત્રના અણઘડ વહીવટ અને પૂરતા સ્ટાફના ભારે અભાવને કારણે લાઈસન્સ રિન્યૂઅલ (License Renewal) ની કામગીરી અત્યંત ગોકળગાયની ગતિએ ચાલી રહી છે.

હાલ આખા ગુજરાત રાજ્યમાં ૨૪,૦૦૦ થી વધુ લિફ્ટના લાઈસન્સ રિન્યૂ જ થયા નથી! એટલે કે દરરોજ લાખો લોકો કાયદાકીય રીતે અનચેક્ડ અને જોખમી લિફ્ટમાં જીવના જોખમે અવરજવર કરવા મજબૂર બન્યા છે.

મેગા સિટી અમદાવાદ પોતે બની ગયું છે 'ડેન્જર ઝોન': સાત હજાર લિફ્ટનું રિન્યૂઅલ બાકી: એકલા અમદાવાદ શહેરમાં જ ૭,૦૦૦ થી વધુ લિફ્ટના લાઈસન્સ રિન્યૂઅલ પેન્ડિંગ પડ્યા છે.

૫૦૦૦ થી વધુ લિફ્ટની એક્સપાયરી ડેટ પૂરી: શહેરની બહુમાળી બિલ્ડિંગો અને ફ્લેટોમાં ૫,૦૦૦ થી વધુ લિફ્ટો પોતાની માન્ય વયમર્યાદા (આયુષ્ય) પૂર્ણ કરી ચૂકી છે, જે ગમે ત્યારે મોટી હોનારત સર્જી શકે છે.

૩૨૦૦ લિફ્ટ સંપૂર્ણપણે બિનઅધિકૃત: અમદાવાદમાં ૩,૨૦૦ જેટલી લિફ્ટ તો કોઈપણ જાતના લાઈસન્સ કે સરકારી પરવાનગી વગર જ સરેઆમ ધમધમી રહી છે!

એક તરફ લિફ્ટ એન્ડ ઈલેક્ટ્રિકલ વિભાગ પાસે તપાસ અને ઈન્સ્પેક્શન કરવા માટે પૂરતા ઈન્સ્પેક્ટરો કે ટેકનિકલ સ્ટાફ નથી, અને બીજી તરફ અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં દર વર્ષે ૭,૦૦૦ થી ૮,૦૦૦ નવી લિફ્ટો ઉમેરાઈ રહી છે.

## સંક્ષીપ્ત સમાચાર

### કારંજ વિસ્તારમાંથી લાંબા સમયથી ફરાર કુખ્યાત મહિલા ડ્રગ્સ પેડલર પોલીસના સકંજામાં!

ગુજરાતને ડ્રગ્સ મુક્ત બનાવવા માટે સુરક્ષા એજન્સીઓ અને પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલી વિશેષ ઝુંબેશ અંતર્ગત અમદાવાદ શહેરમાંથી એક અત્યંત મહત્વના સમાચાર સામે આવ્યા છે. શહેરના સંવેદનશીલ અને ગીચ ગણાતા કારંજ વિસ્તારમાંથી લાંબા સમયથી પોલીસ આંખમાં ધૂળ નાખીને નાસતી ફરતી અને ભૂગર્ભમાં ઉતરી ગયેલી એક કુખ્યાત મહિલા ડ્રગ્સ પેડલર આખરે પોલીસના સકંજામાં આવી ગઈ છે. ડ્રગ્સના નેટવર્ક સાથે સંકળાયેલી આ મહિલાની ધરપકડથી ગુનાહિત જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અમદાવાદ શહેરના કારંજ વિસ્તારમાં ડ્રગ્સ અને ગેરકાયદે નશીલા પદાર્થોનું વેચાણ ચાલતું હોવાની તેમજ તેમાં એક મહિલા મુખ્ય સૂત્રધાર કે પેડલર તરીકે સક્રિય હોવાની બાતમી સુરક્ષા એજન્સીઓને મળી હતી. આ બાતમીના આધારે પોલીસે જાળ બિછાવીને લાંબા સમયથી વોન્ટેડ બનેલી આ મહિલા આરોપીને દબોચી લીધી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ મહિલા અગાઉ પણ ડ્રગ્સ હેરાફેરી અને તેના વેચાણના કારોબાર સાથે સીધી રીતે સંકળાયેલી હતી.

### વેપારી સાથે ફાર્મા કંપનીના નામે ₹47 લાખની છેતરપિંડી, ઠગ માતા-પુત્ર સામે ફરિયાદ

અમદાવાદમાં માતા-પુત્રએ ગ્રાફિક્સ વેપારી સાથે 47.37 લાખની છેતરપિંડી આચરી છે. નવરંગપુરાના રોનક અને જાગૃતિ ભાવસારે, સોલા રોડના હિરેન ગાંધીને અસ્તિત્વ વિહોણી ફાર્મા કંપનીઓના બોગસ ઓર્ડર આપી, રો-મટિરિયલ્સના બહાને 35.34 લાખ પડાવ્યા. ઉપરાંત, 12.02 લાખનું પ્રિન્ટિંગ કામ કરાવી ચૂકવ્યું ન હતું. ક્રાઈમબ્રાંચે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નવરંગપુરા સ્ટેડિયમ રોડ સ્થિત આભૂષણ કોમ્પ્લેક્સમાં ઓફિસ ધરાવતા માતા-પુત્રએ સોલા રોડના ગ્રાફિક્સ વેપારીને અસ્તિત્વમાં જ ન હોય તેવી બે ફાર્મા કંપનીઓના બોગસ પર્ચેસ ઓર્ડર મોકલી કુલ રૂ.47.37 લાખની છેતરપિંડી આચરી હતી. આરોપીઓએ સંયુક્ત રીતે રો-મટિરિયલ્સ ખરીદવાના બહાને વેપારી પાસેથી બેંક અને રોકડ મારફતે રૂ. 35.34 લાખ મેળવી લીધા હતા અને પોતાની પેઢીનું કરાવેલું રૂ.12.02 લાખનું પ્રિન્ટિંગ કામ પણ ચૂકવ્યું ન હતુ. આ મામલે વેપારીએ ક્રાઈમબ્રાંચના આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવતા પોલીસે માતા-પુત્ર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. સોલા રોડ સ્થિત ઉત્સવ એલિગન્સ ખાતે રહેતા 51 વર્ષીય હિરેન કુમાર ચીનુભાઈ ગાંધી તેમની પત્ની શીતલબહેનના નામે 'શાર્પ ડિઝાઈન' નામની ફર્મ ચલાવી ગ્રાફિક્સ ડિઝાઈનિંગ અને પ્રિન્ટિંગનો વ્યવસાય કરે છે.

### ગરબા રમી ઘરે જતી યુવતી સાથે છેડતી, મિત્રતાની ના પાડતા અડપલા બાદ બિભત્સ માંગણી કરનારા સામે ફરિયાદ

અમ દાવાદના ખાનપુર વિસ્તારમાં નોમના દિવસે ગરબા રમી પરત ફરતી યુવતીને નિમેષ નામના શખસે આંતરી હતી. યુવતીએ મિત્રતાનો ઈનકાર કરતા, નિમેષે બળજબરીથી અડપલાં કરી શારીરિક સંબંધની માંગણી કરી. યુવતીએ બૂમાબૂમ કરતા આરોપી નાસી ગયો. પરિવારે શાહપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ખાનપુર વિસ્તારમાં નોમના દિવસે આખી રાત ગરબા રમીને વહેલી સવારે 6 વાગ્યે ઘરે પરત ફરી રહેલી યુવતીને રસ્તામાં રોકી એક શખસે શારીરિક અડપલાં કરી જાતીય સતામણી કરી હતી. યુવતીએ મિત્રતા રાખવાની સ્પષ્ટ ના પાડતા ઉશ્કેરાયેલા નિમેષ નામના શખસે બળજબરીપૂર્વક તેને પકડી મોઢા પર કિસ કરી લીધી હતી અને શારીરિક સંબંધ બાંધવાની બિભત્સ માંગણી કરી હતી. સમગ્ર બનાવ અંગે ભોગ બનનાર યુવતીએ પરિવારને જાણ કરીને શાહપુર પોલીસ સ્ટેશન પહોંચી ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી છે. ખાનપુર વિસ્તારમાં પરિવાર સાથે રહેતી અને સ્થાનિક સ્તરે નોકરી કરતી યુવતી ઘર નજીક આયોજિત શેરી ગરબામાં ગઈ હતી.

### સોલા-નારણપુરા રોડ પર નશામાં ધૂત કારચાલકનો આતંક, સ્થાનિકોએ પકડી પોલીસને સોંપ્યો

અમદા વા દ ના સોલા-નારણપુરા રોડ પર દારૂના નશા માં ઝીગઝેગ કાર હંકારતા યતીન પટેલ નામના ચાલકને સ્થાનિકોએ પકડી પાડ્યો હતો. જૈન પાર્શ્વનાથ મંદિર પાસે રાત્રે 10 વાગ્યે લક્ઝુરિયસ કારમાંથી વિદેશી દારૂની 2 બોટલ મળી આવી હતી. ઘાટલોડિયા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. શહેરના સોલા-નારણપુરા રોડ પર દારૂના નશા માં કાર હંકારતા ચાલકને સ્થાનિક લોકોએ ઝડપી પોલીસને સોંપ્યો હતો. જૈન પાર્શ્વનાથ મંદિર નજીક ગત રાત્રે અંદાજે 10 વાગ્યે લક્ઝુરિયસ કારનો ચાલક જોખમી રીતે ઝિ ગઝેગ ડ્રાઈવિંગ કરી રહ્યો હતો. શંકા જતાં સ્થાનિકોએ કારને અટકાવી ચાલકને બહાર કાઢ્યો હતો. તપાસ દરમિયાન કારમાંથી વિદેશી દારૂની બે બોટલ મળી આવી હતી. ઘાટલોડિયા પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી વિગતો પ્રમાણે, સોલા-નારણપુરા રોડ પર જૈન પાર્શ્વનાથ મંદિર નજીક એક લક્ઝુરિયસ કારનો ચાલક બેદરકારીપૂર્વક ઝિગઝેગ રીતે કાર હંકારી રહ્યો હતો.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI